# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

મુખર્જી પરિવારની દુર્ગા પૂજા તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં કાજોલ....

પેજ-09

એક વર્ષમાં સૌથી વધુ ચોગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 37.00 | 24.00 |
| સુરત | 37.00 | 24.00 |

પેજ 5



6G માટે રિલાયન્સ જિયોનો મેગા પ્લાન, 3.60 લાખ ટાવર્સથી કનેક્ટિવિટીનું....

19 OCTOBER-2026 MONDAY

મુસ્લિમ નેતાની વિનાશની ભવિષ્યવાણી બાદથી ફ્રાન્સ-ઈટાલીમાં...



પેજ 10

**.....સુવિચાર.....**

હાર્યા પછી પણ જો તમે સ્મિત કરો તો સામેની વ્યક્તિની જીતનો જશ્ન ફિક્કો પડી જાય છે.

વર્ષ-15 । અંક-335 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# જનરક્ષક પાયલોટોને સપ્ટેમ્બર મહિનાનો પગાર અપૂરતો અને અનિયમિત મળ્યો છે, ૪૦-૪૦ શિફ્ટ કરનારાઓને પણ પૂરો પગાર નથી મળ્યો : ડૉ.કરન બારોટ

અમદાવાદ| આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, ઈમરજન્સી સેવા ૧૧૨ ના પ્રમોશન માટે સરકાર જેટલો ખર્ચ કરે છે, તેના કરતાં એ રૂપિયા જો ૧૧૨ ના જનરક્ષક પાયલોટોને આપવામાં આવે તો તેમના પરિવારનું ભવિષ્ય ઉજ્જવળ થઈ જાય. વારંવાર સરકાર સમક્ષ ૧૧૨ ના જનરક્ષક પાયલોટોનો મુદ્દો હું ઉઠાવતો આવ્યો છું અને ઉઠાવતો રહીશ. આજે હું ફરીથી ૧૧૨ ના પાયલોટોને લઈને સરકાર સમક્ષ રજૂ કરેલા મુદ્દાઓમાં વધુ એક ઉમેરો કરવા આવ્યો છું. સપ્ટેમ્બર મહિનામાં ૧૧૨ ના જનરક્ષક પાયલોટોને જે પગાર આપવામાં આવ્યો છે, તે અપૂરતો અને અનિયમિત છે. અમુક પાયલોટોને પગાર મળ્યો નથી, અમુકને ઓછો મળ્યો છે, તો અમુક પાયલોટોએ ૪૦-૪૦ શિફ્ટ કરી હોવા છતાં તે મુજબ વળતર મળ્યું નથી. પાયલોટો આ તમામ પરિસ્થિતિથી હેરાન-પરેશાન થઈ રહ્યા છે. તેઓએ અમને તેમજ કંપનીમાં પણ વારંવાર



રજૂઆતો કરી, પરંતુ સોલ્યુશન આવી રહ્યું નથી. આ પહેલાં પણ મેં રજૂઆત કરી હતી કે જૂન મહિનાનો પગાર પાયલોટોને જાણ કર્યા વિના વધારે આપી દેવાયો હતો અને ત્યારબાદ જુલાઈ મહિનાના પગારમાંથી કોઈ પણ જાણ વગર કાપ મૂકી દેવાયો હતો. આ ઉપરાંત, પાયલોટોની બદલી કરવામાં આવે ત્યારે ટ્રાન્સફર ઓર્ડર વચ્ચેના સમયગાળામાં તેમને બેરોજગાર રહેવું પડે છે. પાયલોટો જ્યાં રહેતા હોય ત્યાંથી ૧૦૦-૧૦૦ કિલોમીટર દૂર માત્ર ૧૪ થી ૧૫ હજારના પગારમાં નોકરી આપવામાં આવે છે. મારે સરકારને પૂછવું છે કે આટલા ઓછા પગારમાં ઘરથી ૧૦૦ કિમી દૂર રહીને રહેવું, ખાવું અને પરિવારનો મહિનો કેવી રીતે કાઢવો? ડો.કરન બારોટે વધુમાં ઉમેર્યું હતું કે, જે પાયલોટોએ ફરિયાદો કરી હતી, તેમને 'ઓફ ડ્યુટી' કરી દેવામાં આવ્યા હતા. ઓફ ડ્યુટી કર્યા બાદ કંપનીમાં બોલાવી કે ફોન કરીને 'કાલે ચાલુ કરીશું, પરમ દિવસે કરીશું' તેમ કહીને ૩-૩ મહિના સુધી ઓફ ડ્યુટી રખાયા અને ત્યારબાદ અમુક પાયલોટોને ટર્મિનેટ (છૂટા) કરી દેવામાં આવ્યા. આજે પણ એવા પાયલોટો છે જેમને ઓફ ડ્યુટી કરીને પાછા નોકરી પર લેવાયા નથી. જો સરકાર ઈચ્છતી હોય તો મારે વિનંતી કરવી છે કે આ જનરક્ષક પાયલોટો ગુજરાતની જનતાની સુરક્ષા અને રક્ષણ કરવાનું કામ કરે છે. જો તેઓ માનસિક રીતે ફિટ અને સ્ટેબલ નહીં હોય, પોતાના પગાર કે પરિવારના ભરણપોષણને લઈને દુઃખી હશે, તો તેઓ કાયદો અને વ્યવસ્થા કેવી રીતે જાળવશે? કંપની સામે વારંવાર ફરિયાદો આવી રહી છે. જો આ કંપની યુવાનોને સાચવી શકાતી ન હોય, તો સરકારે આ તમામ વ્યવસ્થા પોતાના હસ્તક લઈ લેવી જોઈએ. સરકારે તાત્કાલિક ધોરણે ૧૧૨ ના જનરક્ષક પાયલોટો સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ સમજવી જોઈએ, કારણ કે તેઓ ખરેખર પરેશાન છે. અમુક પાયલોટો પાસે વધારાનું કામ કરાવવામાં આવે છે, અમુકને ગાડીઓ મળતી નથી, તો અમુકને નોકરી પર લેવામાં આવતા નથી. ૧૧૨ ના જનરક્ષક પાયલોટોનો મુદ્દો દિવસેને દિવસે ગંભીર બની રહ્યો છે અને કામ કરતા યુવાનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી

18-19 ઓક્ટોબરે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી છે. 17 ઓક્ટોબરે દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં ભારે પવન સાથે તોફાની વરસાદનો વીડિયો વાઈરલ થયો છે. આજે રાજકોટ, જૂનાગઢ, અમરેલી સહિત 7 જિલ્લામાં, જ્યારે આવતીકાલે અમરેલી, ભાવનગર સહિત 4 જિલ્લામાં માવઠાની શક્યતા છે.

અમદાવાદ| સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવા કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરતાં ખેલૈયાઓની ચિંતા વધી છે. આજે(18 ઓક્ટોબર) રાજ્યના 7 જિલ્લામાં અને 19 ઓક્ટોબરના રોજ સૌરાષ્ટ્ર સહિતના 4 જિલ્લામાં માવઠુ પડવાની શક્યતા છે. ગત 17 ઓક્ટોબરની સાંજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ગ્રામ્ય પંથકમાં ભારે પવન સાથે તોફાની કમોસમી વરસાદનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. હવામાન વિભાગ અનુસાર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, નર્મદા, છોટા ઉદેપુર, દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા કમોસમી વરસાદની આગાહી છે. આવતીકાલે સોમવારે(19 ઓક્ટોબર) એટલે કે નવમા નોરતે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લામાં ધીમીધારે માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સાંજના સમયે વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ ધમધોકાર તોફાની વરસાદ ત્રાટક્યો હતો. જેમાં ભાણવડના ગુંદા, સાજડિયારી, સણખલા, કાટકોલા અને અડવાણા સહિતના ગામોમાં જોરદાર પવન સાથે અડધો કલાક મુશળધાર વરસાદ વરસ્યો હતો. અચાનક આવેલા વરસાદથી આસો મહિનામાં આષાઢ જેવો માહોલ સર્જાયો હતો. ગઈકાલના વરસાદનો વીડિયો વાઈરલ થયો છે. આશરે દોઢ ઈંચ સુધી વરસેલા આ વરસાદથી ઠેર ઠેર પાણી વહી નીકળ્યા હતા. અચાનક ત્રાટકેલા આ વરસાદને કારણે ખેતરોમાં ઉભા મગફળી સહિતના પાકને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. તોફાની વરસાદથી થોડો સમય દોડધામનો માહોલ સર્જાયો હતો.

## ચરાડવામાં 'આપ'નો શિક્ષિત ઉમેદવાર જીત્યો એટલે કામો ન કરવાનો દાવો કરનાર સાંસદને 'આપ' નેતા કમલેશ કોટેચાની ધારદાર પ્રતિક્રિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ કમલેશ કોટેચાએ જણાવ્યુ હતુ કે ભાજપના સાંસદ અને ધારાસભ્યો કદાચ ભૂલી ગયા છે કે હિન્દુસ્તાનમાં લોકશાહી છે અને તમામ ભારતીયોને પોતાની ઈચ્છા મુજબ મત આપવાનો અધિકાર છે. સુરેન્દ્રનગરના સાંસદે હળવદ ખાતે એક બ્રિજના ભૂમિપૂજનમાં એવી વાત કરી કે,



ચરાડવામાં તમે આમ આદમી પાર્ટીના યુવાન અને શિક્ષિત ઉમેદવારને જીતાડીને મોકલ્યો એટલે હવે ત્યાં પ્રાથમિક સુવિધા કે ડ્રેનેજ ગટરના કામો નહીં થશે. લોકશાહીમાં સાંસદ જેવા ગરિમાપૂર્ણ હોદ્દા પર બેઠેલી વ્યક્તિથી આવી વાત કોઈ પણ સંજોગોમાં ન કરાય અને તેને ચલાવી પણ ન લેવાય. એક ક્ષણ માટે આપણે માની લઈએ કે ચરાડવા તાલુકા પંચાયતમાં 'આપ'નો ઉમેદવાર જીત્યો છે એટલે ધારાસભ્ય અને સાંસદ તે તાલુકા પંચાયતની અવગણના કરે છે. પરંતુ હું સાંસદશ્રીને કહેવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લાની તમામ નગરપાલિકાઓ, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતમાં ભાજપ સત્તા પર બેઠેલી છે, આમ છતાં જિલ્લાના ખેડૂતો, ઈન્ડસ્ટ્રિયાલિસ્ટો અને યુવાનો ત્રાસી ગયા છે. સુરેન્દ્રનગરમાં ઠેર-ઠેર દારૂ, જુગાર અને ડ્રગ્સના દૂષણો ફૂલીફાલ્યા છે તેમજ મુખ્ય GIDC મૃતપાય અવસ્થામાં છે. ખેડૂતો અંગે તમે કોઈ ગંભીર કામગીરી કરતા નથી. જો તમને ખરેખર વિકાસમાં રસ હોય તો જિલ્લામાં કોટન હબ લાવી દો, પરંતુ પ્રાથમિક સુવિધાઓ કે વિકાસની વાત તમને આવડતી જ નથી એ વાત હવે તમામ મતદારો સમજી ગયા છે.'આપ' નેતા કમલેશ કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે, દુર્ભાગ્યવશ મહત્વની વિકાસની વાતો કરવાના બદલે તમે ચરાડવાના કામો ન કરવાનો મુદ્દો લઈને બેઠા છો. ચરાડવાની વાત બાજુ પર મૂકીએ તો પણ સુરેન્દ્રનગર જિલ્લાની મોટાભાગની તાલુકા-જિલ્લા પંચાયતો અને વોર્ડમાં ભાજપનો ભગવો લહેરાયેલો છે, છતાં તમામ જગ્યાએ લોકો પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. વેપારીઓ ત્રાહિમામ છે, વકીલો આંદોલન કરી રહ્યા છે અને મહિલાઓ સુરક્ષા માટે ઝંખી રહી છે. આમ છતાં તમે મૂકપ્રેક્ષક બનીને બેઠા છો અને લોકો વચ્ચે ચરાડવા જેવી ક્ષુલ્લક વાતો કરીને તમારી બુદ્ધિનું પ્રદર્શન કરી રહ્યા છો. જો તમે ભાજપ વિરોધમાં મતદાન કરવા બદલ ચરાડવાને સુવિધાઓથી વંચિત રાખતા હો, તો અમારી સાથે ચાલો, અમે તમને બતાવીએ કે ભાજપને પ્રેમ અને સમર્થન આપનારા મોટાભાગના મતદારો પણ આજે નારાજ છે અને તકલીફ ભોગવી રહ્યા છે. તમારી આ નિષ્ક્રિયતા ચલાવી લેવાય તેવી નથી. જો તમારામાં ખરેખર લાજ-શરમ જેવી કોઈ વસ્તુ હોય તો લોકસભાના સભ્ય તરીકે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ અને ચરાડવાના મતદારોનું જે ઘોર અપમાન કર્યું છે તે બદલ તેમની જાહેરમાં માફી માંગવી જોઈએ.

# જશોદાનગરમાં સટ્ટાખોર પતિના ત્રાસથી 26 વર્ષીય પરિણીતાનો આપઘાત

અમદાવાદ | અમદાવાદના જશોદાનગરમાં પતિ હાર્દિક બોડાણાના સટ્ટાની લત અને શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી ૨૬ વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. મૃતકના પિતાની ફરિયાદ આધારે વટવા GIDC પોલીસે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના જશોદાનગર વિસ્તારમાં આવેલ શિવાનંદ બંગ્લોઝમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં 26 વર્ષીય પરિણીતાએ પતિના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે. મૃતકના પિતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર પતિ હાર્દિક બોડાણા લંડનથી પરત આવ્યા બાદ તેને ઓનલાઈન સટ્ટો રમવાની ઘાતક લત લાગી હતી. સટ્ટામાં મોટી રકમો હારી ગયા બાદ તે અવારનવાર પત્ની પાસે પિયરમાંથી પૈસા લાવવા માટે દબાણ કરતો હતો અને દહેજ બાબતે મેણાં-ટોણાં મારી ત્રાસ આપતો હતો. નરાધમ પતિ પોતાની પત્ની જે કમાતી હતી તેનો આખો પગાર પણ બળજબરીથી પડાવી લેતો હતો. એટલું જ નહીં, પિયરમાંથી વધુ પૈસા ન લાવવા બદલ તે પત્ની સાથે અવારનવાર ક્રૂરતાપૂર્વક મારઝૂડ કરતો હતો અને તેને ઘરમાંથી કાઢી મૂકી રાત્રે ઘરની બહાર સૂવા મજબૂર કરતો હતો. આ સતત થઈ રહેલા અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પરિણીતાએ ૧૫ ઓક્ટોબરના રોજ પોતાના બેડરૂમમાં પંખા સાથે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## અંબાજી પોલીસે વાહન ચોરીના ગુનાઓ ઉકેલી 4 બાઈક સાથે 2 તસ્કરોની કરી ધરપકડ

અંબાજી | અંબાજી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ બાઈક સાથે રાજસ્થાનના આબુરોડના કિશન ગમાર અને વિકેશ ડાભીને ઝડપી લીધા છે. પોકેટકોપ એપની મદદથી પોલીસે રૂ.1.65 લાખની 4 ચોરીની બાઈક જપ્ત કરી દાંતા, ખેરાલુ અને રાજસ્થાનમાં થયેલી ચોરીના ગુનાઓ ઉકેલ્યા છે. અંબાજી પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન વાહન ચોરીના વણઉકેલાયેલા ગુનાઓ ઉકેલીને મોટી સફળતા મેળવી છે. પોલીસ ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે નંબરપ્લેટ વગરની શંકાસ્પદ બાઈક સાથે બે શખ્સો મળી આવ્યા હતા. પોલીસે પોકેટકોપ એપ્લિકેશન અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં સમગ્ર ચોરીનો પર્દાફાશ થયો હતો. પોલીસે સ્થળ પરથી ચોરીની 4 મોટરસાઈકલ કબ્જે કરીને કુલ રૂ. 1,65,000ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ, ચેમ્બુર તેની સિદ્ધિઓમાં ગૌરવ ઉમેરે છે



રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ ચેમ્બુરના એકેડેમિક ડિરેક્ટર શ્રીમતી સેમ્યુઅલ, પ્રિન્સિપાલ શ્રીમતી દીપાલી ગોરેગાંવકર અને વિભાગના વડા શ્રીમતી સુઝી પ્રતિષ્ઠિત પુરસ્કારો સાથે

મુંબઈ | રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ અને રાયન ગ્લોબલ સ્કૂલ, ચેમ્બુર, એ બે પ્રતિષ્ઠિત સન્માનો સાથે તેમની સિદ્ધિઓની યાદીમાં વધુ બે ગૌરવપૂર્ણ પ્રકરણો ઉમેર્યા છે.આ માહિતી જાહેર કરતા, રાયન ઈન્ટરનેશનલ સ્કૂલના વરિષ્ઠ શિક્ષિકા અને મુંબઈ સ્થિત પ્રખ્યાત સાહિત્યકાર શ્રીમતી પ્રમિલા શર્માએ માહિતી આપી કે તેમની શાળાને જીવન-કૌશલ્ય કાર્યક્રમો અને સૌથી અસરકારક શિક્ષણ પદ્ધતિઓના ઉત્તમ અમલીકરણ માટે મીમાંસા સ્કૂલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે આ સિદ્ધિને વધુ ખાસ બનાવતા, શાળાના આચાર્ય, ડૉ. દીપાલી ગોરેગાંવકરને દિલ્હીના જનકપુરીમાં હોટેલ હયાત સેન્ટ્રિક ખાતે આયોજિત 2026 ગ્લોબલ આઈકોન એવોર્ડ સમારોહમાં આઉટસ્ટેન્ડિંગ લીડરશીપ ઈન એજ્યુકેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રતિષ્ઠિત સન્માન શૈક્ષણિક શ્રેષ્ઠતા, ગુણવત્તાયુક્ત માળખાગત સુવિધાઓ અને પ્રગતિશીલ નેતૃત્વ પ્રત્યે શાળાની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે જણાવ્યું હતું કે આ સિદ્ધિ શાળા પરિવાર માટે ગર્વની વાત છે અને શિક્ષણમાં શ્રેષ્ઠતા માટે સતત પ્રયત્નશીલ રહેવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. શાળા મેનેજમેન્ટ અને પુરસ્કાર વિજેતાઓને આ ગૌરવપૂર્ણ સિદ્ધિઓ માટે અભિનંદન આપવામાં આવી રહ્યા છે.




સ્કેન કરો
Flipkart amazon.in પર પણ ઉપલબ્ધ*
10 YEAR WARRANTY
BAJAJ SECURE • AMC • ROAD SIDE ASSISTANCE
72198 21111

*નિયમો અને શરતો લાગુ. ઉલ્લેખિત ESRPs, 125 સિંગલ સીટ વેરિઅન્ટ માટે છે. સ્ટન્ટ્સ નિષ્ણાતો દ્વારા, વ્યાવસાયિક દેખરેખ હેઠળ, નિયંત્રિત અને બંધ વાતાવરણમાં, સામાન્ય જનતા અથવા જાહેર રસ્તાઓથી અલગ રહીને કરવામાં આવ્યા છે. આ સ્ટન્ટ્સનું અનુકરણ કરવાનો પ્રયાસ કરશો નહીં અને હંમેશા ટ્રાફિક તથા સલામતીના નિયમોનું પાલન કરો. E-કોમ ઓફર્સ સંબંધિત E-કોમ પાર્ટનરના નિયમો અને શરતોને આધીન છે. E-કોમ ઓફર્સ વિવિધ પાર્ટનર્સ અનુસાર બદલાઈ શકે છે. છબીઓ માત્ર નિદર્શનના હેતુ માટે છે. વાસ્તવિક રંગો અલગ હોઈ શકે છે. વાસ્તવિક રંગો અલગ હોઈ શકે છે.

Authorised Dealers for BAJAJ Auto Ltd.: Ahmedabad: Lal Darwaja AMIN BAJAJ 9879203364, Isanpur 7600002894 • Maninagar ADITYA BAJAJ 6356024241, Odhav 6356024243, Bapunagar 6356024244, Naroda 6357102424 • Sanand ADITYA BAJAJ 9375073137 Gandhinagar BANSARI BAJAJ 9429023456, Kalol 7027412345 • Kadi PARTH BAJAJ 9409421001 • Himmatnagar SAKAL BAJAJ 9909026046, Modasa 9925002281• Mehsana PARTH BAJAJ 7046670466 • Unjha 7621020111• Palanpur MAHESH BAJAJ 8401303130, Deesa 7383437522, Dhanera 7567892213, Tharad 9979863923 • Patan SHIVAM BAJAJ 9925015140, Sidhpur 9157573343 • Radhanpur SHIVAM BAJAJ 9825533061, Sami 9638422030 • Anand AMIN BAJAJ 8734010115, Borsad 7622822223 , Ras 9974577067 Khambhat 9909921997 • Asodar 9081993452 Vasad 9157711196 Nadiad SANTRAM BAJAJ 9904708740. • Surendranagar YUG BAJAJ 7069220225.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## મિલકત અને દુકાનોના ભાડાના વિવાદમાં ચપ્પુના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યાં, મૃતકની પત્નીને હાથે ઈજા

# સુરતમાં ડબલ મર્ડર, દીકરાએ માતા અને નાના ભાઈને પતાવી દીધા

(એજન્સી) સુરત | તા. 18

સુરત શહેરમાં ડબલ મર્ડર અને ફરી એકવાર લોહીયાળ સંબંધોનો કિસ્સો સામે આવ્યો છે. લીંબાયતમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં 18 ઓક્ટોબરની સવારે એક જ પરિવારના બે સભ્યોની હત્યા કરવામાં આવી છે. મિલકતની વહેંચણી અને દુકાનોની ભાડાની આવકને લઈને ચાલતી તકરારમાં મોટા પુત્રએ માતા અને નાના ભાઈને ચપ્પુથી મોતને ઘાટ ઉતારી દીધા છે. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૂળ તેલંગાણાના વતની અને સુરતમાં સ્થાયી થયેલા તેલુગુ પરિવારના મૃતક મલેશ્વરીબેન સુદર્શન ગોડુંરુને ત્રણ પુત્ર, શ્રીનિવાસ, રમેશ અને રાજુ છે. મલેશ્વરીબેન તેમના સૌથી નાના દીકરા રાજુ સાથે રહેતા હતા. મલેશ્વરીબેનના નામે ત્રણ દુકાનો છે, જેનું અંદાજે 60,000 જેટલું માસિક ભાડું નિયમિત આવે છે. માતા નાના પુત્ર રાજુ સાથે રહેતી હોવાથી આ તમામ ભાડાની રકમ રાજુને આપતી હતી. આ વાતને લઈને મોટો પુત્ર શ્રીનિવાસ અવારનવાર નારાજગી વ્યક્ત કરતો હતો અને મિલકત તેમજ આવકની ત્રણેય ભાઈઓ વચ્ચે સરખા ભાગે વહેંચણી કરવાની જીદ પકડીને બેઠો હતો.

આ અંગે ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, સહજાનંદ સોસાયટી પાસે એક માતા અને તેમના ત્રણ દીકરાઓ સાથે અહીંયા રહેતા હતા. મિલકતના ભાગ પાડવા બાબતે આ લોકોને ત્રણેય ભાઈઓ અને એના મધરને મનદુઃખ હતું. મૂળ એ લોકોના વારસાઈ અને ભાગ લેવા બાબતનો ઝઘડો છે એવું અત્યારે પ્રાથમિક દ્રષ્ટિએ અમારે સામે આવ્યું છે.

થોડા સમય અગાઉ પણ માતા મલેશ્વરીબેને મોટા દીકરા શ્રીનિવાસને સ્પષ્ટ કહી દીધું હતું કે, જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી આ મિલકત કે ભાડાની કોઈ વહેંચણી કરવામાં નહીં આવે. માતાના આ નિર્ણયથી શ્રીનિવાસ મનોમન ભારે રોષે ભરાયો હતો અને નાના ભાઈ પ્રત્યે તેના મનમાં અદાવત વધી ગઈ હતી.

આ વિવાદે આજે સવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને સવારે આશરે 7:30 વાગ્યાના અરસામાં શ્રીનિવાસ લીંબાયત સ્થિત સહજાનંદ સોસાયટીના ઘરે પહોંચ્યો હતો. ત્યાં પહોંચતાં જ ફરી એકવાર મિલકત બાબતે બોલાચાલી થઈ હતી. તકરાર એટલી હદે વધી ગઈ કે આવેશમાં આવેલા શ્રીનિવાસે ચપ્પુ કાઢી નાના ભાઈ રાજુ અને માતા મલેશ્વરીબેન પર ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં બંને જમીન પર ઢળી પડ્યા હતા અને ગંભીર ઈજાઓને પગલે બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

વહેલી સવારે એક જ ઘરમાં બે સભ્યોની હત્યા થતાં સોસાયટીમાં ભય અને શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ લીંબાયત પોલીસ મથકનો કાફલો, ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને એફએસએલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી પંચનામા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી છે. મૃતક રાજુની ઈજાગ્રસ્ત પત્ની મમતાએ જણાવ્યું કે, મારા જેઠે મારી સાસુ અને મારા પતિને ચાકુથી માર માર્યો. ત્યાર પછી મને પણ મારવા આવી રહ્યો હતો. હું વચ્ચે પડી તો મારા હાથ પર ચાકુ મારી દીધું. પહેલાં પણ બંને છોકરાઓ સાથે ઝઘડો થતો હતો. અમે જાગી ગયા હતા. હું બીજા રૂમમાં હતી. એ તો એકદમ ફ્રેશ જ દેખાતો હતો. પેન્ટ, બૂટ અને ટી-શર્ટ વ્યવસ્થિત પહેરીને જ આવ્યો હતો. મારા જેઠ ઉપર રહે છે. મોટાવાળાનું નામ સીનું છે. બીજો ભાઈ પણ એવો જ છે, એ પણ બહુ ઝઘડો કરે છે. બીજા ભાઈએ જ એને ચડાવ્યો હશે. બંને જણા મળીને મારી સાસુને ખૂબ ટોર્ચર કરતા હતા. પહેલાં પણ એકવાર મારવાનો પ્રયાસ કર્યો હતો, ગેસનો બાટલો લીક કરીને રૂમ બંધ કરી દીધો હતો.

મૃતકના બનેવી શ્રીનિવાસ કુશમાએ જણાવ્યું કે, મોટા અને બીજા નંબરનો સાળાએ મળીને આ ઘટનાને અંજામ આપ્યો છે. તેમના વચ્ચે પહેલાંથી જ ઝઘડો ચાલી રહ્યો હતો. કારણ એ હતું કે તે બંને નશો કરે છે અને જુગાર રમે છે. 4 વર્ષ પહેલાં જુગારમાં 8-10 લાખ રૂપિયાનું દેવું કર્યું હતું. તે દેવા માટે પહેલાં પણ ઝઘડો થયો હતો, ત્યારે તેમની માતાએ એ 8-10 લાખ રૂપિયાનું દેવું ચૂકવ્યું હતું. ત્યાર પછી છેલ્લા 2 વર્ષથી મિલકત બાબતે ફરી ઝઘડો ચાલી રહ્યો હતો. તેઓ કહેતા હતા કે મિલકત અમારા નામે કરી દો. આ જ બાબતે 2 વર્ષથી ફરી ઝઘડો ચાલતો હતો. સવારે લગભગ 7 વાગ્યે મારો નાનો સાળો રાજુ સુતો હતો, ત્યારે તેના પર ચપ્પુથી હુમલો કર્યો. ગળા પર ચપ્પુના બે-ત્રણ ઘા માર્યા, પછી ઘરમાંથી બહાર આવ્યો હતો.

ત્યાર પછી ઘરમાં જઈને તેની માતાની પણ હત્યા કરી દીધી. આ પહેલાં માતાને મારવાનો પ્રયત્ન કર્યો હતો હતો ત્યારે પોલીસ કેસ થયો હતો. પરંતુ સમાજમાં સમાધાન કરાવીને પતાવટ કરી લેવાઈ હતી. હવે ફરીથી આ પૈસા અને મિલકતના કારણે જ તેમની હત્યા કરી નાખી.

### અમરેલી જિલ્લા અધિક્ષક શ્રી સંજય ખરત રાજુલા પોલીસ સ્ટેશન ની વાર્ષિક ઈન્સ્પેક્શન દરમિયાન નવનિર્માણ પામી રહેલ ડીવાયએસપી કચેરીની મુલાકાત



કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી જિલ્લા પોલીસ અધીક્ષક શ્રી સંજય ખરાત સાહેબ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન ની વાર્ષિક ઈન્સ્પેક્શન દરમ્યાન નવનિર્માણ પામી રહેલ dysp કચેરી ની મુલાકાત,સાયબર અવર્નેસ કાર્યક્રમ,લોકદરબાર તેમજ રૂબરૂ અરજદારના પ્રશ્નોને સાંભળી જરૂરી પગલા લઈ ઝડપથી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી.

### અંદાજે 120 ઘરોની વસ્તી હોવાનો ઉલ્લેખ કરી સરપંચ લખીબેન આહીર દ્વારા કલેક્ટરને રજૂઆત

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મુરૂ જૂથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આગામી સરપંચની ચૂંટણીમાં અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત બેઠક ફાળવવાની માંગ ઉઠી છે. આ અંગે મુરૂ જૂથ ગ્રામ પંચાયતનાં સરપંચ લખીબેન



આહીર દ્વારા જિલ્લા કલેક્ટર, કચ્છ-ભુજને લેખિત રજૂઆત કરવામાં આવી છે.આ અંગે વાલાભાઈ આહીરે જણાવ્યા મુજબ, મુરૂ ગામમાં અનુસૂચિત જાતિનાં અંદાજે 120 જેટલાં ઘરો આવેલાં છે. તેમ છતાં છેલ્લાં 30થી 35 વર્ષથી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત બેઠક ફાળવવામાં આવી નથી. આથી આગામી સરપંચની ચૂંટણીમાં અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત બેઠક ફાળવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આ રજૂઆતની નકલ નખત્રાણાના પ્રાંત અધિકારી અને મામલતદારને પણ મોકલવામાં આવી છે. હવે આગામી ચૂંટણીમાં અનામત બેઠકની ફાળવણી અંગે વહીવટી તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર ગ્રામજનોની નજર મંડાયેલી છે.

### ઉગેડી-દેશલપર રોડ પર ઝાડી કટીંગ સાથે સાઈડમાં પુરાણની કામગીરી પૂર્ણ




જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ઉગેડી-દેશલપર રોડ પર ઝાડી-ઝાંખરાં દૂર કરવાની સાથે રસ્તાની સાઈડમાં પુરાણ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. માર્ગને વધુ સુગમ અને સુરક્ષિત બનાવવાના હેતુથી હાથ ધરાયેલી આ કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી.રસ્તાની બાજુમાં ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાં દૂર થતાં વાહનચાલકોને અવરજવરમાં સરળતા રહેશે. તેમજ રસ્તાની સાઈડમાં પુરાણ થવાથી માર્ગ વધુ સુગમ બનશે અને વાહનચાલકોને રાહત મળશે. ઉગેડી ગામના સરપંચ કરણભાઈ રબારીની રજૂઆત અને પ્રયાસોના પરિણામે આ કામગીરી પૂર્ણ થતાં સ્થાનિક લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. જનહિતની આ કામગીરી બદલ સરપંચ કરણભાઈ રબારી સહિત સંબંધિત તંત્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.લોકોની સુવિધા અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને હાથ ધરાયેલી આ કામગીરીને સૌએ આવકારી હતી.

## સુરત મનપામાં ટેન્ડર પ્રક્રિયાના નવા નિયમો લાગુ....

# સ્ટેન્ડિંગ સમિતિએ 30%થી નીચા ભાવનાં 28 કામો કર્યા દફતરે, નવી શરતો હેઠળ ફરી બહાર પડાશે ટેન્ડર

સુરત | સુરત મહાનગરપાલિકામાં કોન્ટ્રાક્ટ મેળવવાની હરીફાઈમાં પ્રવર્તમાન એસઓઆર કરતાં અત્યંત નીચા ભાવે ટેન્ડર ભરવાની પ્રથા સામે હવે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. લોએસ્ટ રેટના આધારે કોન્ટ્રાક્ટ મેળવ્યા બાદ કામની ગુણવત્તા સાથે બાંધછોડ થવી, કામગીરીમાં વિલંબ થવો તેમજ કેટલાક કિસ્સામાં એજન્સીઓ કામ અધૂરું છોડીને જતી રહેવા જેવી ગંભીર સમસ્યાઓને ધ્યાને રાખીને નવી નીતિ અમલમાં મૂકવામાં આવી છે. આ નીતિના પ્રારંભિક અમલરૂપે શનિવારે મળેલી સ્ટેન્ડિંગ સમિતિની બેઠકમાં અંદાજિત ખર્ચ કરતાં 30 ટકાથી વધુ નીચા ભાવે ભરાયેલાં કુલ રૂ. 12,30,77,585ના 28 કામોને રદ કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે આ તમામ કામોમાં નવી શરતોનો સમાવેશ કરીને ફરીથી ટેન્ડર મંગાવવામાં આવશે.

મનપામાં ઈજારો મેળવવા કેટલાક કોન્ટ્રાક્ટરો અંદાજિત ખર્ચ કરતાં અસામાન્ય રીતે નીચા ભાવની ઓફર મૂકતા હતા, જેના કારણે કામની ગુણવત્તા, ટેકનિકલ ક્ષમતા અને સમયસર કામ પૂર્ણ કરવા સામે સવાલો ઊભા થતા હતા. આ પરિસ્થિતિને રોકવા સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષ રાજન પટેલે મનપા



કમિશનરનું ધ્યાન દોર્યું હતું, જેના પગલે માર્ગ અને મકાન વિભાગના પરિપત્રનો તાત્કાલિક અસરથી અમલ કરવા તાકીદ કરાઈ છે.

સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું કે, સુરત મનપા દ્વારા હાથ ધરાતા વિકાસ કાર્યોમાં પારદર્શિતા અને ગુણવત્તા જળવાઈ રહે તે સર્વોપરી છે. ટેન્ડરરો દ્વારા એવા નીચા ભાવ ભરવામાં આવતા હતા જે વર્કેબલ હોતા નથી અને કામની ક્વોલિટી બગડે છે. આથી 30 ટકાથી વધુ બિલો રકમવાળા અંદાજે 28 કામો દફતરે કરાયા છે. આ ઉપરાંત જે કામોમાં અગાઉ ટેન્ડર પ્રક્રિયા થઈ ગઈ છે તેવા ટેન્ડરો પણ રદ કરી નવેસરથી મંગાવવા સૂચના આપવામાં આવી છે.

નવી જોગવાઈ મુજબ, એસઓઆર કરતાં 10 ટકા કે તેથી વધુ નીચા ભાવે બિડ કરનાર લોએસ્ટ એજન્સીએ હવે કામના દરેક આઈટમના ભાવનું તાર્કિક પૃથ્થકરણ (Rate Analysis) રજૂ કરવાનું રહેશે. એજન્સી દ્વારા અપાયેલો ખુલાસો સંતોષકારક જણાયા બાદ જ ટેન્ડર આગળ વધશે. આ ઉપરાંત, જો કોઈ એજન્સી 10 ટકાથી વધુ અને 20 ટકા સુધી નીચા ભાવની ઓફર કરશે તો 10 ટકાથી ઉપરના તફાવતની પ્રોજેક્ટ કોસ્ટ પર 20 ટકા વધારાની પર્ફોર્મન્સ સિક્યોરિટી ડિપોઝિટ ભરવી પડશે. જ્યારે 20 ટકાથી વધુ અને 30 ટકા સુધી નીચા ભાવની ઓફર કરનાર એજન્સીએ તફાવતની રકમ પર 30 ટકા વધારાની પર્ફોર્મન્સ સિક્યોરિટી જમા કરાવવી પડશે, જે કામ સફળતાપૂર્વક પૂર્ણ થયાના 28 દિવસની અંદર પરત કરવામાં આવશે. નાગરિકોના કરવેરાના નાણાંમાંથી ટકાઉ અને ઉત્કૃષ્ટ ગુણવત્તાના કામો થાય તે માટે આ નિર્ણય લેવાયો છે.

### જુલા જય માતાજી યુવા ગ્રુપ દ્વારા નવરાત્રી મહોત્સવોમાં SP સંજય ખરાત દ્વારા માં ભગવતી ની આરતી ઉતારી માં જગદંબાની આરાધના કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

SP,DYSP,SDM સહીત સિનયર ઓફિસરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ગરણીથી વાલબાઈ માતાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અમરેલી જિલ્લામાં માત્ર રાજુલા શહેરમાં ફ્રિ પાસ મહિલા પાર્ટી પ્લોટ નું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે સમગ્ર પંથકમાં નવરાત્રી ગ્રાઉન્ડમાં ખેલયાઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે તથા મુખ્ય મહેમાન એવા SP સંજય ખરાત,દ્વારા માતાજીની આરતી ઉતારી માં અંબાની આરાધના કરવામાં આવી હતી અને પરંપરા અને



સાંસ્કૃતિક આયોજનના કારણે પોલીસ વડાએ ગ્રુપને અભિનંદન આપ્યા હતા આ નવરાત્રીમાં SP સંજય ખરાત,DYSP નયના ગોરડિયા,પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ,મામલતદાર હરેશ પુરોહિત,કોપર ઈન્ડો એશિયા ડાયરેકટ હરેશ વોરા,ઈન્ડિયન કોસ્ટગાર્ડ શિપ સમુદ્ર પ્રહરી કમાન્ડિંગ ઓફિસર ડેપ્યુટી ઈન્સ્પેકટર આઈજી મુકુંદ ગુર્જર,કમાન્ડન્ટ દિનેશ જાધવ,ડેપ્યુટી કમાન્ડન્ટ કાર્તિક સાતપુરા,સંદેશ પ્રભા, નિવૃત્ત ડીવાયએસપી હરેશ વોરા રાજુલા પીઆઈ વિજય કોલાદ્રા,જાફરાબાદ ઈન્ચાર્જ પીઆઈ રવિરાજ સિંહ ચૌહાણ,પીપાવાવ મરીન પીઆઈ વી.કે.રાઠોડ,SBI બેન્ક મેનેજર,સહીત પોલીસ અધિકારીઓ વિવિધ વિભાગના સિનયર અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને માં અંબાની આરાધન કર્યા બાદ જય માતાજી યુવ ગ્રુપ દ્વારા તમામ ઓફીસરોનું સન્માન કર્યું હતું.જિલ્લા ભાજપ મહામંત્રી ચેતનભાઈ શિયાળ,નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવે,પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ,જાફરાબાદ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અનીરૂધભાઈ વાળા,મનુભાઈ ધાખડા,બિપીનભાઈ વેગડા,ભયલુભાઈ,શશિભાઈ હેમાળવી,સાગરભાઈ સરવૈયા,મહેન્દ્રભાઈ ધાખડા,વિજયભાઈ વાઘ,રણછોડભાઈ મકવાણા,પ્રતાપભાઈ મકવાણા,દિલીપભાઈ જોષી તથા ધીરુભાઈ કિસાન સંઘ તથા મહેન્દ્રસિંહ ગોહિલ જોશી,કિશોરભાઈ તથા ભયલુભાઈ વાળા તથા ભયલુભાઈ તથા ધીરુભાઈ રેણુકા,પ્રવીણભાઈ ગોહિલ સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્રભાઈ બારોટ એ કર્યું હતું આરતી વિધિ ભરતભાઈ જોષી એ કરી હતી સંગીત શ્યામ ગ્રુપ દ્વારા ગવાયું હતું.

## સુરતમાં નવરાત્રિ મહોત્સવ બન્યો બબાલનો અખાડો

# OG ગરબામાં પાસ છતાં પ્રવેશ ન મળતાં ખેલૈયા દ્વારા તોડફોડ, સુવર્ણ નવરાત્રિમાં સિક્યોરિટીની દાદાગીરીથી યુવતી રડી પડી

(એજન્સી) સુરત | તા. 18

સુરતમાં નવરાત્રિના ઉત્સાહ વચ્ચે ખાનગી ડોમ આયોજકોની ગંભીર બેદરકારી અને ગેરવર્તણૂક સામે આવી છે. શનિવારે મોડી રાત્રે સુરત શહેરના બે મોટા નવરાત્રિ ગ્રાઉન્ડ બબાલ અને અફરાતફરીનો અખાડો બની ગયા હતા. સરથાણા સ્થિત ઓજી નવરાત્રિમાં પૈસા ખર્ચીને પાસ ખરીદ્યા બાદ પણ પ્રવેશ ન મળતા રોષે ભરાયેલા ખેલૈયાએ બોક્સ ઓફિસમાં તોડફોડ કરી હતી. બીજી તરફ ડુમસ રોડ પર આવેલી સુવર્ણ નવરાત્રિમાં બાઉન્સરો દ્વારા યુવતીઓ સાથે અભદ્ર વર્તન કરાતા મામલો ગરમાયો છે, જ્યાં એક યુવતી રડતા-રડતા પોતાની આપવીતી વર્ણવતી કેમેરામાં કેદ થઈ હતી.

સરથાણા સ્થિત એસી ડોમ ખાતે આયોજિત 'ઓજી નવરાત્રિ'માં શનિવારે રાત્રે મોટી સંખ્યામાં ખેલૈયાઓ પહોંચ્યા હતા. મોંઘાભાવના પાસ ખરીદ્યા હોવા છતાં આયોજકોએ ક્ષમતા કરતાં વધુ પાસનું વેચાણ કરી દેવાયું હોવાના આક્ષેપ સાથે હજારો ખેલૈયાને ગેટ બહાર જ અટકાવી દીધા હતા. કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ અંદર ન જવા દેવાતા આખરે ખેલૈયાનો સંયમ તૂટ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ સૂત્રોચ્ચાર કરી આયોજકો સામે હોબાળો મચાવ્યો હતો અને પરિસ્થિતિ એટલી વણસી ગઈ હતી કે, લોકોએ બોક્સ ઓફિસની કેબિન અને બેરિકેડ્સ તોડી પાડી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસે દોડી આવી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

ડુમસ રોડ ખાતેની ચર્ચિત 'સુવર્ણ નવરાત્રિ'માં સુરક્ષાના નામે તહેનાત સિક્યોરિટી અને બાઉન્સરોની દાદાગીરીનો ભોગ મહિલા ખેલૈયા બન્યા હતા. યુવતી સુવર્ણ નવરાત્રિના આયોજન અને ત્યાંના સ્ટાફના અયોગ્ય વર્તન અંગે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. તેણે જણાવ્યું કે, તે 'સુવર્ણ એક્સક્લુઝિવ ડોમ'ની બહાર ઊભી છે. ડોમની અંદર મોબાઈલ નેટવર્ક બિલકુલ ન હોવાને કારણે તેમનો પાસ લોડ કે ખૂલી રહ્યો ન હતો. જ્યારે તેઓ આ બાબતે સ્ટાફ સાથે સામાન્ય વાતચીત કરી રહ્યા હતા, ત્યારે ત્યાંના સ્ટાફે તેમની અને તેમના સમગ્ર ગ્રૂપ સાથે અત્યંત ગેરવર્તણૂક કરી હતી.

યુવતી વધુમાં ગંભીર આરોપ લગાવતા કહે છે કે, સ્ટાફમાં રહેલી કાળા ટી-શર્ટ પહેરેલી એક મહિલાએ અચાનક આવીને તેની સાથે ઝપાઝપી કરી અને તેને હાથ ઉપાડીને મારી હતી. તેણે જણાવ્યું કે, સ્ટાફને ગ્રાહકો સાથે કેવી રીતે વાત કરવી તેની કોઈ ભાન કે સભ્યતા નથી. આ પ્રકારની ખરાબ વ્યવસ્થા અને હિંસક વર્તણૂકથી નારાજ થઈને તે મેનેજમેન્ટ સામે સવાલ ઉઠાવે છે અને લોકોને સુવર્ણ નવરાત્રિમાં ન આવવાની અપીલ કરે છે.

મહિલાઓની સુરક્ષા પર ગંભીર સવાલો માત્ર સિક્યોરિટીનું ગેરવર્તન જ નહીં, પરંતુ સુવર્ણ નવરાત્રિમાં અન્ય એક અતિ ગંભીર કિસ્સો પણ સામે આવ્યો છે. ગરબા ગ્રાઉન્ડના વેન્ડર ગેટ પાસે એક અજાણ્યા યુવક દ્વારા યુવતી સાથે અત્યંત અશ્લીલ ભાષાનો પ્રયોગ કર્યો હતો અને તેની સ્ત્રી ગરિમાને લાંછન લાગે તેવું અસભ્ય વર્તન કર્યું હતું. જેની સત્તાવાર ફરિયાદ વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ ઘટના બાદ ખેલૈયાઓમાં ભારે રોષ ફેલાયો છે. લાખો રૂપિયાની કમાણી કરતા ખાનગી આયોજકો ખેલૈયાઓ પાસે મોંઘા પાસ વેચે છે, પરંતુ તેમની સુરક્ષા રામભરોસે છોડી દેતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ખાસ કરીને નવરાત્રિમાં મહિલા સુરક્ષાના મોટા-મોટા દાવાઓ વચ્ચે સુવર્ણ નવરાત્રિમાં સર્જાયેલી ઘટનાઓએ સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે.

## કાચા માલનો ભાવ 50% ઉછળતા લૂમ્સના પૈડાં એક મહિનો થંભશે, 75 હજાર કારીગરોની રોજીરોટી જોખમમાં

# સુરતમાં દિવાળી ટાણે જ ટેક્સટાઈલ માર્કેટમાં સન્નાટો

(એજન્સી) સુરત | તા. 18

સુરતનો વિશ્વવિખ્યાત ટેક્સટાઈલ ઉદ્યોગ દિવાળીના તહેવારો ટાણે જ ગંભીર આર્થિક સંકટ અને ભયંકર મંદીના વમળમાં ફસાયો છે, જ્યાં યાર્ન સહિતના કાચા માલમાં થયેલા 50%ના ભાવવધારા સામે તૈયાર કાપડના ભાવ ન મળતાં લૂમ્સ સંચાલકો માટે એકમો ચાલુ રાખવા અશક્ય બન્યા છે. માર્કેટમાં સર્જાયેલી ભારે મની ક્રાઈસિસ અને બેંક લોનના હપ્તાના ભારણ વચ્ચે આ વર્ષે 15થી 30 દિવસનું લાંબુ વેકેશન પાડવાની નોબત આવતાં 75 હજારથી વધુ કારીગરોની રોજીરોટી પર સીધું સંકટ તોળાઈ રહ્યું છે.

બમરોલી વિવર્સ એસોસિએશન સાથે જોડાયેલા અગ્રણી વિષ્ણુ પટેલે ઉદ્યોગની વર્તમાન સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા સતત વધારાના કારણે યાર્ન અને અન્ય પેટ્રોકેમિકલ રો-મટિરિયલના ભાવો ભડકે બળી રહ્યા છે. આટલો મોટો ભાવવધારો અગાઉ ક્યારેય જોવા મળ્યો નથી, જેના કારણે સામાન્ય લૂમ્સ સંચાલકો માટે ઉત્પાદન ચાલુ રાખવું અસંભવ બની ગયું છે.

ઉત્પાદન ખર્ચમાં જંગી વધારો થયો હોવા છતાં તેની સામે માર્કેટમાં તૈયાર કાપડના વેચાણ ભાવમાં કોઈ સુધારો થયો નથી. વેપારીઓ અને ટ્રેડર્સ ઊંચા ભાવે કાપડ ખરીદવા તૈયાર નથી, જેને પરિણામે આખા માર્કેટમાં ભારે સેલિંગ પ્રેશર ઊભું થયું છે. પડતર કિંમત કરતાં નીચા ભાવે માલ વેચવો પડે એવી નોબત આવી છે અથવા તો ગોડાઉનોમાં માલનો ભરાવો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર વિવિંગ સેક્ટરમાં રોકડની ભારે ખેંચ એટલે કે ગંભીર મની ક્રાઈસિસ સર્જાઈ છે, જેને સંભાળવી ઉદ્યોગપતિઓ માટે મુશ્કેલ બની ગઈ છે.

સુરતના વિવિંગ સેક્ટર સાથે ઓછામાં ઓછા 75,000 કારીગરો સીધી રીતે સંકળાયેલા છે, જેમના પરિવારનું ગુજરાન આ લૂમ્સના પૈડાં પર નિર્ભર છે. કારખાના 15થી 30 દિવસ બંધ રહેવાના કારણે આ તમામ કારીગરોની રોજગારી પર સીધી માઠી અસર થવાની છે. સ્થાનિક વિવિંગ યુનિટમાં કામ કરતા કારીગર વિજયે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેની રોજની આવક મીટર દીઠ મળતા મહેનતાણા પર નિર્ભર રહે છે. દિવાળી પર હિસાબ પતી ગયા પછી જો મહિનો કારખાના બંધ રહેશે તો પરિવારનું પેટ ભરવું મુશ્કેલ થઈ જશે તેમજ વતન જઈને પરત આવવા જેટલા પૈસા પણ બચશે નહીં.

ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પણ આ મંદીના કારણે બેવડા મારનો સામનો કરી રહ્યા છે. મોટાભાગના એકમ ધારકોએ લાખો-કરોડો રૂપિયાનું રોકાણ કરીને બેંકો પાસેથી ટર્મ લોન અને કેશ ક્રેડિટ સુવિધા લીધેલી છે. કારખાના બંધ રહે કે ખુલ્લા, બેંકોના માસિક હપ્તા અને વ્યાજની ચૂકવણી અનિવાર્યપણે કરવી જ પડે છે. માલનું વેચાણ અટકી જતાં અને પેમેન્ટ્સ ફસાઈ જતાં વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડી રહ્યું છે. આવી કપરી આર્થિક ભીંસના કારણે એકમો ચાલુ રાખવા કરતાં બંધ રાખવા સિવાય વેપારીઓ પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી.

દેશમાં કૃષિ ક્ષેત્ર પછી સૌથી વધુ રોજગારી પૂરી પાડવામાં ટેક્સટાઈલ સેક્ટર બીજા ક્રમે આવે છે. આ એક એવો ઉદ્યોગ છે કે, જ્યાં કોઈ ઉચ્ચ ડિગ્રીની આવશ્યકતા રહેતી નથી અને બિનકુશળ શ્રમિકો પણ સહેલાઈથી રોજીરોટી મેળવી શકે છે. પરપ્રાંતિય શ્રમિકો માટે આશીર્વાદરૂપ ગણાતા આ સેક્ટર પર જ્યારે મંદીના વાદળો ઘેરાય છે ત્યારે તેની અસર સમગ્ર અર્થતંત્ર પર પડે છે.

અગ્રણીઓના મતે જો ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી આ જ રીતે પીડાતી રહેશે તો ભવિષ્યમાં કોઈ નવો ઉદ્યોગસાહસિક આ ક્ષેત્રમાં મૂડી રોકાણ કરવાની હિંમત નહીં કરે.

## આર્મીમાં નોકરી ન કરી હોવા છતાં બોગસ ડોક્યુમેન્ટ બનાવ્યા

# વડોદરામાં એક્સ આર્મીમેનના બોગસ દસ્તાવેજો બનાવી સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરતા બે શખ્સ ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા. 18

વડોદરામાં ભારતીય સેનામાં ફરજ બજાવી ન હોવા છતાં Ex-Armyના ખોટા પ્રમાણપત્રો અને પેન્શન સંબંધિત દસ્તાવેજો બનાવી તેનો ઉપયોગ કરી સિક્યુરિટી એજન્સીઓમાં નોકરી મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. વડોદરા શહેર SOGએ બાતમીના આધારે ઉત્તરપ્રદેશના બે શખ્સોને ઝડપી પાડ્યા છે. બંને આરોપીઓએ આર્મીના બનાવટી દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી સિક્યુરિટી એજન્સીઓના સંચાલકો સાથે છેતરપિંડી આચરી હતી. આ મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને વધુ તપાસ ચાલુ છે.

વડોદરા SOGને બાતમી મળી હતી કે ગોરવાના પરિશ્રમ પાર્કમાં રહેતો ધીરેન્દ્રસિંગ હરીસિંગ અને બાજવા રોડ પર સિકોતરધામ સોસાયટીમાં રહેતો ભુપેન્દ્રસિંગ શિવકુમારસિંગ એક્સ-આર્મીના ખોટા પ્રમાણપત્રો બનાવી સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરી રહ્યા છે. આ બાતમીના આધારે તપાસ હાથ ધરતાં બંને શખ્સોએ ભારતીય સેનામાં ફરજ બજાવી ન હોવા છતાં Ex-Armyના બનાવટી દસ્તાવેજો બનાવડાવ્યા હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે બંને આરોપીઓએ આર્મીની સેવામુક્તિ પુસ્તિકા, સર્વિસ સર્ટિફિકેટ, ડિપેન્ડન્ટ સર્ટિફિકેટ, પેન્શન કાર્ડ અને એક્સ-સર્વિસમેન આઈડેન્ટિટી કાર્ડ સહિતના દસ્તાવેજો બનાવટી રીતે તૈયાર કરાવ્યા હતા. આ દસ્તાવેજો ખોટા અને બનાવટી હોવાનું જાણતા હોવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરી વિવિધ સિક્યુરિટી એજન્સીઓમાં નોકરી મેળવવામાં આવી હતી.

આરોપીઓએ એકબીજાની મદદગારીથી સિક્યુરિટી એજન્સીના સંચાલકો સાથે છેતરપિંડી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવતાં ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઈન્સ્ટાગ્રામથી પ્રેમસંબંધ બાદ લગ્ન માટે જીદ

# પરિવારને આપઘાતની ધમકી આપી યુવતી યુવકને મળતી, યુવકે ઘરે આવી હોબાળો મચાવતાં ડિપ્રેશનમાં જતી રહી

(એજન્સી) વડોદરા | તા. 18

વડોદરા શહેરમાં નવરાત્રિના દિવસોમાં સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલા એક પ્રેમસંબંધને લઈને વિવાદ સર્જાયો હતો. યુવકે યુવતીના ઘરે જઈને ઝઘડો કરતા અને યુવતી ડિપ્રેશનમાં આવી જતા પરિવારજનોએ '181 અભયમ મહિલા હેલ્પલાઈન'ની મદદ લીધી હતી. અભયમની ટીમે સમયસૂચકતા વાપરીને યુવતીનું અસરકારક કાઉન્સિલિંગ કરી મામલો થાળે પાડ્યો હતો.

વડોદરાની એક યુવતી બે વર્ષ પૂર્વે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી એક યુવકના સંપર્કમાં આવી હતી, જે બાદમાં પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. યુવતી છેલ્લા એક વર્ષથી આ યુવક સાથે લગ્ન કરવા માટે જીદ કરતી હતી અને ઘરના સભ્યોની મરજી વિરુદ્ધ રાત્રે મળવા નીકળી જતી હતી. પરિવાર દ્વારા ઠપકો આપવામાં આવતાં યુવતીએ અવારનવાર આત્મહત્યા કરવાની ધમકીઓ પણ આપી હતી.

યુવતીના પરિવારે સામા પક્ષના ઘરે વાતચીત કરતા યુવક બેરોજગાર હોવાનું અને આર્થિક સ્થિતિ સારી ન હોવાનું જણાવી લગ્ન બાબતે તૈયાર ન હતા. દરમિયાન નવરાત્રિમાં ગરબા રમીને પરત ફરેલા પરિવાર સમક્ષ યુવક સીધો યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને ભારે હોબાળો મચાવી અપશબ્દો બોલ્યા હતા. આ ઘટના બાદ યુવતીએ યુવક સાથે સંબંધ તોડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ડિપ્રેશનમાં આવી ગઈ હતી અને પરિવાર સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધું હતું. પરિવારજનોની ચિંતા વધી જતાં તેમણે તાત્કાલિક અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. કોલ મળતાની સાથે જ અભયમની રેસ્ક્યૂ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને યુવતીનું કાઉન્સિલિંગ કર્યું હતું. ટીમે યુવતીને સમજાવ્યું કે, જિંદગીમાં આવેશ કે ઉતાવળમાં આવીને આત્મહત્યા જેવાં અંતિમ પગલાં ભરવાં ક્યારેય યોગ્ય નથી. લગ્નસંબંધ હંમેશાં બંને પરિવારોની સહમતિ અને વડીલોના આશીર્વાદથી સ્થિર થાય છે, માત્ર જબરદસ્તીથી સંબંધો ટકાવી શકાતા નથી. હાલ યુવક કોઈ નોકરી કે રોજગાર ધરાવતો ન હોય અને તેનો પરિવાર પણ સહમત ન હોય.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશો મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે.

**મિથુન : ક. છ. ઘ.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં.

**સિંહ : મ. ટ.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

**તુલા : ર. ત.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**મકર : ખ. જ.**

આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો। તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**CM ભૂપેન્દ્ર પટેલ અંબાજી ધામ પહોંચ્યા**

## મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવી ગુજરાતની સુખાકારી માટે કરી વિશેષ પ્રાર્થના



આદ્યશક્તિની આરાધનાના પરમ પવિત્ર મહાપર્વ નવરાત્રી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજી ખાતે દર્શનાર્થે પહોંચ્યા હતા. ગબ્બર અને અંબાજી ધામમાં દેશભરમાંથી લાખો ભક્તોનું મહેરામણ ઉમટી રહ્યું છે, તેવા સમયે મુખ્યમંત્રીએ જગતજનની મા અંબાના નિજ મંદિરમાં ઉપસ્થિત રહી ભાવપૂર્વક શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ મા અંબાના ચરણોમાં પૂજન-અર્ચન કરીને સમગ્ર ગુજરાત રાજ્યની સુખ, શાંતિ, સલામતી અને ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રી અંબાજી મંદિર પરિસરમાં આગમન પામતાં જ તેમનું પરંપરાગત અને શાસ્ત્રોક્ત વિધિથી અભિવાદન કરવામાં આવ્યું હતું.બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પુષ્પગુચ્છ અને ખેસ અર્પણ કરીને સત્તાવાર સ્વાગત કર્યું હતું.મંદિર પરિસરમાં ઉપસ્થિત વિદ્વાન બ્રાહ્મણો દ્વારા મંગલકારી વૈદિક ઋચાઓ અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે મુખ્યમંત્રીનું પવિત્ર અભિવાદન કરાયું હતું.વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટના ઉચ્ચ અધિકારીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ મા અંબાના ગર્ભગૃહમાં પ્રવેશ કરીને વિશેષ ધાર્મિક વિધિ સંપન્ન કરી હતી.કપૂર આરતી, ચંદન તિલક અને પવિત્ર ચૂંદડી અર્પણ કરીને મુખ્યમંત્રીએ માતાજી સમક્ષ અનન્ય આસ્થા સાથે માથું ટેકવ્યું હતું.

**કોંગ્રેસ અનુ.જાતિ વિભાગની માંગ**

# નિરોણા ગ્રામ પંચાયતને અનુ.જાતિ માટે જાહેર કરો અને કચ્છમાં શિક્ષકોની ઘટ પૂરી કરો

| મહેશ એલ.સોની | નખત્રાણા




કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગના ઉપપ્રમુખ શ્રી માતંગ સુનિલ કરશનભાઈ દ્વારા ચૂંટણી અધિકારી ગાંધીનગર, શિક્ષણ મંત્રી ગુજરાત રાજ્ય સહિત ઉચ્ચ કક્ષાએ લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.આવેદનમાં જણાવ્યા મુજબ નખત્રાણા તાલુકાના નિરોણા જૂથ ગ્રામ પંચાયતની સ્થાપના તા. ૨૬/૩/૧૯૫૬ ના રોજ થઈ છે. પરંતુ ૧૯૫૬ થી આજ દિન સુધી નિરોણા ગ્રામ પંચાયતમાં સરપંચ પદનું રોટેશન અનુસૂચિત જાતિની મહિલા હોય કે પુરુષ માટે એક પણ વખત ફાળવવામાં આવ્યું નથી. તેમજ આ વખતે પણ અનુ.જાતિ રોટેશન જાહેર કરવામાં આવેલ નથી. જ્યારે નિરોણામાં અનુ.જાતિના અંદાજે ૧૮૦ જેટલા ઘરો ધરાવે છે. તેમ છતાં અનુ.જાતિ માટે સરપંચ પદ જાહેર ન થતા આવનારી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નિરોણા ગ્રામ પંચાયતના સરપંચ પદને અનુ.જાતિ પુરુષ કે મહિલા માટે જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.બીજી રજૂઆતમાં જણાવ્યું છે કે, કચ્છ જિલ્લો આખા ભારતમાં ભૌગોલિક દ્રષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. જેના કારણે ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકો પર શિક્ષક ઘટની મોટી અસર પડે છે. ખાલી પાવરપટ્ટીની વાત કરીએ તો નિરોણા, બિબ્બર અને ઝુરા આ ત્રણેય ગ્રુપ શાળામાં જ ૩૦ થી ૩૫ શિક્ષકોની ઘટ છે. કાયમી ભરતી બાદ નિમણૂક પામેલા ઘણા શિક્ષકો રાજીનામું મૂકી પોતાના વતન તરફ ચાલ્યા ગયા છે. તેવી જ રીતે ધોરણ ૯ થી ૧૨ માં જ્ઞાન સહાયકો પણ મુકાય છે અને થોડા સમયમાં હાજર થઈ રાજીનામું મૂકી દે છે. જેથી કચ્છના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપી ભરતી કરવામાં આવે, જેવી રીતે શંકરભાઈ વાઘેલા ના સમયમાં બાલગુરુ યોજના હતી કે જેમાં તાલુકા અને જિલ્લાના વ્યક્તિઓ પોતાના જ તાલુકા અને જિલ્લામાં નોકરી કરી શકે, તે જ રીતે તાત્કાલિક ધોરણે ધોરણ ૧ થી ૧૨ ના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માંગ કરી છે.આ આવેદનની નકલ કચ્છ કલેક્ટરશ્રી, સાંસદ વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા, કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે.હુંબલ અને તમામ પ્રિન્ટ મીડિયાને મોકલવામાં આવી છે, એવું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## દ્વારકાના ભાણવડમાં વાહન સાઈડ કરવા બાબતે 21 વર્ષીય યુવાનની હત્યા!

(એજન્સી) દ્વારકા | તા.18

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ શહેરમાં આવેલા રામેશ્વર પ્લોટ વિસ્તારમાં સરેઆમ હત્યાની સસનીખેજ ઘટના સામે આવી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ ઘટના ભાણવડ પોલીસ સ્ટેશનથી માત્ર 500 મીટરના અંતરે જ બની હતી. વાહન સાઈડ કરવા જેવી નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો. આ સામાન્ય વિવાદમાં ઉશ્કેરાયેલા હુમલાખોરે 21 વર્ષીય વિજય રાજુભાઈ પરમાર પર તીક્ષ્ણ છરી વડે અચાનક જીવલેણ હુમલો કરી દીધો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.છરીના ઊંડા ઘા વાગવાના કારણે લોહીલુહાણ થયેલા વિજય પરમારને તાત્કાલિક સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને મૃતકના ડેડબોડીને વધુ તપાસ અને ફોરેન્સિક પોસ્માર્ટમ (PM) અર્થે જામનગર ખાતે ખસેડવામાં આવી છે. નવરાત્રિના પવિત્ર તહેવાર દરમિયાન જ પોલીસ સ્ટેશન નજીક બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ પેટ્રોલિંગ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓ કસ્ટડીમાં છે કે ફરાર, તે અંગે પોલીસ તંત્ર દ્વારા સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવીને સમગ્ર બનાવનું રીકન્સ્ટ્રક્શન કરવાની કવાયત શરૂ કરી છે.

## જામનગર નજીક સરમત પાટિયા પાસે આધેડનું અચાનક બેભાન થયા બાદ અપમૃત્યુ

જામનગર : જામનગર તાલુકાના રાવલસર નજીક સરમત પાટિયા વિસ્તારમાં રહેતા 56 વર્ષીય આધેડનું અચાનક બેભાન થયા બાદ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે સિક્કા પોલીસ સ્ટેશનમાં અકુદરતી મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.પોલીસમાં જાહેર કરાયેલી વિગતો મુજબ, પેથાભાઈ પાલાભાઈ સાખરા (ઉં.વ. 56), જે સરમત પાટિયા પાસે ચંદરીયા સ્કૂલની પાછળ રહેતા હતા, તેઓ તા. 16 ઓક્ટોબરના રોજ બપોરે બહાર હોટલમાં જમ્યા બાદ પેટમાં ગેસ અને અપચા જેવી તકલીફ અનુભવતા હતા. ત્યારબાદ રાત્રે આશરે 10:30 વાગ્યાના અરસામાં તેઓ અચાનક બેભાન જેવા થઈ ગયા હતા. તેમને સારવાર માટે લઈ જવામાં આવતાં ફરજ પરના તબીબે તપાસીને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પુત્ર ભાવેશભાઈ પેથાભાઈ સાખરાએ આ અંગે તા. 17 ઓક્ટોબરે સિક્કા પોલીસને જાણ કરી હતી. પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 194 મુજબ અકુદરતી મૃત્યુની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ તપાસ બાદ સ્પષ્ટ થશે. જામનગરના રાવલસર નજીક સરમત પાટિયા વિસ્તારમાં રહેતા 56 વર્ષીય પેથાભાઈ પાલાભાઈ સાખરાનું અચાનક બેભાન થયા બાદ અવસાન થયું હતું. 16 ઓક્ટોબરે હોટલમાં જમ્યા બાદ તેમને પેટમાં તકલીફ થઈ હતી. રાત્રે 10:30 વાગ્યે તેઓ બેભાન થતાં તેમને સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા. સિક્કા પોલીસે અકુદરતી મૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ધ્રોલ તાલુકાના લૈયારા ગામે ખેડૂતની વાડીમાંથી રૂ. 18 હજારની પાણીની મોટર ચોરાઈ

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા ગામે ખેડૂતની વાડીમાંથી રૂ. 18 હજારની કિંમતની પાણીની મોટર ચોરાઈ જવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ફલ્લા ગામના ખેડૂતે ધ્રોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જામનગર તાલુકાના ફલ્લા ગામે રહેતા અને ખેતીકામ કરતા બાબુભાઈ રાજાભાઈ ચાવડા (ઉં.વ. 58)ની ધ્રોલ તાલુકાના લૈયારા ગામની સીમમાં રાજકોટ-જામનગર હાઈવે નજીક ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાં તેમણે બોર કરાવ્યો છે અને બોર પાસે આશરે રૂ. 18 હજારની કિંમતની ઈલેક્ટ્રિક સેલ્ફ પ્રાઈમિંગ પાણીની મોટર રાખેલી હતી.ગત તા. 5 ઓક્ટોબરના સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં બાબુભાઈ પોતાની વાડીએ ગયા હતા. વાડીમાં કપાસનું વાવેતર કરેલું હોવાથી ખેતીકામ માટે પાથરેલી સામગ્રી રિક્ષામાં ભરી ફલ્લા ગામે પોતાના ઘરે મૂકવા ગયા હતા. ત્યારબાદ તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ ધ્રોલ ખાતે સારવાર માટે ગયા હતા.સારવાર બાદ રાત્રિના આશરે એક વાગ્યાના અરસામાં તેઓ પોતાની વાડીએ પહોંચ્યા હતા. જ્યાં વાડીમાં આંટો મારતી વખતે બોર પાસે રાખેલી રૂ. 18 હજારની પાણીની મોટર ગાયબ હોવાનું જણાયું હતું. કોઈ અજાણ્યો શખ્સ મોટર ચોરીને લઈ ગયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

**વકીલ અને પીઆઈ સામે કાર્યવાહી માટે હુકમ**

## દુષ્કર્મના આરોપીને 10 વર્ષ કેદઃ તપાસ અને પૂરાવાની પ્રક્રિયામાં ખામીની ટકોર

જામનગર : જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં નોંધાયેલા સગીરાના અપહરણ અને બળાત્કારના કેસમાં જામનગરની પોક્સો અદાલતે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ કેસમાં ભોગ બનનારની ઉંમર સાબિત ન થવાને કારણે પોક્સોની કલમો હેઠળ આરોપીને રાહત મળી છે છતાં બળાત્કારના ગુનામાં પંચમહાલ જિલ્લાના ડ્રાઈવિંગ કામ સાથે સંકળાયેલા આરોપી ધર્મેશ નાયકને ૧૦ વર્ષની સખત કેદ અને રૂા.૨૫ હજારના દંડની સજા ફટકારવામાં આવી છે. સાથે જ, તપાસ અને પુરાવા રજૂ કરવાની પ્રક્રિયામાં રહેલી ખામીઓ અંગે જવાબદારી નક્કી કરવા માટે અદાલતે સંબંધિત વિભાગોને કાર્યવાહી કરવા સૂચના આપી છે.આ કેસની વિગતો મુજબ, જામનગર જિલ્લામાં ૧૩ વર્ષ અને ત્રણ માસની હોવાનું જણાવાયેલી એક સગીરાનું તા.૩ માર્ચ, ૨૦૨૪ના રોજ બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. તા.૧૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ભોગ બનનાર બાળા મળી આવ્યા બાદ સમગ્ર બનાવ બહાર આવ્યો હતો. બાળા મળી આવી ત્યારે તે એક માસ અને પાંચ દિવસની ગર્ભવતી હોવાનું પણ સામે આવ્યું હતું. આ બનાવમાં પંચમહાલ જિલ્લાના ડ્રાઈવિંગ કામ સાથે સંકળાયેલા ધીરજ ઉર્ફે ધર્મેશ નાયક સામે અપહરણ, બળાત્કાર અને પોક્સો કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની કાર્યવાહી જામનગરની પોક્સો અદાલતમાં ચાલી હતી. સુનાવણી દરમિયાન ભોગ બનનારની ઉંમર કાયદેસર રીતે સાબિત થઈ શકી ન હોવાનું અદાલતના ધ્યાને આવતાં આરોપીને પોક્સો કાયદાની કલમો હેઠળ શંકાનો લાભ આપવામાં આવ્યો હતો. જોકે, બળાત્કારનો ગુનો પુરવાર થતાં અદાલતે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. સાથે જ ભોગ બનનારને સરકારી વળતર યોજના હેઠળ રૂા.૧ લાખ ચૂકવવા તા.૧૫ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો.પોક્સો અદાલતે આ ચુકાદામાં ભોગ બનનારની ઉંમર સાબિત ન થઈ શકવાના મુદ્દે પણ ગંભીર નોંધ લીધી હતી. ઉંમર અંગે જરૂરી ખરાઈ અને પુરાવા રજૂ કરવામાં થયેલી ખામીના સંદર્ભમાં જિલ્લા સરકારી વકીલ જે. કે. ભંડેરી વિરુદ્ધ ચુકાદાની નકલ સાથે યાદી રાજ્યના ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન વિભાગને મોકલવાનો હુકમ કર્યો છે. તે જ રીતે જન્મતારીખની ખરાઈ કર્યા વિના ચાર્જશીટ અને પુરાવા રજૂ કરવા બદલ તપાસનીશ પીઆઈ અલ્પેશકુમાર ચૌધરી વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા માટે ચુકાદાની નકલ સાથે યાદી જિલ્લા પોલીસ વડાને મોકલવા સૂચના આપી છે.

**ક્વાર્ટરમાં ગેરહાજર મળતાં ધરપકડ માટે ચક્રો ગતિમાન**

# અપહરણ કાંડમાં PSI પ્રવીણ મોરી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ



રાધનપુર : પાટણના રાધનપુરના PSI પ્રવીણ મોરી સામે 22 વર્ષીય યુવતીનું બંદૂકની અણીએ અપહરણ અને ધમકીનો ગુનો દાખલ થતાં SPએ સસ્પેન્ડ કર્યા. સરકારી ક્વાર્ટર પર નોટિસ ફટકારી. ગુજરાત પોલીસ બેડાને શર્મસાર કરતી અને કાયદો-વ્યવસ્થાના રક્ષકો સામે ગંભીર સવાલો ઊભા કરતી અત્યંત ચોંકાવનારી ઘટના ઉત્તર ગુજરાતમાં સામે આવી છે. પાટણ જિલ્લાના રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) પ્રવીણ મોરી સામે ૨૨ વર્ષીય યુવતીનું સરકારી પિસ્તોલની અણીએ અપહરણ કરવા તેમજ તેને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો સંગીન ગુનો નોંધાયો છે. આ ગંભીર બાબત સામે આવતાં જ પાટણ જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા તાત્કાલિક અસરથી PSI પ્રવીણ મોરીને સસ્પેન્ડ કરવાનો કડક આદેશ જારી કરવામાં આવ્યો છે. ગુનો નોંધાયા બાદ PSI પોતાના સરકારી ક્વાર્ટર પરથી ફરાર થઈ જતાં પોલીસ તંત્ર દ્વારા તેમના રહેઠાણ પર નોટિસ ફટકારી શોધખોળ તેજ કરવામાં આવી છે.રાધનપુર પોલીસ મથકમાં તૈનાત PSI પ્રવીણ મોરી વિરુદ્ધ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા સ્થિત ગઢ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર, પીએસઆઈએ એક 22 વર્ષીય યુવતીને પોતાની પિસ્તોલ બતાવી, ડરાવી-ધમકાવીને તેનું બળજબરીપૂર્વક અપહરણ કર્યું હતું.એટલું જ નહીં, યુવતીને મોઢું બંધ રાખવા અને વિરોધ ન કરવા માટે ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.પોલીસ અધિકારીના આવા ગુનાહિત કૃત્ય સામે ઉચ્ચ સ્તરેથી આકરાં પગલાં લેવામાં આવ્યાં છે. પાટણ જિલ્લા પોલીસ વડાએ ગંભીર શિસ્તભંગ અને ગુનાહિત ઈતિહાસ રચનારા PSI પ્રવીણ મોરીને તાત્કાલિક અસરથી ફરજ પરથી મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો હુકમ કર્યો છે.સસ્પેન્શન ઓર્ડર અને કાનૂની કાર્યવાહી માટે જ્યારે પોલીસ ટીમ તેમના સરકારી ક્વાર્ટર પર પહોંચી ત્યારે પીએસઆઈ ત્યાં હાજર મળ્યા નહોતા.તેઓ ક્વાર્ટર છોડીને નાસી ગયા હોવાથી પોલીસે સત્તાવાર રીતે તેમના સરકારી રહેઠાણના દરવાજે હાજર થવા અંગેની નોટિસ ફટકારી છે. પોતાના જ સાથીદાર અધિકારી સામે ગુનો નોંધાતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.ગઢ પોલીસ સ્ટેશન અને સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરાર PSI પ્રવીણ મોરીનું લોકેશન ટ્રેસ કરીને તેમને ઝડપી પાડવા માટે જુદી-જુદી ટીમો રવાના કરવામાં આવી છે.સરકારી હથિયારનો દુરુપયોગ અને યુવતીના અપહરણ પાછળનો ચોક્કસ હેતુ શું હતો તે દિશામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે.

## જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ક્ષયની બીમારીની સારવાર દરમિયાન દર્દીનું અપમૃત્યુ

જામનગર: જામનગરની જી.જી. હોસ્પિટલમાં ક્ષયની બીમારીની સારવાર લઈ રહેલા મચ્છરનગરના 42 વર્ષીય દર્દીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસમાં જાહેર કરાયેલી વિગતો મુજબ, મચ્છરનગરમાં રહેતા વનરાજસિંહ કનકસિંહ પરમાર (ઉં.વ. 42) છેલ્લા એક મહિનાથી જામનગરની જી.જી. હોસ્પિટલના નવા બિલ્ડિંગના ત્રીજા માળે આવેલા ક્ષયરોગ વિભાગના બેડ નં. 792 પર દાખલ હતા. તેમની ક્ષયની બીમારીની સારવાર ચાલી રહી હતી.તા. 16 ઓક્ટોબરના સાંજે આશરે 4:45 વાગ્યે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે તા. 17 ઓક્ટોબરે સામાજિક કાર્યકર હિતેશગીરી લાલગીરી ગોસાઈએ પોલીસને જાણ કરી હતી. જામનગરના સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 194 મુજબ અકુદરતી મૃત્યુની નોંધ કરવામાં આવી છે.

**રાવણ ઉપરાંત મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાંનું દહન કરાશે**

## જામનગરમાં આગામી 20 ઓક્ટોબરે વિજયાદશમીના પર્વ ઉપર પરંપરાગત રાવણદહન યોજાશે

જામનગર : અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન વિજયાદશમી પર્વ નિમિત્તે જામનગરમાં સિંધી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. 20 ઓક્ટોબર, મંગળવારના રોજ પરંપરાગત રાવણદહન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં રાવણ ઉપરાંત મેઘનાદ અને કુંભકર્ણનાં પૂતળાંનું દહન કરવામાં આવશે.જામનગરમાં સાત દાયકાથી વધુ સમયથી ઉજવાતી આ પરંપરાને જાળવી રાખવા દશેરા કમિટી અને સિંધી સમાજના સ્વયંસેવકો દ્વારા છેલ્લા એક મહિનાથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. કાર્યક્રમને ભવ્ય અને યાદગાર બનાવવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને આ વર્ષે



રાવણ, મેઘનાદ અને કુંભકર્ણનાં પૂતળાં વાંસ, કાગળ અને શણ જેવી પર્યાવરણને અનુકૂળ સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવ્યાં છે. પરંપરા સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

**ગાંધીના ગુજરાતમાં ખાખીની ખુલ્લી કબૂલાત!**

# 'ગમે તે સરકાર આવે દારૂ ક્યારેય બંધ ન થાય', PSI ના વિવાદાસ્પદ નિવેદનથી ખળભળાટ

(એજન્સી) ગઢડા | તા.18

ગાંધી અને સરદારના કહેવાતા નશાબંધી ધરાવતા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાનું રક્ષણ કરતા પોલીસ અધિકારીના જ એક ચોંકાવનારા નિવેદને સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર જગાવી છે. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકા હેઠળ આવતા ઢસા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી. ડી. આહીરનો એક વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયામાં વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તેઓ જાહેરમાં એવું કહેતા સંભળાય છે કે, 'કોઈપણ સરકાર આવે, દારૂ ક્યારેય બંધ ન થાય, માત્ર કંટ્રોલ કરી શકાય છે.' ગ્રામજનો જ્યારે પોતાના ગામમાં ચાલતા દારૂના દૂષણને બંધ કરાવવા રજૂઆત કરી રહ્યા હતા, ત્યારે જવાબદાર પોલીસ અધિકારી દ્વારા આપવામાં આવેલા આવા બેજવાબદાર જવાબે પોલીસ તંત્રની આબરૂના ધજાગરા ઉડાવી દીધા છે.થોડા દિવસો પહેલાં બોટાદના ગઢડા તાલુકાના જલાલપુર ગામે આવેલી પ્રાથમિક શાળામાં સ્થાનિક પોલીસ દ્વારા 'સાયબર અવેરનેસ' (સાયબર ક્રાઈમ જાગૃતિ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઢસા પોલીસ મથકના PSI જી. ડી. આહીર ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જલાલપુર ગામના જાગૃત નાગરિકો અને અગ્રણીઓએ પીએસઆઈ સમક્ષ ગામમાં ચાલતા દેશી-વિદેશી દારૂના વેચાણ અને દૂષણને તાત્કાલિક ધોરણે નાબૂદ કરવા હાથ જોડીને રજૂઆત કરી હતી.

ગ્રામજનોની રજૂઆત સાંભળીને કડક કાર્યવાહીની ખાતરી આપવાના બદલે પીએસઆઈએ જાહેરમાં કરેલા નિવેદનથી લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. PSI જી. ડી. આહીરે માઈક કે ગ્રામજનોની સામે બેધડક કહ્યું હતું કે, "દારૂ ક્યારેય સંપૂર્ણપણે બંધ ન થઈ શકે, તેને ફક્ત અમુક હદ સુધી કંટ્રોલ (નિયંત્રિત) કરી શકાય છે."એટલું જ નહીં, તેમણે રાજકીય વ્યવસ્થા પર પણ સવાલ ઊભા કરતું નિવેદન આપતાં ઉમેર્યું કે, "કોઈપણ સરકાર સત્તામાં આવે, પણ દારૂ ક્યારેય બંધ કરાવી શકે નહીં."ત્યાં હાજર કોઈ સ્થાનિક વ્યક્તિએ આ સમગ્ર વાતચીતનો વીડિયો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધો હતો, જે હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયરલ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ભીંસમાં મુકાયા છે.

ગુજરાતમાં કાગળ પર રહેલી દારૂબંધીની પોલ ખુદ એક પોલીસ સબ ઈન્સ્પેક્ટરે જ ખોલી નાખતાં ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.સ્થાનિક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો ખુદ પોલીસ જ આવી લાચારી દર્શાવશે તો બૂટલેગરો સામે કાર્યવાહી કોણ કરશે?એક સરકારી સેવક તરીકે અને કાયદાના અમલદાર તરીકે નશાબંધીના કાયદા વિરુદ્ધ જાહેરમાં બોલવા બદલ PSI સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે કે કેમ તેના પર સૌની નજર ટકેલી છે.બોટાદ જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા આ વાયરલ વીડિયોની નોંધ લઈને તપાસના આદેશ અપાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

**મોરબીના રાજમાતા વિજયાકુંવરબાનું નિધન**

## ન્યૂ પેલેસ ખાતે અંતિમ દર્શન બાદ ધોળેશ્વર સ્મશાનગૃહમાં કરાશે અંતિમવિધિ



મોરબી : મોરબીના રાજવી પરિવારના વરિષ્ઠ સભ્ય અને રાજમાતા વિજયાકુંવરબાનું અવસાન થતાં સમગ્ર મોરબી શહેર અને પંથકમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. રાજમાતાના નિધનના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ પ્રજાજનો અને મોરબીના રાજવી પરિવારના શુભેચ્છકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. તેમની ચિરવિદાયથી મોરબીએ એક આદરણીય અને સ્નેહાળ વ્યક્તિત્વ ગુમાવ્યું છે, જેને પગલે સમગ્ર નગરમાં શોકનું મોજું ફરી વળ્યું છે.રાજમાતાના દેહને મોરબી સ્થિત ન્યૂ પેલેસ ખાતે અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો છે. તેમના અંતિમ દર્શન કરવા માટે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાંથી રાજવી પરિવારો અને તેમના સભ્યો ખાસ મોરબી દોડી આવ્યા છે. આ ઉપરાંત રાજ્યના મંત્રીઓ, રાજકીય નેતાઓ, સામાજિક સંગઠનોના હોદ્દેદારો તેમજ મોરબીના વિશાળ સંખ્યામાં નગરજનોએ ન્યૂ પેલેસ પહોંચીને રાજમાતાના દર્શન કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. રાજમાતા વિજયાકુંવરબાની અંતિમયાત્રા રાજવી પરંપરા અને પૂર્ણ સન્માન સાથે મોરબીના ન્યૂ પેલેસ ખાતેથી નીકળશે. આ અંતિમયાત્રા શહેરના નિશ્ચિત માર્ગો પરથી પસાર થઈને ધોળેશ્વર સ્મશાનગૃહ ખાતે પહોંચશે.

## નજીવી કિંમતે IDBI બેંક વેચવાનો આરોપ

# 3.50 લાખ કરોડની બેંક ડિપોઝિટ મોદી સરકારે વિદેશીઓના ભરોસે

(એજન્સી) નવી દિલ્હી | તા.18

કેન્દ્ર સરકારે IDBI બેન્ક કેનેડાની કંપનીને 52,808 કરોડમાં વેચતા બેન્ક કર્મચારીઓમાં રોષ ભભૂક્યો છે. ગુજરાતના કર્મચારી યુનિયને કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યો. 1964માં સ્થપાયેલી અને 3,50,000 કરોડની ડિપોઝીટ ધરાવતી આ નફાકારક બેન્કનું વિદેશીકરણ આત્મનિર્ભરતા વિરુદ્ધ હોવાનું યુનિયને જણાવ્યું. સરકારે 70 વર્ષમાં પ્રજાના પૈસે બનેલી સંપત્તિ વેચી હોવાનો આક્ષેપ પણ કરાયો. ભારતના ઉદ્યોગોને વિકાસ માટે નાણાં આપવા સંસદમાં પસાર થયેલા કાયદા હેઠળ 1 જુલાઈ 1964માં સ્થપાયેલી અને 1976માં સીધી સરકારની માલિકી ટ્રાન્સફર થઈ તે આઈ.ડી.બી.આઈ. (ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા) કે જેમાં દેશવાસીઓના રૂ. 3,50,000 કરોડની ડિપોઝિટ પડી છે તે વિદેશી હાથમાં સોંપી દેવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે આ ઘટનાની ગંભીરતા સુપેરે સમજતા બેન્ક કર્મચારીઓમાં




તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે અને કાળી પટ્ટી બાંધીને વિરોધ કરાયો હતો. ગુજરાતના બેન્ક કર્મચારી યુનિયને જણાવ્યું કે ગત તા. 14-10-2026ના ઓદ્યોગિક વિકાસ બેન્ક (આઈ.ડી.બી.આઈ.)ને માત્ર રૂ. 53 હજાર કરોડમાં વેચવાનો નિર્ણય નરેન્દ્ર મોદીની સરકારની કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેયર્સની બેઠકમાં લેવાયો હતો. જનતાના પૈસે ઉભી કરાયેલા બેન્ક હવે ખાનગી હાથોમાં જશે. ભારતના ઈતિહાસમાં આ એવી સરકાર છે જેણે 70 વર્ષમાં જ પ્રજાના પૈસે નિર્માણ થયેલી સંપતિનું નિલામ કર્યું છે. અગાઉ એર ઈન્ડિયાને માત્ર રૂ. 18 હજાર કરોડમાં ખાનગીકરણ બાદ દેશ માટે આ સૌથી મોટો ખોટો સોદો કરાયો છે. કેનેડાની કંપનીની 'ફેરફેક્સ ફાયનાન્શિયલ હોલ્ડિંગ્ઝની પેટા કંપની કેનેડા ઈન્ક.ને માત્ર રૂ. 52,808 કરોડની નજીવી કિંમતે આ તગડો નફો કરતી બેન્ક વેચી દીધી છે. આ બેન્કે ગત ત્રણ વર્ષમાં અનુક્રમે રૂ. 5600 કરોડ, 7500 કરોડ અને 9500 કરોડનો મોટો નફો કર્યો છે અને નફો કરતી બેન્ક વેચાઈ છે. આ બેન્કમાં સરકાર પાસે 45.47 ટકા અને એલ.આઈ.સી. પાસે 49.24 ટકા સહિત 94.72 ટકા હિસ્સો હતો જે હવે માત્ર 15 ટકા રહેશે. બેન્ક ઉપર 60.72 ટકા કબજો વિદેશી કંપનીનો રહેશે. કર્મચારી સંગઠને જણાવ્યું કે આ સોદો એ બેન્કનું ખાનગીકરણ માત્ર નથી પરંતુ વિદેશીકરણ છે. આત્મનિર્ભરતાની વાતોથી તદ્દન વિપરીત આ નિર્ણય છે. સરકાર દેશમાં નફો કરતી અને અર્થતંત્ર માટે વ્યુહાત્મક મહત્વની બેન્કો વિદેશી રોકાણકારોને આપી દેવા માંગે છે અને જાહેરક્ષેત્રની બેન્કોને નબળી પાડવાનો વ્યૂહ છે.

### ઇન્દિરા ગાંધી-કોંગ્રેસના શાસનમાં 20 મોટી બેન્કો રાષ્ટ્રીયકૃત થઈ હતી

આજે આઇડીબીઆઇ બેન્ક વિદેશ હાથમાં સોંપવાનો ગંભીર વિવાદ ચાલે છે ત્યારે બીજી તરફ સ્વ.વડાપ્રધાન ઇન્દિરા ગાંધી અને કોંગ્રેસના શાસનકાળમાં બેન્કિંગ ક્ષેત્રનો દેશના ગ્રામ્ય વિસ્તારના ગરીબોને લાભ મળે તે હેતુ દર્શાવીને 19 જુલાઈ 1969ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત 14 મોટી બેન્કો અને 15 એપ્રિલ 1980ના વધુ 6 બેન્કો સહિત 20 બેન્કો રાષ્ટ્રીયકૃત કરી ને સરકાર હસ્તક લીધી હતી. જો કે આ 20 બેન્કોમાં વધારો તો દૂરની વાત છે પરંતુ, એન.ડી.એ.શાસનમાં મર્જિંગ થતા 12 બેન્કો કાર્યરત રહી છે.

## SBI ના ગ્રાહકોને ઝટકો

# હોમ લોનના વ્યાજદરમાં કર્યો વધારો, હવે કેટલી વધશે તમારી EMI

(એજન્સી) નવી દિલ્હી | તા.18

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ પોતાના હોમ લોનના વ્યાજદરોમાં વધારો કરવાની જાહેરાત કરી છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા રેપો રેટમાં કરાયેલા વધારા બાદ SBI એ હોમ લોનના વ્યાજમાં 25 બેસિસ પોઈન્ટ (0.25%) નો વધારો કર્યો છે. બેંકના આ નિર્ણયથી ગ્રાહકો માટે લોનનો ખર્ચ વધશે અને હવે માસિક હપ્તો (EMI) અથવા લોનની અવધિ (Tenure) વધી શકે છે. બેંકના જણાવ્યા મુજબ, સંશોધિત વ્યાજદરો 15 ઓક્ટોબર, 2026 થી અસરકારક થઈ ચૂક્યા છે.

જોકે, આ વધારો તમામ પ્રકારની લોન પર લાગુ થશે નહીં. સ્ટેટ બેંકે તેના એક્સટર્નલ બેંચમાર્ક લિંક્ડ રેટ (EBLR) અને રેપો લિંક્ડ લેન્ડિંગ રેટ (RLLR) માં વધારો કર્યો છે. તેથી માત્ર આ બેંચમાર્ક સાથે જોડાયેલી લોન ધરાવતા ગ્રાહકો પર જ આની અસર પડશે. સંશોધિત દરો બાદ હવે બેંકના અલગ-અલગ લોન પ્લાન પર વ્યાજદરો નીચે મુજબ રહેશે:રેગ્યુલર હોમ લોન: 7.50% થી 8.80% ની વચ્ચે હોમ લોન મેક્સગેન: 8.00% થી 9.30% ની વચ્ચેટોપ-અપ લોન: 8.00% થી 10.75% ની વચ્ચેટોપ-અપ ઓવરડ્રાફ્ટ લોન: 8.50% થી 11.25% ની વચ્ચે દર મહિને EMI માં કેટલો વધારો થશે?ધારી લઈએ કે વ્યાજદર 8% થી વધીને 8.25% થાય છે અને લોનની બાકીની અવધિ 20 વર્ષ છે, તો EMI પર નીચે મુજબ અસર પડશે:50 લાખની લોન પર: માસિક EMI માં આશરે 781 નો વધારો થશે.1 કરોડની લોન પર: માસિક EMI માં આશરે 1,563 નો વધારો થશે. માત્ર 0.25% નો સામાન્ય વધારો પણ લાંબા ગાળાની લોનમાં ચુકવણીનું ભારણ નોંધપાત્ર રીતે વધારી દે છે, તેથી ગ્રાહકો માટે પોતાની લોનનું નવું કેલ્ક્યુલેશન કરી લેવું જરૂરી છે.EMI વધારવી કે લોનની અવધિ?વ્યાજદર વધવા પર ગ્રાહકો પાસે બે વિકલ્પો રહે છે:માસિક EMI એટલી જ રાખીને લોનની અવધિ (ટર્મ) વધારવી: આનાથી માસિક બજેટ પર તાત્કાલિક બોજ પડતો નથી, પરંતુ લાંબા સમય સુધી વ્યાજ ચૂકવવું પડે છે.અવધિ એટલી જ રાખીને EMI માં વધારો કરવો: જો તમારું માસિક બજેટ અનુકૂળ હોય, તો EMI વધારી દેવાથી વધારાના વ્યાજમાંથી બચી શકાય છે.

## News Brief

### ₹134 કરોડનો રેલવેનો ઓર્ડર મળતાં આ કંપની ફોકસમાં, આજે શેર પર રહેશે નજર

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રેલવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર સાથે જોડાયેલી કંપની GPT Infraprojectsને પશ્ચિમ રેલવે તરફથી 134.11 કરોડનો નવો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર મળ્યા બાદ કંપનીની બાકી ઓર્ડર બુક વધીને 5,651 કરોડ થઈ ગઈ છે. કંપનીની સબસિડિયરી Alcon Builders and Engineers Private Limitedને રેલવેના રતલામ ડિવિઝન તરફથી આ કામ મળ્યું છે. શેરબજારમાં પણ આ કંપનીનો શેર ચર્ચામાં રહી શકે છે.

આ પ્રોજેક્ટ હેઠળ રેલવેના વિવિધ રૂટ પર સિગ્નલિંગ સિસ્ટમ લગાવવામાં આવશે. આ સિસ્ટમ ટ્રેનોની અવરજવરને વધુ સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવામાં મદદ કરે છે. પ્રોજેક્ટમાં ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ અને ડિજિટલ એક્સલ કાઉન્ટર લગાવવાનું કામ સામેલ છે. કેટલીક જગ્યાએ પહેલેથી લાગેલી સિસ્ટમમાં પણ જરૂરી ફેરફાર કરવામાં આવશે.

કંપનીને રતલામ ડિવિઝન હેઠળના ચાર રેલવે રૂટ પર કામ કરવાનું છે. તેમાં નાગદા-ઉજ્જૈન-તાજપુર, ફંદા-સંત હિરદારામ નગર, ઉજ્જૈન-કરછા અને માંગલિયાગાંવ-ઈન્દોર વચ્ચેના ડબલ રેલવે ટ્રેકનો સમાવેશ થાય છે. કંપનીએ નક્કી કરેલી શરૂઆતની તારીખથી 548 દિવસમાં આ પ્રોજેક્ટ પૂરો કરવાનો રહેશે. ઓર્ડરની કુલ કિંમત GST સહિત 134.11 કરોડ છે, જ્યારે GST વગર તેની કિંમત 113.65 કરોડ થાય છે. આ નવા ઓર્ડર બાદ GPT Infraprojectsની બાકી ઓર્ડર બુક 5,651 કરોડ થઈ છે. ઓર્ડર બુક એટલે કંપની પાસે એવા કેટલા કામ છે જે હજુ પૂરાં કરવાનાં બાકી છે. કંપનીને નાણાકીય વર્ષ 2027માં અત્યાર સુધીમાં કુલ 1,478 કરોડના નવા ઓર્ડર મળ્યા છે.

## વાહનોની વિવિધ કેટેગરીમાં ઇલેક્ટ્રિક વાહનોનો વ્યાપ હાલમાં ૧૦.૭ ટકા પર પહોંચી ગયો

# EVની માંગ ઉત્પાદન કરતાં વધુ, સપ્લાય ચેઇન પર જોવાતું દબાણ

અમદાવાદ : ઈલેક્ટ્રિક વાહનો (EV) ના વૃધતા વ્યાપને કારણે ઉત્પાદકો પર ઉત્પાદન વધારવાનું દબાણ આવી રહ્યું છે. ક્ષમતાની મર્યાદાઓ (કેપેસિટી કન્સ્ટ્રેઈન્ટ્સ), મર્યાદિત ઈન્વેન્ટરી અને સપ્લાય-ચેઇનમાં અવરોધોને લીધે માંગ પૂરી કરવાની તેમની ક્ષમતા પર અસર પડી રહી છે.વિવૃધ વાહન શ્રેણીઓમાં ઈલેક્ટ્રિક વાહનોની લોકપ્રિયતા વધવા સાથે વાહન ઉત્પાદકો મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારી રહ્યા છે, પરંતુ ખાસ કરીને આગામી તહેવારોની સિઝન દરમિયાન સપ્લાયની અછત રોકવા માટે આ વધારાની ગતિ પૂરતી ન પણ હોય. ડેટા અનુસાર, વાહનોની વિવિધ કેટેગરીમાં ઈલેક્ટ્રિક વાહનોનો વ્યાપ હાલમાં ૧૦.૭% પર પહોંચ્યો છે. સપ્ટેમ્બર મહિનામાં પેસેન્જર વાહનોના રજિસ્ટ્રેશનમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો ૮.૫% રહ્યો હતો, જ્યારે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનો હિસ્સો ૧૧.૬% હતો. થ્રી-વ્હીલર સેગમેન્ટમાં આ પ્રમાણ નોંધપાત્ર રીતે વૃધારે, એટલે કે ૬૪.૯% હતો. આ વધતા વપરાશને કારણે ઉત્પાદકો પર ઉત્પાદન



વૃધારવા અને તેમના સપ્લાય નેટવર્કને મજબૂત કરવાનું દબાણ વૃધી રહ્યું છે.

ઈલેક્ટ્રિક પેસેન્જર વાહન ઉત્પાદક કંપની ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સમાં બુકિંગ ફેબ્રુઆરી ૨૦૨૬ પહેલાના સ્તર કરતા લગભગ ૨.૫ ગણું વૃધી ગયું છે, જેમાં પંચ. ઈવી અને નેક્સન.ઈવી મોખરે છે. કંપનીએ પ્રથમ ત્રિમાસિક ગાળાની સરખામણીએ બીજા ત્રિમાસિક ગાળામાં ઈલેક્ટ્રિક વાહનોમા ઉત્પાદનમાં લગભગ ૪૦% નો વૃધારો કર્યો હતો, જેનાથી ત્રિમાસિક હોલસેલ વેચાણ ૪૭,૦૦૦ યુનિટ્સથી વૃધુના રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું, જે એક વર્ષ અગાઉના સ્તર કરતાં લગભગ બમણું છે. તેમ છતાં, માંગ હજુ પણ પુરવઠા (સપ્લાય) કરતાં વૃધુ રહેલી છે. ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ક્ષેત્રે પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. એથર એનર્જીર્મ ઉત્પાદન ક્ષમતા વૃધારવાનું આયોજન કરી રહી છે. તેમ છતાં, કેટલાક રાજ્યોમાં વેઈટિંગ પિરિયડ લંબાઈને બે મહિના કે તેથી વૃધુ થઈ ગયો છે, જ્યારે ડીલર ઈન્વેન્ટરી અગાઉના લગભગ ૧૫ દિવસથી ઘટીને એક અઠવાડિયાથી પણ ઓછી થઈ ગઈ છે. હીરો મોટોકોર્પ પણ પોતાની માસિક ક્ષમતા વૃધારી રહી છે. બજાજ ઓટો ઉત્પાદકતામાં સુધારો કરીને અને વેન્ડર્સ પાસેથી વૃધુ ઉત્પાદન મેળવીને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ક્ષમતા દર મહિને ૬૦,૦૦૦ યુનિટ્સ કરવાની યોજના બનાવી રહી છે.

આ મુશ્કેલીઓ માત્ર મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ પૂરતી મર્યાદિત નથી. ઓટોમેકર્સે મોટર્સમાં વપરાતી રેર-આર્થ સામગ્રી સહિતના મહત્વપૂર્ણ કમ્પોનન્ટ્સ પર ચીનના પ્રતિબંધો, તેમજ પશ્ચિમ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવને કારણે વધતા ખર્ચ અને વિલંબ તરફ ધ્યાન દોર્યું છે.

## ઇન્ડોનેશિયાના શેરબજારમાં મચી ગયો હાહાકાર! 28 વર્ષનો સૌથી મોટો ઐતિહાસિક કડાકો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

ઈન્ડોનેશિયાના શેરબજારમાં અત્યારે ભારે હોબાળો મચી ગયો છે. બજારમાં એક જ દિવસમાં એવો મોટો કડાકો આવ્યો કે છેલ્લા 28 વર્ષનો રેકોર્ડ તૂટી ગયો. શુક્રવારે જકાર્તા કમ્પોઝિટ ઈન્ડેક્સ 11.57% સુધી ગગડી ગયો છે. આ જાન્યુઆરી 1998 પછી બજારનો એક જ દિવસનો સૌથી મોટો ઘટાડો ગણાય છે. આ મોટા વેચવાલીના દબાણથી રોકાણકારોને ભારે નુકસાન થયું અને બજારમાં ટ્રેડિંગ પણ થોડા સમય માટે અટકાવવું પડ્યું.

આ કડાકા પાછળ ગ્લોબલ ઈન્ડેક્સ પ્રોવાઈડર MSCI ની ચેતવણીને મોટું કારણ માનવામાં આવે છે. MSCI એ ઈન્ડોનેશિયાના બજારને અત્યારની ઈમર્જિંગ માર્કેટ કેટેગરીમાંથી હટાવીને સ્ટેન્ડઅલોન માર્કેટનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો આવું થશે, તો વિદેશી રોકાણકારો તરફથી મોટા પાયે વેચવાલી આવી શકે છે. શુક્રવારે ઈન્ડોનેશિયાનું બજાર લગભગ 8% ના કડાકા સાથે ખૂલ્યું હતું, જે પછી વેચવાલી એટલી ઝડપી બની કે ટ્રેડિંગ 30 મિનિટ માટે રોકવું પડ્યું. દેશના મોટા બેન્કિંગ સેક્ટરના શેરો પર સૌથી વધુ દબાણ જોવા મળ્યું. બેન્ક સેન્ટ્રલ એશિયા, બેન્ક રાક્યત ઈન્ડોનેશિયા અને બેન્ક મંદિરીના શેર લગભગ 15% સુધી તૂટી ગયા. આ ઉપરાંત ઈન્ડોનેશિયાનું ચલણ પણ અમેરિકન ડોલર સામે નબળું પડ્યું અને 18,070 ના સ્તરે પહોંચી ગયું. આ વર્ષે અત્યાર સુધીમાં ઈન્ડોનેશિયાના શેરબજારમાં લગભગ 40% નો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે.

MSCI એ ઈન્ડોનેશિયાના બજારમાં પારદર્શિતા, કંપનીઓના શેરોની માલિકી અને ટ્રેડિંગ સાથે જોડાયેલી વ્યવસ્થાઓ પર સવાલો ઉઠાવ્યા છે. સાદી ભાષામાં કહીએ તો કંપનીને ચિંતા છે કે બજારમાં શેરના માલિક કોણ છે અને તેમની લે-વેચ કેવી રીતે થઈ રહી છે, તેની માહિતી કેટલી ચોખ્ખી અને ભરોસાપાત્ર છે. આવા સંજોગોમાં જો MSCI ઈન્ડોનેશિયાના બજારનો દરજ્જો ઘટાડે છે, તો ત્યાં રોકાણ કરનારા ઘણા વિદેશી ફંડ્સ પોતાના પૈસા પાછા ખેંચી શકે છે. તેનાથી બજાર પર વધુ દબાણ વધી શકે છે.

## 6G માટે રિલાયન્સ જિયોનો મેગા પ્લાન, 3.60 લાખ ટાવર્સથી કનેક્ટિવિટીનું નેટવર્ક મજબૂત કરવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રિલાયન્સ જિયો ભારતમાં ટેલિકોમ સેક્ટરની દિશા બદલવા માટે સતત નવા પગલાં લઈ રહ્યું છે. હવે કંપનીએ 6G કનેક્ટિવિટી તરફ ઝડપથી આગળ વધવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કંપનીના જણાવ્યા મુજબ, આગામી સમયમાં નવી ટેકનોલોજી માટે મોટા પાયે નવું નેટવર્ક ઊભું કરવાની જરૂર નહીં પડે, પરંતુ હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો જ પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવશે. રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણીએ એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે કંપની 6G કનેક્ટિવિટી આપવા માટે પોતાના 360,000 ટેલિકોમ ટાવર્સના હાલના નેટવર્કનો ઉપયોગ કરશે. આ




360,000 ટાવર્સ સોફ્ટવેર અપગ્રેડથી સજ્જ થશે

પ્રક્રિયામાં મોટા પાયે સોફ્ટવેર અપગ્રેડ્સ કરવામાં આવશે, જેના કારણે નવું ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો મોટો ખર્ચ બચી જશે. આ સ્માર્ટ પ્લાનથી કંપનીના નાણાંની બચત થશે અને કામગીરી પણ અત્યંત ઝડપી બનશે.જિયો માત્ર મોબાઈલ નેટવર્ક કે 6G સેવા પૂરતું સીમિત રહેવા માંગતું નથી. કંપની પોતાના ઈન-હાઉસ વાયરલેસ સોલ્યુશનની મદદથી દેશના 100 મિલિયન પરિવારો સુધી હોમ બ્રોડબેન્ડ સેવા પહોંચાડવાનું લક્ષ્ય રાખી રહી છે. ભારતમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ દરેક ઘર સુધી પહોંચાડવા માટે આ એક મોટું પગલું સાબિત થશે. આજે જિયો પાસે 7,220 જેટલી ટેકનોલોજી પેટન્ટ્સ નોંધાયેલી છે. કંપની હવે પોતાની આ સ્વદેશી ટેકનોલોજીને વૈશ્વિક સ્તરે લઈ જવા અને દુનિયાના અન્ય દેશોના નવા માર્કેટ્સમાં ભાગીદારો સાથે જોડાણ કરવા સક્રિય બની છે. કંપનીનો મજબૂત રેવન્યુ ગ્રોથ સાબિત કરે છે કે તે ઈનોવેશન પર મોટો વિશ્વાસ ધરાવે છે. પોતાની પાસે પહેલેથી ઉપલબ્ધ સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને જિયો ભવિષ્યની ડિજિટલ ક્રાંતિ માટે સંપૂર્ણપણે તૈયાર છે.

## પશ્ચિમ એશિયા યુદ્ધ

### ફેબ્રુઆરીની સરખામણીએ કંપનીઓના નફામાં વૃદ્ધિનો અંદાજ સાત ટકા ઘટ્યો




મુંબઈ : પશ્ચિમ એશિયાના યુદ્ધની ભારતીય કંપનીઓના વેપાર પર પ્રતિકૂળ અસર પડવાનું શરૂ થયાના સંકેત મળી રહ્યા છે. વર્તમાન નાણાં વર્ષમાં દેશની મુખ્ય કંપનીઓના નફામાં ફેબ્રુઆરીમાં ૧૬.૫૦ ટકા વૃદ્ધિ થવાનો જે અંદાજ મુકાતો હતો તે અંદાજ લગભગ સાત ટકા જેટલો ઘટી હવે ૯.૨૦ ટકા પર આવી ગયો છે.એનએસઈના માર્કેટ પલ્સ રિપોર્ટમાં છેલ્લા એક વર્ષના સમયગાળામાં પાંચ જેટલા એનાલિસ્ટો દ્વારા આવરી લેવાયેલી ૨૦૦ કંપનીઓને સદર અભ્યાસમાં આવરી લેવામાં આવી છે. ફેબ્રુઆરીના અંતે પશ્ચિમ એશિયા યુદ્ધ ફાટી નીકળ્યા બાદ ઊર્જાના તથા કાચા માલના ખર્ચમાં વધારો થતા કંપનીઓના કામકાજ પર અસર પડી છે.અમેરિકા તથા ઈઝરાયલે સાથે મળી ફેબ્રુઆરીના અંતે ઈરાન પર હુમલા શરૂ કર્યા હતા. આ હુમલાથી ઈરાન નબળું પડી જશે તેવી ધારણાં રખાતી હતી પરંતુ સાત મહિના પછી પણ યુદ્ધ ચાલુ રહ્યું છે.જહાજોના અવરજવર માટે મધ્ય પૂર્વના મુખ્ય માર્ગ હોર્મુઝ ખાડી બંધ પડી જતા કાચા માલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે.ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ઊર્જા ક્ષેત્રની કંપનીઓ પર મોટી અસર પડી છે. ફેબ્રુઆરીમાં આ ક્ષેત્રની કંપનીઓની આવક વૃદ્ધિનો અંદાજ જે બે ટકા મુકાયો હતો તે હવે ૧૬.૯૦ ટકા ઘટાડો થવાની ધારણાં મુકાઈ રહી છે.આ સિવાયના પણ મોટાભાગના ક્ષેત્રોમાં આવક વૃદ્ધિ નરમ પડવાનો અંદાજ છે.કાચા માલના ભાવમાં વધારા ઉપરાંત રૂપિયામાં નબળાઈને કારણે આયાતી માલ વધુ મોંઘો બનવાને કારણે પણ કંપનીઓના નફા પર અસર પડી હોવાનો પણ અંદાજ મુકાઈ રહ્યો છે.ઉત્પાદન ખર્ચમાં વધારો છતાં ગ્રાહકો પર તે પસાર કરવામાં કંપનીઓ ધીમી ગતિએ આગળ વધી રહી છે, જેને કારણે તેમના માર્જિન પર દબાણ આવી રહ્યું છે. કંપનીઓના નફા પર દબાણ છતાં વર્તમાન નાણાં વર્ષ માટે દેશના આર્થિક વિકાસ દરને લઈને વિવિધ રેટિંગ એજન્સીઓએ તાજેતરમાં પોતાના અંદાજમાં વધારો કર્યો છે.

# RBIએ બેંકો માટે બદલ્યા CRRના નિયમો! સામાન્ય ગ્રાહકો પર શું થશે અસર

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી (રોકડ પ્રવાહ) ના સંચાલનને વધુ મજબૂત બનાવવા માટે મહત્વનો નિર્ણય લીધો છે. 16 ઓક્ટોબરથી અમલમાં આવેલા નવા નિયમ મુજબ, તમામ બેંકોએ દરરોજ તેમની નિર્ધારિત રોકડ અનામત (CRR) નો મોટો હિસ્સો RBI પાસે જાળવી રાખવો પડશે. આ ફેરફારનો મુખ્ય હેતુ નાણાકીય સિસ્ટમમાં વધારાની રોકડને વધુ અસરકારક રીતે નિયંત્રિત કરવાનો છે.RBI દ્વારા બેંકો માટે દૈનિક કેશ રિઝર્વ રેશિયો (CRR) ની આવશ્યકતાઓને કડક બનાવવામાં આવી છે. નવા નિયમ મુજબ, બેંકોએ 15 દિવસના સમયગાળા (Fortnight) દરમિયાન દરરોજ તેમના કુલ જરૂરી CRR ના ઓછામાં ઓછા ૯૯% ભાગ જાળવી રાખવો પડશે. આ પહેલાં બેંકોને કોઈપણ દિવસે જરૂરી અનામતના માત્ર 90% જાળવવાની છૂટ હતી, અને તેઓ બાકીના દિવસોમાં વધુ રકમ જમા કરાવીને સરેરાશ બેલેન્સ પૂરું કરી શકતા હતા.

નોંધનીય છે કે RBI એ બેઝ CRR રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. માત્ર દૈનિક ધોરણે જાળવવાની ટકાવારીમાં ફેરફાર કરવામાં આવ્યો છે.નવા નિયમથી સામાન્ય બેંક ગ્રાહકોએ ગભરાવાની જરૂર નથી. ખાતાના નાણાં પર કોઈ સીધી અસર નહીં થાય. આ નિર્ણયથી ગ્રાહકોના બેંક ખાતામાં જમા રકમ પર કે બેલેન્સ પર કોઈ સીધી વિપરીત અસર પડશે નહીં.

# બર્ગર સિંહે અમદાવાદમાં ત્રીજું આઉટલેટ શરૂ કર્યું, શહેરમાં વધુ 10 સ્ટોર ખોલવાની યોજના

અમદાવાદ : ભારતની સૌથી મોટી સ્વદેશી બર્ગર ચેઈન બર્ગર સિંહે અમદાવાદના શગુન એન્ટિલિયામાં પોતાનું ત્રીજું આઉટલેટ શરૂ કર્યું છે. આ નવા આઉટલેટ સાથે ગુજરાતમાં બ્રાન્ડનાં કુલ આઉટલેટની સંખ્યા 12 થઈ છે. પશ્ચિમ ભારતમાં બ્રાન્ડ માટે મહત્વના બજારોમાંના એક એવા ગુજરાતમાં તેની હાજરી વધુ મજબૂત બની છે.આ નવા આઉટલેટના પ્રારંભ સાથે બર્ગર સિંહ હવે ભારતમાં 100થી વધુ શહેરોમાં




200થી વધુ આઉટલેટ્સ મેનેજ કરે છે. અમદાવાદમાં યુવા અને ખાણીપીણીના શોખીન લોકો મોટી સંખ્યામાં છે. અહીંના લોકો નવા સ્વાદ અજમાવવા માટે હંમેશાં ઉત્સુક રહે છે. ભારતીય લોકોની પસંદ અને સ્વાદને અનુરૂપ બર્ગરને નવા અંદાજમાં રજૂ કરવાના વિચાર સાથે આગળ વધતી બ્રાન્ડ માટે અમદાવાદ સ્વાભાવિક રીતે જ અનુકૂળ બજાર છે.આ નવા આઉટલેટના પ્રારંભ અંગે બર્ગર સિંહના સહસ્થાપક નીતિન રાણાએ જણાવ્યું હતું કે, "અમદાવાદના લોકોએ બર્ગર સિંહને ઉષ્માભર્યો આવકાર આપ્યો છે. શગુન એન્ટિલિયામાં શરૂ થયેલું અમારું ત્રીજું આઉટલેટ આ બજારમાં રહેલી વિશાળ સંભાવના દર્શાવે છે.

## ૧ બિલિયન ડોલરથી વધુ વેલ્યુએશન ધરાવતી ૩૭ કંપનીઓ

# યુવાનો દ્વારા સંચાલિત કંપનીઓના વેલ્યુએશનમાં ૨૩ ટકાનો વધારો



અમદાવાદ : ૩૫ વર્ષથી ઓછી વયના યુવાનો દ્વારા ચલાવવામાં આવતી કંપનીઓનું કુલ મૂલ્યાંકન ૨૩% વૃધીને રૂ. ૪૮ લાખ કરોડ થયું છે. જેમાં વ્યવસાય ચલાવતા સ્થાપકો અને વારસદારોનો સમાવેશ થાય છે, તેમાં યુવાનોની સંખ્યા ગત વર્ષની સરખામણીએ ૧૫૫ થી ૧૬% વધીને ૧૮૦ થઈ ગઈ છે તેમ એક અહેવાલમાં જણાવાયું છે.

આ યાદીમાં પ્રથમ પેઢીના સ્થાપકોનો સમાવેશ થાય છે જેઓ ૫૦ મિલિયન ડોલર કે તેથી વૃધુ મૂલ્યના સાહસોનું નિર્માણ કરી રહ્યા છે અને આગામી પેઢીના લીડર્સ જેઓ ૧૦૦ મિલિયન ડોલર મૂલ્યના પારિવારિક વ્યવસાયોનું સંચાલન કરી રહ્યા છે. આ યાદીમાં ૧ બિલિયન ડોલરથી વૃધુ વેલ્યુએશન ધરાવતી ૩૭ કંપનીઓનો સમાવેશ થાય છે. આ સાહસો સામૂહિક રીતે ૫,૮૮,૦૦૦ થી વધુ લોકોને રોજગારી આપે છે. યાદીમાં રહેલા ૧૮૦ અગ્રણીઓમાંથી ૭૧% પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો છે. અહેવાલ મુજબ, સ્પેસ, ડિફેન્સ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતા સ્થાપકો સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ ક્ષેત્રના પ્રવેશકર્તાઓની સંખ્યા ચાર ગણી વધીને ૧૨ થઈ ગઈ છે. આ યાદીમાં ૨૩ મહિલાઓ સામેલ છે.

# એક્સપાયરી ફૂડના મામલે Blinkit અને Reliance મુશ્કેલીમાં, CEO અલબિંદર ધીંડસાનું પણ નામ સામે આવ્યું

(એજન્સી) મુંબઈ | તા.18

ઓનલાઈન ગ્રોસરી મંગાવતા હોવ તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ એક્સપાયરી થઈ ગયેલા ખાદ્યપદાર્થોના નિકાલને લઈને મોટી તપાસ શરૂ કરી છે. આ તપાસમાં Reliance Retail, Reliance Consumer, Blinkit અને Zomatoની Hyperpure સાથે જોડાયેલા અધિકારીઓનાં નામ સામે આવ્યાં છે. તેમાં Blinkitના CEO અલબિંદર ધીંડસાનું નામ પણ સામેલ છે. તપાસમાં એવો આરોપ છે કે એક્સપાયરી થઈ ગયેલા અને ગ્રાહકોએ પરત કરેલા




ખાદ્યપદાર્થોનો નાશ કરવાને બદલે તેમને ફરી બજારમાં પહોંચાડવામાં આવ્યા હોઈ શકે છે. તપાસના દસ્તાવેજો મુજબ, મોટી રિટેલ અને ક્વિક-કોમર્સ કંપનીઓના વેરહાઉસમાંથી એક્સપાયરી થઈ ગયેલા અથવા ગ્રાહકોએ પરત કરેલા ખાદ્યપદાર્થોનો નિકાલ કરવા માટે કોન્ટ્રાક્ટરોને સોંપવામાં આવતા હતા. પરંતુ FDAના અધિકારીઓને કેટલાક કિસ્સામાં આ સામાનનો ખરેખર નાશ કરવામાં આવ્યો હોવાના વિશ્વસનીય પુરાવા મળ્યા નહોતા. તપાસમાં એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે આ સામાન કોન્ટ્રાક્ટરો મારફતે ગેરકાયદે સોર્ટિંગ યાર્ડ સુધી પહોંચતો હતો. ત્યાંથી વેચી શકાય તેવો દેખાતો સામાન અલગ કરીને દલાલો અને અન્ય દુકાનદારો મારફતે ફરી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવતો હોવાની આશંકા છે. જો આ આરોપો સાચા સાબિત થાય, તો ગ્રાહકોની સુરક્ષા અને ખાદ્યપદાર્થોના નિકાલની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થઈ શકે છે. મહારાષ્ટ્ર FDAએ ગુરુવારે 5 સંસ્થાઓના લાઈસન્સ સસ્પેન્ડ કર્યાં હતાં. તેમાં Reliance સાથે જોડાયેલી 3 અને Eternal સાથે જોડાયેલી 2 સંસ્થાઓનો સમાવેશ થાય છે. Eternalની માલિકીની કંપનીઓમાં Blinkit અને Zomatoની Hyperpureનો સમાવેશ થાય છે. આ મામલે ફૂડ સેફ્ટી વિભાગે પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે. તપાસ દરમિયાન Reliance Retail, Reliance Consumer અને Zomato Hyperpureનાં કેટલાક વેરહાઉસની તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક કિસ્સામાં Hyperpureના પ્રતિનિધિએ જે કોન્ટ્રાક્ટરનું નામ આપ્યું હતું, તેને FDAના અધિકારીઓ શોધી શક્યા નહોતા. આ તપાસમાં Blinkitના CEO અલબિંદર ધીંડસા સહિત સંબંધિત કંપનીઓના અધિકારીઓનાં નામ સામેલ છે. જોકે, તપાસમાં નામ આવવું એ પોતે ગુનો સાબિત થવો નથી. તપાસના દસ્તાવેજોમાં એક્સપાયરી ખાદ્યપદાર્થોના નિકાલમાં થયેલી સંભવિત ગેરરીતિઓની તપાસ કરવામાં આવી રહી છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આ મામલે સંપર્ક કરવામાં આવતાં Reliance અને Blinkit તરફથી તાત્કાલિક કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો. કંપનીઓનો જવાબ સામે આવે તો મામલાની વધુ સ્પષ્ટતા થઈ શકે છે.

# જાફરાબાદ નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળા માં માનવમહેરામણ ઉમટ્યો : સાતમા દિવસે નાની બાળાઓ મહિલાઓ દ્વારા રાસગરબાની રમઝટ બોલાવી હતી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળામાં રાત્રીના સમયે મોટી સંખ્યામાં મહિલાઓ બાળકો યુવાનો દ્વારા દરરોજ માં ભગવતી ની આરાધના સાથે રાસગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. આજે માં ભગવતી ના સાતમા નોરતે આ સ્વદેશી મેળા માં પત્રકારો દ્વારા માં ભગવતી ની આરતી કરવામાં આવી હતી આ સ્વદેશી મેળા નો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક કલાકારો, ગૃહ ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી તેમના ઉત્પાદનોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો મહિલા મંડળો અને સખી મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ખાણીપીણી ની વસ્તુઓ અને ગૃહ વપરાશની ચીજવસ્તુઓ પણ આ સ્વદેશી મેળામાં મોટાપાયે વેચાણ થઈ રહ્યું છે. ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સૂચના અનુસાર આત્મનિર્ભર ભારત અને લોકલ ફોર વોકલ સંકલ્પનાને પ્રોત્સાહન ને મોટી સફળતા મળી રહી છે. આ સ્વદેશી મેળા માં સ્વદેશી ઉત્પાદનો , પરંપરાગત વાનગીઓ, હસ્તકલા અને ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ ઝાંખી સ્થાનિક કારીગરો અને નાના વેપારીઓ ને પ્રોત્સાહન આપતો આ મેળો આપણી પરંપરા, કલા અને સંસ્કૃતિને જાળવી રાખવાની સાથે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ દ્વારા આત્મનિર્ભર ભારતના



સંકલ્પનાને વધુ મજબૂત બની રહ્યો છે. આ સ્વદેશી મેળા માં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના પાવન પર્વ નવરાત્રિની ધાર્મિક આસ્થા, ભક્તિ અને ઉત્સાહના માહોલ વચ્ચે ગરબી નું આયોજન પણ કરવામાં આવ્યું છે. દરરોજ માં ભગવતી ની આરતી સાથે નાની બાળાઓ મહિલાઓ રાસગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. આ સ્વદેશી મેળામાં બાળકો ના મનોરંજન માટે વિવિધ રમતગમત ના સામાનો ઠેકઠેકાણે રંગબેરંગી લાઈટો થી સુશોભિત આ મેળા ની શાન વધારી રહ્યા છે. આ સ્વદેશી મેળામાં રાત્રીના સમયે મોટી સંખ્યામાં માનવમહેરામણ ઉમટી પડશે નગરપાલિકા ના આ સ્વદેશી મેળા નો આનંદ નાગરિકો માળી રહ્યા છે. આ સ્વદેશી મેળામાં દરરોજ અધિકારીઓ પદાધિકારીઓ પત્રકારો સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહેતા હોય છે. આ સ્વદેશી મેળામાં દરરોજ નગરપાલિકા સ્ટાફ ખડેપગે ઉભા રહી નાગરિકો માટે સેવા આપી રહ્યા છે. આ સ્વદેશી મેળામાં નિષ્ઠાવાન અને નિઃસ્વાર્થ અને પ્રામાણિક સેવા ભાવિક એવા પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા નાની મોટી સમસ્યાઓ ઉપર તથા કોઈ બનતી ઘટનાઓ ઉપર ખડેપગે ઉભા રહી બાજનજર રાખી રહ્યા છે. તેમની ટીમ આ સ્વદેશી મેળા માં બાળકો ની નાનીનાની બાળાઓ મહિલાઓ યુવાનો સિનિયર સિટીઝન ને કોઈ પણ જાતની પડતી અગવડ સામે તેનો નિકાલ સ્થળે થી નિકાલ કરવામાં આવી રહ્યો છે. નગરપાલિકા ની સ્ટ્રીટ લાઈટ વિભાગ તથા અન્ય વિભાગ રાત્રીના સમયે ખડેપગે ઉભા રહી લાઈટીંગ સમસ્યા હોય અન્ય સમસ્યાઓ દૂર કરવામાં આવી રહી છે. આ સ્વદેશી મેળામાં રાત્રીના સમયે વિવિધ ખાણીપીણી ના સ્ટોલ નો પણ નાગરિકો આનંદ માણી રહ્યા છે. વિવિધ ગૃહ વપરાશની ચીજવસ્તુઓ ની ખરીદી પર નાગરિકો દ્વારા કરવામાં આવી રહી છે. આ સ્વદેશી મેળામાં નગરપાલિકા પ્રમુખ શ્રી રવિનાબેન પ્રફુલ્લભાઇ બારૈયા તથા સેવાભાવી અને પ્રમાણીક એવા પ્રફુલ્લભાઇ બારૈયા તથા પત્રકાર મિત્રો તથા નગરપાલિકા સ્ટાફ મોટી સંખ્યામાં મહિલાઓ નાગરિકો ની બહોળી ઉપસ્થિતિમાં રાસગરબાની રમઝટ બોલાવી હતી બહોળી સંખ્યામાં લોકો આ સ્વદેશી મેળા ની મોજા મળી રહ્યા છે.

## ખેડૂતોએ બાગાયત ક્ષેત્રની નવી ત્રણ યોજનાઓનો લાભ લેવા આઇ-ખેડૂત પોર્ટલ પર તા. 30 ઓક્ટોબર સુધી અરજી કરી શકાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતાની નવી ત્રણ યોજનાઓને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. ખેડૂતોને આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે તા.૧૫/૧૦/૨૬થી ૩૦/૧૦/૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ અંતર્ગત બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોના વાવેતર વિસ્તારને વધારવાનો કાર્યક્રમ તમામ જાતિના ખેડૂતો માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત રાઇઝોમેટિક (આદુ, હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ માત્ર અનુસૂચિત જાતિના ખેડૂતો માટે તથા ફળ પાકોમાં ફ્રિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ તમામ જાતિના ખેડૂતો માટે અમલમાં મૂકવામાં આવ્યો છે.ખેડૂતો આ યોજનાઓનો લાભ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ (i-Khedut) પર ઓનલાઈન અરજી કરી શકશે. વર્ષ ૨૦૨૬-૨૭માં આઈ-ખેડૂત પોર્ટલ પર અગાઉથી નોંધણી કરાવેલ તેમજ નવા નોંધણી કરાવનાર ખેડૂતોએ સૌપ્રથમ પોતાના આધાર ઓથેન્ટિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ ઓનલાઈન અરજી કરી શકાશે. અરજી કરતી વખતે જરૂરી દસ્તાવેજો પોર્ટલ પર અપલોડ કરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢીને ખેડૂતોએ પોતાની પાસે સાચવી રાખવાની રહેશે. અરજીને મંજૂરી મળ્યા બાદ કન્ફર્મ કરેલી અરજીની નકલ સાથે જરૂરી સાધનિક/આધારભૂત દસ્તાવેજો જિલ્લા બાગાયત કચેરી ખાતે જમા કરાવવાના રહેશે.વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સરદાર બાગ પાસે, નીલમબાગ, લઘુકૃષિ ભવન, જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવા જિલ્લા બાગાયત વિભાગ દ્વારા જણાવાયું છે.

# નેત્રામાં નવરાત્રી મહોત્સવમાં જિલ્લા-તાલુકા પંચાયત સભ્યોનું સન્માન કરાયું



મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના નેત્રા ગામે સોમનાથ નગર ખાતે જોગમૈયા મહિલા મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ દરમ્યાન કચ્છ જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી નેહાબેન અશ્વિનભાઈ રૂપારેલ અને તાલુકા પંચાયત સભ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલે હાજરી આપી મહાઆરતી અને દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ બંને મહાનુભાવોનું સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.નેત્રા ગામે સોમનાથ નગર જોગમૈયા મહિલા મંડળના આયોજક નીતાબેન ભગવાનભાઈ જોશી તેમજ શ્રી મહાજન નવરાત્રી મિત્ર મંડળ રામ મંદિર ચોક ખાતે બન્ને મહાનુભાવો નું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બાલિકાઓને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી .આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો, મહિલા મંડળની બહેનો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પુંજ ઉત્સવ દરમિયાન કાયદો વ્યવસ્થાની જાળવણી અને ટ્રાફિક નિયમનને ધ્યાનમાં રાખી જાહેરનામું પ્રસિદ્ધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

માંગરોળ મરીન ખાતે પુંજ ઉત્સવ યોજાનાર હોય આ પુંજ ઉત્સવ દરમિયાન રબારી સમાજના લોકો સૌરાષ્ટ્ર, હાલર, બરડાઈ પંથકમાંથી ધાર્મિક શ્રદ્ધા રૂપે બહોળી સંખ્યામાં આશરે એક લાખ જેટલી જનમેદની એકત્રિત થનાર હોય જેમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ સોમનાથથી આવતા વાહનો માટે વેરાવળ ગડુ, ચોરવાડ, માંગરોળ થઈ માધવપુર પોરબંદર રોડ પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે આ રૂટના વૈકલ્પિક માર્ગ તરીકે સોમનાથથી ગડુ. ચોરવાડ, માંગરોળ થઈ માનખેત્રા, સુલતાનપુર, ભાટ સીમરોલી, બાલાગામના પાટીયા થઈ ચર ગામ, દિવરાણા ધાર, દિવરાણા ગામ, ખરેડા ફાટક, કંટાળી ફાટક, મેખડી ફાટક, આજક થઈ આંત્રોલી ચેકપોસ્ટ, માધવપુર થઈ પોરબંદર રોડ પરથી પસાર થઈ શકશે.તેમજ પોરબંદર થી આવતા વાહનો માટે માધવપુર, માંગરોળ, ચોરવાડ, ગડુ, વેરાવળ થઈ સોમનાથ રોડ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે આ રૂટના વૈકલ્પિક માર્ગ તરીકે માધવપુર, આંત્રોલી ચેકપોસ્ટ થઈ આજક, મેખડી ફાટક, કંટાળી ફાટક, ખરેડા ફાટક, દિવરાણા, દિવરાણા ધાર, ચર ગામ, બાલાગામ પાટીયા થઈ ભાટ સીમરોલી સુલતાનપુર, માંગરોળ, ચોરવાડ, ગડુ, વૈરાવળ, સોમનાથ રોડ પરથી પસાર થઈ શકશે. આ જાહેરનામું તા.૧૯/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી ૨૦/૧૦/૨૦૨૬ના બપોરના ૦૧:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ આદેશનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી ના અધ્યક્ષસ્થાને જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજિત આ બેઠકમાં ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી અરવિંદભાઈ લાડાણી અને શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં પ્રજાકીય પ્રશ્નોના હકારાત્મક નિવારણ અર્થે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોને લગતા પ્રજાલક્ષી પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરી અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે સંબંધિત વિભાગો વચ્ચે જરૂરી સંકલન જાળવી, પ્રજાલક્ષી પ્રશ્નોનું સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ લાવવા અધિકારી ઓને જરૂરી સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જમીન સંબંધિત વિવિધ પ્રશ્નો જેવા કે જમીનની માપણી, હદ નિર્ધારણ, પ્રોપર્ટી કાર્ડ ઉપરાંત વીજળી, રસ્તાઓ, માર્ગ અને મકાન વિભાગને લગતા કામો તથા પ્રવાસન વિકાસ સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જાહેર માર્ગો પર દબાણ દૂર કરવા અને પીવાના પાણી સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીશ્રીઓએ પ્રશ્નોના નિવારણ અર્થે જરૂરી પ્રત્યુત્તર પાઠવ્યા હતા અને તેના યોગ્ય ઉકેલ માટે પરામર્શ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી. એસ. બારડ અને પ્રાંત અધિકારીશ્રીઓ સહિત જિલ્લા સંકલન સમિતિના સભ્યો તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેથીમાં છુપાયેલું છે સ્વસ્થ વાળનું રહસ્ય

**મેથી વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદમાં પણ મેથીને ઘણી અસરકારક માનવામાં આવે છે. મેથીના સેવનથી વાળના વિકાસમાં મદદ થાય છે. આમાં ફાયબર, પ્રોટીન, કાર્બસ, ફેટ, આયર્ન અને મેગ્નેશિયમ હોય છે જે વાળના વિકાસ માટે ખૂબ જ ગુણકારી છે**





**મેથીની હેર સીરમ |** જો તમને વાળ ખરવાની સમસ્યા હોય તો તમે મેથીની હેર સીરમનો ઉપયોગ કરી શકો છો. તેનો ઉપયોગ વાળના વિકાસમાં મદદ કરી શકે છે. આ સીરમ તમારા વાળને સિલ્કી તો બનાવશે જ પરંતુ તેને અંદરથી સ્વસ્થ રાખવામાં પણ મદદ કરશે.

**ખરતા વાળ માટે મેથીનું સેવન ફાયદાકારક |** ખરતા વાળ માટે મેથીનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. શરીરમાં આયર્નની ઉણપને કારણે વાળ ઝડપથી ખરવા લાગે છે. ત્યારે મેથીના સેવનથી આયર્નની માત્રા વધે છે અને વાળ ખરતા પણ ઓછા થાય છે.

**મેથીનું પાણી |** મેથીનું પાણી વાળ માટે ખૂબ જ ગુણકારી છે. મેથીના દાણા ચામડીમાં રક્ત પ્રવાહને ઉત્તયજીત કરવામાં મદદરૂપ થાય છે અને વાળની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે વાળના ફોલિકલ્સને પણ પોષણ આપે છે. સાથે જ તેમાં એન્ટીઑક્સિડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો પણ છે જે ડેન્ડ્રફ દૂર કરવામાં મદદ કરે છે.

**મેથીનું તેલ |** મેથીનું તેલ વાળને ઘટ્ટ કરવા માટે રામબાણ છે. આ માટે સરસવ અથવા નાળિયેર તેલ લો અને તેમાં મેથી ચઢવા દો. ત્યારબાદ આ તેલને વાળના મૂળમાં લગાવો. તેના બાયોએક્ટિવ એન્ઝાઈમ વાળના વિકાસમાં મદદ કરશે.

**મેથી હેર માસ્ક |** મેથીને પીસીને તેમાં એલોવેરા મિક્સ કરો. પછી તેને તમારા વાળમાં લગાવો. આ તમારા વાળને અંદરથી સ્વસ્થ બનાવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત વાળનું ટેક્સચર પણ યોગ્ય રહે છે.

સ્ત્રીઓ ઘણીવાર નબળા, બરડ અને વાળ ખરવાનો અનુભવ કરે છે. મેથીના દાણા એક કુદરતી અને અસરકારક ઉપાય હોઈ શકે છે. વાળના સ્વાસ્થ્યને સુધારવા અને વાળના વિકાસને વેગ આપવા માટે સદીઓથી આયુર્વેદમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. મેથીનું પાણી : સૌથી સરળ રસ્તો એ છે કે મેથીના દાણાનું પાણી બનાવીને પીવો. ચમચી મેથીના દાણાને રાત્રે પાણીમાં પલાળી રાખો. સવારે તેને ગાળીને ખાલી પેટ પીવો. આ વાળના વિકાસને પ્રોત્સાહન આપે છે અને વાળના મૂળને મજબૂત બનાવે છે. મેથીની પેસ્ટ : 2 ચમચી મેથીના દાણાને આખીરાત પલાળી રાખો અને સવારે તેને પીસીને પેસ્ટ બનાવો.આ પેસ્ટને વાળના મૂળમાં લગાવો અને 30-40 મિનિટ પછી ધોઈ લો.આ વાળ ખરવાને નિયંત્રિત કરવામાં અને વાળની લંબાઈ વધારવામાં મદદ કરે છે. મેથીના દાણા અને નારિયેળ તેલ ભેળવીને વાળમાં માલિશ કરવી ખૂબ જ અસરકારક છે.થોડા ગરમ નારિયેળ તેલમાં 2 ચમચી મેથીના દાણા ઉમેરો.અઠવાડિયામાં બે વાર આ તેલથી તમારા માથાની ચામડીની માલિશ કરો.તે માથાની ચામડીનું પોષણ સુધારે છે અને વાળને જાડા બનાવે છે.

# રેનોએ નવી રેનો ડસ્ટર સાથે ભારતમાં ક્રાંતિકારી સ્ટ્રૉંગ હાઇબ્રિડ ઇ-ટેક ટેકનોલોજી રજૂ કરી

મુંબઈ | રેનો ગ્રુપની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, રેનો ઈન્ડિયાએ આજે ભારતમાં તેની વૈશ્વિક સ્તરે પ્રશંસા પામેલી મજબૂત હાઈબ્રિડ ઈ-ટેક 160 રજૂ કરવાની જાહેરાત કરી, જે દેશમાં કંપનીની વીજળીકરણ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ ટેકનોલોજી નવી રેનો ડસ્ટર સ્ટ્રૉંગ હાઈબ્રિડ ઈ-ટેક 160 પર ભારતમાં પ્રવેશ કરે છે, જે રેનોની વૈશ્વિક સ્તરે સાબિત હાઈબ્રિડ કુશળતાને પ્રતિષ્ઠિત SUV ની ક્ષમતા, વ્યવહારિકતા અને વૈવિધ્યતા સાથે જોડે છે. સાથે મળીને, ડસ્ટર અને ઈ-ટેક આધુનિક SUV માં કાર્યક્ષમતા, પ્રદર્શન અને રોજિંદા ઉપયોગિતા ઈચ્છતા ગ્રાહકો માટે એક આકર્ષક પ્રસ્તાવ બનાવે છે. ઈલેક્ટ્રિક ગતિશીલતા અને મોટરસ્પોર્ટ્સમાં રેનો ગ્રુપના વ્યાપક અનુભવ દ્વારા વિકસિત, ઈ-ટેક બાહ્ય ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર વગર, પેટ્રોલથી ચાલતા વાહનની સુવિધા સાથે ઈલેક્ટ્રિક ડ્રાઈવિંગના ફાયદાઓને જોડે છે.એવા સમયે જ્યારે ભારતીય ગ્રાહકો વધુને વધુ ઈંધણ-કાર્યક્ષમ, પર્યાવરણને અનુકૂળ અને ભવિષ્ય માટે તૈયાર ગતિશીલતા ઉકેલો શોધી રહ્યા છે, ત્યારે રેનો ઈ-ટેક ચાર્જિંગ ઍક્સેસ અને રેન્જની ચિંતાઓને દૂર કરતી વખતે રોજિંદા મુસાફરીના નોંધપાત્ર ભાગ માટે ઈલેક્ટ્રિક ડ્રાઈવિંગ અનુભવ પ્રદાન કરીને એક બુદ્ધિશાળી વિકલ્પ પ્રદાન કરે છે.નવી રેનો ડસ્ટર સ્ટ્રૉંગ હાઈબ્રિડ ઈ-ટેક 160 (Renault Duster Strong Hybrid E-Tech 160) આ અદ્યતન ટેક્નોલોજી ધરાવતું ભારતમાં રેનોનું પ્રથમ વાહન બન્યું છે. તે 'ઈવોલ્યુશન' (Evolution), 'ટેક્નો' (Techno) અને 'ઈમોશન' (Emotion) વેરિઅન્ટ્સમાં ઉપલબ્ધ છે, જેની શરૂઆતી કિંમત 16.99 લાખ રૂપિયા છે. રેનો સ્ટ્રૉંગ હાઈબ્રિડ ઈ-ટેક 160 માં 1.8-લિટર પેટ્રોલ એન્જિન, બે ઈલેક્ટ્રિક મોટર્સ, 1.4 kWh બેટરી પેક અને એક અદ્યતન મલ્ટી-મોડ ઓટોમેટિક ટ્રાન્સમિશન શામેલ છે, જે એકસાથે 160 પીએસનું સંયુક્ત આઉટપુટ ઉત્પન્ન કરે છે, જે સેગમેન્ટમાં શ્રેષ્ઠ ડિસ્પ્લેસમેન્ટ, બેટરીનું કદ, ઈંધણ અર્થતંત્ર અને ઉત્તેજક પ્રદર્શન પ્રદાન કરે છે.વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓમાં કાર્યક્ષમતાને મહત્તમ બનાવવા માટે રચાયેલ, સિસ્ટમ ડ્રાઈવિંગ આવશ્યકતાઓને આધારે આપમેળે ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને કમ્બશન મોડ્સ વચ્ચે સ્વિચ કરે છે. પરિણામ એક સીમલેસ ડ્રાઈવિંગ અનુભવ છે જે પ્રદર્શન, શુદ્ધિકરણ અને અસાધારણ ઈંધણ અર્થતંત્રને જોડે છે. નવી રેનો ડસ્ટર સ્ટ્રૉંગ હાઈબ્રિડ ઈ-ટેક 160 29 કિમી/લીટરની ARAI-પ્રમાણિત ઈંધણ કાર્યક્ષમતા પ્રદાન કરે છે, જ્યારે શુદ્ધ ઈલેક્ટ્રિક મોડમાં 80% સુધી શહેર ડ્રાઈવિંગને સક્ષમ બનાવે છે અને ડીઝલની તુલનામાં 29% સુધી ઈંધણ બચત પ્રદાન કરે છે. ડસ્ટરને વૈશ્વિક સ્તરે એક પ્રતિષ્ઠિત SUV બનાવનારી શક્તિઓ પર બનેલ, ડસ્ટર સ્ટ્રૉંગ હાઈબ્રિડ ઈ-ટેક 160, અદ્યતન ટેકનોલોજી સાથે મજબૂત SUV ક્ષમતાને જોડે છે. આ વાહન ડસ્ટર પાસેથી અપેક્ષિત કમાન્ડિંગ ડ્રાઈવિંગ પોઝિશન, વ્યવહારિકતા અને વૈવિધ્યતાને પ્રદાન કરે છે, જ્યારે રેનોની ઈ-ટેક સિસ્ટમ દ્વારા કાર્યક્ષમતા અને શુદ્ધિકરણ માટે એક નવો બેન્ચમાર્ક રજૂ કરે છે.

# રાજુલા વોર્ડ નંબર ૬ માં બનેલો રોડ અવરજવર માટે બંધ હતો તે સ્થાનિક કોર્પોરેટર ભાવેશભાઈ જાની દ્વારા ખુલ્લો કરાવ્યો



કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા શહેરમાં વોર્ડ નંબર છ ૬ માં બાંધકામ વિભાગ દ્વારા તાજેતરમાં નવો બની રહ્યો છે જે ભરત નગર પછી એક સાઈડ નો બની ગયેલ રોડ અવર જવર માટે બંધ હતો આ વિસ્તારમાં રહેતા લોકોને અને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવેલ હતો જેથી લોકોને ખુબજ મુશ્કેલી પડી રહી હતી હાલ નવરાત્રિ ના તહેવાર માં લોકોને આવવાં જવા માટે ખુબજ મુશ્કેલી પડી રહી હતી તે વાતની આ વિસ્તાર ના કોર્પોરેટ ભરતભાઈ જાની ને જાણ થતાં તુરંત બાંધકામ વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાકટર ને કહી રોડ બંધ કરવા માટે જે અવરોધ અને આડશ નાખેલ હતી તે પોતે રોડ ઉપર ઉભા રહી સત્વરે અવરોધ અને આડશ હટાવવાની કામગીરી હાથ ધરી અને લોકો માટે આ રોડ ખુલ્લો કરાવી અને લોકો ને અવર જવર અને વાહન વ્યવહાર માટે ચાલુ કરાવ્યો હતો.

# આઠમું અને નવમું નોરતું

દેહી સૌભાગ્ય આરોગ્યમ દેહી મે પરમ સુખમ્, રૂપમ્ દેહી જયમ્ દેહી યશો દેહી દ્વિષો જહીં..
દર વર્ષે નોરતા ની ધામધૂમ માં આપણે બધા શેરીઓ, સોસાયટીઓ અને ઘર મંદિર માં અખંડ દીવો,જવારા વાવી ને દુર્ગા સપ્તશતી નો પાઠ કરતા હોઈએ છીએ.ઢોલ નગારા અને લાઉડસ્પીકર પર વાગતા ગરબા ના તાલે આખી રાત ઘૂમીએ તો છીએ પણ "ગરબા" પાછળ નો હેતુ શું? આ વાત ખૂબ ઓછા લોકો જાણતા હોય છે. ઋષિ માર્કન્ડેય એ દુર્ગા સપ્તશતી માં માતાજી ના નવરાત્રિ ના નવ દિવસના પરાક્રમ નું વર્ણન કર્યું છે. નવરાત્રિ ના સાત દિવસ દરમિયાન માં ભગવતી દુર્ગા એ અસંખ્ય ઉદ્દંડ અસુરોનો વધ કર્યો હતો.આ કારણોસર નવરાત્રિ ના સાત નોરતા એ શક્તિ આરાધના ના માનવા માં આવે છે.લોકો નોરતા ના સાત દિવસ સુધી તામસિક ખોરાક ત્યજે છે ને કૌટુંબિક પરંપરા ના નિયમ ને અનુસરી ને અખંડ દીપ, દુર્ગા સપ્તશતી ના પાઠ,માતાજી ની પૂજા,પાંચ ગરબા ગાતા હોય છે.
આઠમું નોરતું : માઁ ભગવતી મહાગૌરી નું ગૌર વર્ણ નું અતિ સુંદર સ્વરૂપ નું ધ્યાન કરવામાં આવે છે.માઁ એ બે ભુજમાં ત્રિશૂળ, ડમરુ ધારણ કર્યું હતું ને ત્રીજો અને ચોથો હસ્ત અભય મુદ્રા અને વરદ મુદ્રા ધારણ કરેલ છે. વૃષભ પર બિરાજમાન માઁ મહાગૌરી દેવી સંપૂર્ણ બ્રહ્માંડ પર કબજો કરી શકે છે એક હસ્ત માં ધારણ કરેલ ડમરુ દ્વારા રાહુ કેતુ જેવા ભ્રામક ગ્રહ ને નિયંત્રણ મા રાખે છે. આ કારણોસર માઁ ભગવતી મહાગૌરી ની આરાધના થી જીવન માંથી ભ્રમ અને દૂર વ્યથા દૂર થાય છે.દેવી ભાગવત અનુસાર માઁ એ મહાદેવજી ને પતિ રૂપે પુનઃ પ્રાપ્ત કરવા માટે ઉગ્ર તપ કર્યું હતું. ભગવાન સદાશિવ એ પ્રસન્ન થઈ ને તપ ને લીધે માઁ નું કાળું થઈ ગયેલ મુખ પર ગંગાજળ થી અભિષેક કરતા પુનઃ સ્નિગ્ધ સફેદ બની ગયું હતું. ભગવાન ભોળાનાથ ના લગ્ન માતા પાર્વતી સાથે થયા ત્યારે એણે પ્રથમ વાર માતા પાર્વતીજીને "મહાગૌરી" ના નામથી સંભોધિયા હતા. આઠમાં નોરતે માઁ ભગવતી મહાગૌરી નું પ્રાગટ્ય થયું હતું આ દિવસે માતાજી સાત દિવસ દરમિયાન ધારણ કરેલ અતિ રૌદ્ર રૂપ ત્યજી ને સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું. માતાજી એ ચંડી,ચામુંડા, કાલી,મહાકાળી,દુર્ગા વગેરે સ્વરૂપ ધારણ કરીને સમગ્ર અસુર કૂળ નું નિકંદન કાઢ્યું હતું. સદાય ભગવાન સદાશિવના વામ સ્થાન પર બિરાજી ને વરદ હસ્તે મંદ મંદ મુસ્કાન સાથે ભક્તો પર દયા અને કૃપા કર્યા કરે છે.માઁ ભગવતી મહાગૌરી એ સમગ્ર સૃષ્ટી નો પ્રાણ અને એ ભગવાન સદાશિવ ના પ્રાણેશ્વરી છે. માઁ ની સૌમ્ય અને પ્રેમાળ દૃષ્ટિ ભક્ત પર પડતાં જ ભકતોના જીવનમાં સુખ, સમૃદ્ધિ શાંતિ અને સંપત્તિવાન બન્યા.આ કારણોસર માઁ ની કૃપા દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે આઠમાં નોરતે પંચામૃત,ગંગાજળ અને સુગંધી દ્રવ્યો થી માઁ ના સ્વરૂપ ની પૂજા કરવામાં આવે છે. લાલ રંગની આભલા ભરેલ ચૂંદડી અને આભૂષણ,ગુલાબ મોગરા ના ફુલ ની માળા અને કમળ ના ફૂલ થી માઁ ના સ્વરૂપ ને સજાવવા માં આવે છે. માઁ ના સ્વરૂપ ની આગળ અખંડ દીપ પ્રગટાવી અને ગૂગલ કપૂર કે અષ્ટાંગ ધૂપ કરવામાં આવે છે. અષ્ટમી ના દિવસે માઁ ભગવતી મહાગૌરી ની મીઠાઈઓ અને કૌટુંબિક પરંપરા પ્રમાણે નૈવેદ ધરાવવા માં આવે છે.પાંચ પ્રકાર ના સીઝન મુજબ ના ફાળો માતાજી ને ધરાવવામાં આવે છે.સાથે સૂકું કોપરું સાકાર સાથે અવશ્ય રાખવું.આ દિવસે નવરાત્રિ ના વ્રત ની પૂર્ણાહુતિ નિમિતે માતાજી ની કૃપા પ્રાપ્તિ માટે કુવારિકા પૂજન કરવામાં આવે છે.
નવરાત્રી ના આઠમા નોરતે નૈવેદ્ય ભોગ સામગ્રી ધરાવતા પહેલા ભક્તે પૂજા,ધ્યાન,અર્ચન,જપ અને આરતી કરવી અત્યંત આવશ્યક હોય છે.જો આ પાંચ માંથી એક ના થયું તો સમજો પૂજા નું પુરે પુરું પુણ્ય મળતું નથી.
૧ નવ નોરતા એકટાણું,ઉપવાસી કે નકોરડા વ્રત કરનાર ભકતો એ કુવારીકા પૂજન કરવું પડે છે.
૨ એક,ત્રણ,પાંચ,અગિયાર કુંવારીકા કન્યા નું પૂજન કરીને એને મનભવતા પ્રસાદ ખીર પૂરી કે કુળ પરંપરા અનુસાર નૈવેદ્ય નો પ્રસાદ પૂજા વિધિ બાદ જમાડવામાં માં આવે છે.
૩ ખીચડો,પુડલા,ખીર, સાથવો,પૂરી વગેરે વગેરે દસ બાર પ્રકાર ના વિવિધ નૈવેદ્ય આઠમાં નોરતે માઁ મહા ગૌરી ને નૈવેદ ધરાવવા માં આવે છે.
૪ ધાતુ ની વાટકી માં ખીર પ્રસાદ મૂકી ને કુંવારી કા પૂજન બાદ આપવા માં આવે છે.
૫ માઁ ભગવતી મહાગૌરી ને મોગરાનું સફેદ રંગ નું ફૂલ અત્યંત પસંદ છે એટલે પૂજા માં માઁ ને સફેદ મોગરાનું ફૂલ ચડાવવામાં આવે છે.
નવમું નોરતું:
સિદ્ધગંધર્વ યક્ષા દ્યૈરસુરૈરમરૈરપિ ।
સેવ્યમાના સદા ભૂયાત સિદ્ધિદા સિદ્ધિદાયની ॥
નવમું નોરતું માઁ સિદ્ધિદાત્રી નું પ્રાગટ્ય થયું હતું એટલે જ તો આ દિવસ ને શાસ્ત્રોક્ત માનવા માં



- રુપાલી દવે

આવે છે.જો માઁ ભગવતી સિધ્ધિ દાત્રી એ ભક્ત ની ભક્તિ થી પ્રસન્ન થયા તો એને મોક્ષ અને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. માઁ ભગવતી સિદ્ધિદાત્રી દેવી એ ચારેય હસ્તે શંખ,ગદા,કમલ નું ફૂલ અને ચક્ર ધારણ કર્યાં છે. આમ તો શાસ્ત્ર અનુસાર આઠમાં નોરતા ને માઁ મહાલક્ષ્મીનું અને નવમાં નોરતા ને માઁ મહા સરસ્વતી નું સ્વરૂપ માનવા માં આવે છે.આ કારણોસર જ નવરાત્રી ના નવમા અને આઠમાં દિવસે કન્યા પૂજન નું મહત્વ વધારે હોય છે. સિંહ વાહિની અને કમળ ના આસન પર બિરાજમાન માઁ સિદ્ધિ દાત્રી એ માઁ શતાવરી અને માઁ નારાયણી સ્વરૂપે પણ પૂજાય છે.
૧ પંચામૃત ગંગાજળ અને સુગંધી દ્રવ્યોથી માતાજી ના સ્વરૂપ પર અભિષેક કરવો.
૨.માઁ સિદ્ધિ દાત્રી ને ગુલાબી રંગ ખૂબ પસંદ છે એટલે માતાજી ના સ્વરૂપ પર ગુલાબી રંગની આભલા ભરેલ ચૂંદડી અર્પણ કરવી.
૩ માઁ ને ચંપા અને કમળ ના ફૂલ અતિ પ્રિય હોય છે એટલે આ ફૂલો ની માળા અર્પણ કરવી.
૪ નવમા નોરતે માતાજી ના હવન માં ભગવતી દુર્ગા દેવી સહિત તેના સાયુજ,હથિયાર અને અન્ય દેવી દેવતાનું નામ નું ઉચ્ચારણ કરીને હવન કરવો.
૫ માઁ સિદ્ધિ દાત્રી ને નૈવેદ પ્રસાદ ભોગ માં ચણા, ખીર પૂરી, હલવા પૂરી,નાળિયેર નો ભોગ ધરાવવો.
૬ હોમ હવન અને આરતી બાદ પ્રથમ કુંવારીકા ની પૂજા અને ભોજન બાદ જ નવરાત્રિ ના વ્રત ની પૂર્ણાહુતિ કરવી. કરાવવું.
૭ નવરાત્રિ ના વ્રત ના પૂર્ણાહુતિ અંતર્ગત એવી માન્યતા છે કે આ દિવસે ખાસ કરીને માતૃશક્તિ એટલે ઘર ના સ્ત્રીવર્ગ નું અપમાન ભૂલ થી ભુલ માં ન થાય એનું ધ્યાન રાખવુ.
દુર્ગા સપ્તશતી અનુસાર માઁ મહાકાળી,માઁ મહા લક્ષ્મી અને માઁ સરસ્વતી એ રણભૂમિ માં માઁ ચામુંડા, માઁ ચંડી,માઁ દુર્ગા,માઁ જગદંબા અને માઁ ભગવતીનું રૂપ ધારણ કરીને દેવો અને મનુષ્યને પીડિત કરનાર અસંખ્ય અસુરોનો સાત નોરતા માં મૂળ થી વધ કર્યો હતો.આ કારણોસર નવરાત્રિ નું આઠમુ અને નવમું નોરતું એ વિજય દિવસ નિમિતે ઉજવવા માં આવે છે.દેવો ની તકલીફ અને પીડા દૂર થતા દેવો અને મનુષ્યો એ માઁ ના કૃપા પ્રસાદ ની પ્રાપ્તિ માટે મોટાપાયે વિદ્વાન બ્રાહ્મણો આગળ હોમ હવન કરાવી માતાજી ને નૈવેદ્ય પ્રસાદ અર્પણ કર્યા બાદ નવરાત્રિ ના નવ દિવસ ના નકોરડા વ્રત ના પારણા કર્યા હતા.
મનુષ્યના જીવન ના સંઘર્ષ ના માર્ગ ને એનો ધર્મ અને વ્રતો જ સમાપ્ત કરી શકે છે.આ વાત હિન્દુત્વ ને અનુસરનાર ભારતીય આધુનિક સમાજ અને આજની યુવાપેઢીને સમજવું જરૂરી છે.

# ઈમરાન ખાન ભારત છોડવાની નોટિસ વિરુદ્ધ હાઈકોર્ટ પહોંચ્યો

## નોટિસને ગેર કાયદેસર ગણાવી; એક્ટર પાસેથી OCI કાર્ડ રદ કરવા અંગે માંગવામાં આવ્યો જવાબ



(એજન્સી) મુંબઈ | તા.18 મુંબઈની ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઑફિસ (FRRO)એ શનિવારે તેને બીજી નોટિસ પણ મોકલી છે. તેમાં પૂછવામાં આવ્યું છે કે તેનું ઓવરસીઝ સિટિઝન ઑફ ઈન્ડિયા (OCI) કાર્ડ શા માટે રદ ન કરવું જોઈએ. ઈમરાનને જવાબ આપવા માટે 15 દિવસનો સમય આપવામાં આવ્યો છે. પહેલી નોટિસમાં તેમને 28 ઑક્ટોબર પહેલાં ભારત છોડવા માટે કહેવામાં આવ્યું હતું.

ન્યૂઝ એજન્સી PTI મુજબ, ઈમરાને પોતાના વકીલ ઝુલ્ફિકાર મેમણ અને MZM લીગલ મારફતે અરજી દાખલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન કાયદા અથવા નિયમોમાં એવી કોઈ જોગવાઈ નથી, જે OCI કાર્ડધારકને શાંતિપૂર્ણ પ્રદર્શનમાં સામેલ થવાથી રોકે. ઈમરાન તરફથી જણાવાયું કે પોલીસે નોટિસ જારી કરતી વખતે કોઈ કારણ જણાવ્યું નહોતું અને તેના સમર્થનમાં દસ્તાવેજો પણ આપ્યા નહોતા. તેને પોતાનો પક્ષ રજૂ કરવાની તક પણ મળી નહોતી. અરજીમાં 10 ઑક્ટોબરે પોલીસ કસ્ટડીમાં લેવામાં આવવાને પણ ખોટું ગણાવવામાં આવ્યું છે. ઈમરાને જણાવ્યું કે નોટિસથી બંધારણના અનુચ્છેદ 14 અને 21નું ઉલ્લંઘન થયું છે. તેણે આક્ષેપ કર્યો કે તેના વિરુદ્ધ કાર્યવાહી એક રાજકીય પક્ષના નેતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ કરવામાં આવી.અરજીમાં સવાલ ઉઠાવવામાં આવ્યો કે યોગ્ય કાનૂની પ્રક્રિયા અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કેમ કરવામાં આવ્યું નહીં. ઈમરાને નોટિસ જારી કરવાનો આધાર પણ જાણવા માગ્યો છે. આ મામલે ચીફ જસ્ટિસ મહેશ ચંદ્ર ત્રિપાઠી અને જસ્ટિસ અદ્વૈત સેઠનાની બેન્ચ સમક્ષ વહેલી સુનાવણીની માંગ કરવામાં આવી શકે છે.

**એક્ટર ઈમરાન ખાને ભારત છોડવાની નોટિસને શનિવારે બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. તેણે તેને મનસ્વી, ગેરકાયદેસર અને અસંવૈધાનિક ગણાવી છે.**

ઈમરાન ખાને 10 ઑક્ટોબરે મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગને લઈને યોજાયેલા પ્રદર્શનમાં ભાગ લીધો હતો. પોલીસે તેમને ઑગસ્ટ ક્રાંતિ મેદાન પહેલાંના બેરિકેડ પર રોકી દીધા હતા. ત્યારબાદ તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. ઈમરાને કહ્યું કે બાદમાં તેમને મીડિયા દ્વારા જાણવા મળ્યું કે આ કેસમાં તેમનું નામ FIRમાં નોંધાયેલું છે.

તેની કાનૂની ટીમે પોલીસ પાસેથી વિસ્તારના CCTV ફૂટેજ આપવાની માંગ કરી છે, જેથી સ્પષ્ટ થઈ શકે કે તેઓ પ્રદર્શનમાં સામેલ હતા કે નહીં. તેમના વકીલે જણાવ્યું કે ઈમરાન તે દિવસે નાના ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા. રસ્તો બંધ હોવા અને મીડિયાકર્મીઓના સવાલો પૂછવા પર તેમણે નિવેદન આપ્યું હતું.

આ સમગ્ર મામલાની શરૂઆત ભાજપના પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાની ફરિયાદ બાદ થઈ હતી. સોમૈયાએ મુંબઈ પોલીસ અને એફઆરઆરઓને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, અમેરિકન નાગરિક હોવાને કારણે ઈમરાન ખાનનું રાજકીય પ્રદર્શનમાં સામેલ થવું OCI નિયમો અને વીઝાની શરતોનું સીધું ઉલ્લંઘન છે.

નાગરિકતા કાયદા મુજબ, ઓવરસીઝ સિટિઝન ઑફ ઈન્ડિયા (OCI) કાર્ડધારકોને ભારતમાં રહેવાની અને અવરજવર કરવાની સુવિધા મળે છે, પરંતુ તેમને ભારતમાં કોઈ રાજકીય અધિકાર નથી અને તેઓ કોઈ આંદોલનમાં ભાગ લઈ શકતા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ થયેલા CJPના પ્રદર્શનમાં સામેલ થવાને કારણે જ આ સમગ્ર કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે.

નાગરિકતા કાયદા મુજબ, ઓવરસીઝ સિટિઝન ઑફ ઈન્ડિયા (OCI) કાર્ડધારકોને ભારતમાં રહેવા અને આવવા-જવાની સુવિધા મળે છે, પરંતુ તેમને ભારતમાં કોઈ રાજકીય અધિકાર કે આંદોલનમાં ભાગ લેવાની મંજૂરી નથી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ થયેલા સીજેપીના પ્રદર્શનમાં સામેલ થવાના કારણે જ આ સંપૂર્ણ કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે. ઈમરાન ખાનની કમબેક ફિલ્મ 'અધૂરા હમ અધૂરા તુમ'ની રિલીઝ અને પ્રમોશન પર અસર પડી શકે છે. ફિલ્મને ડિસેમ્બરમાં નેટફ્લિક્સ પર રિલીઝ કરવાની યોજના હતી. ઈમરાન દિવાળી બાદ તેનું પ્રમોશન શરૂ કરવાના હતા, પરંતુ હાલની પરિસ્થિતિને કારણે યોજના પર સવાલો ઊભા થયા છે. અહેવાલ મુજબ, સ્થિતિ સ્પષ્ટ થાય ત્યાં સુધી ફિલ્મની ટીમ પ્રમોશન શરૂ કરવા માંગતી નથી. જોકે, ફિલ્મની સત્તાવાર રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ઈમરાન છેલ્લે 2015માં આવેલી ફિલ્મ 'કટ્ટી બટ્ટી'માં જોવા મળ્યા હતા. લગભગ 11 વર્ષ બાદ તેઓ ભૂમિ પેડનેકર સાથે ફિલ્મ 'અધૂરા હમ અધૂરા તુમ'થી કમબેક કરવા જઈ રહ્યા છે

# મુખર્જી પરિવારની દુર્ગા પૂજામાં રણબીર કપૂરે દર્શન કર્યા: પંડાલમાં હર્ષદીપ કૌર સાથે 'કબીરા' ગીત ગાયું















(એજન્સી) મુંબઈ | તા.18

રણબીર કપૂર શનિવારે સાંજે મુખર્જી પરિવારની દુર્ગા પૂજામાં સામેલ થયા. તેઓ મુંબઈના નોર્થ બોમ્બે સાર્વજનિન દુર્ગા પૂજા પંડાલમાં પહોંચ્યા. તેમણે અહીં દેવી દુર્ગાનાં દર્શન કર્યા.

રણબીર કપૂરે ગાયિકા હર્ષદીપ કૌર સાથે સ્ટેજ પર 'કબીરા' ગીત ગાયું. આ ગીત 2013માં આવેલી તેમની ફિલ્મ 'યે જવાની હૈ દીવાની'નું છે.

ત્યારબાદ રણબીરે હાથ જોડીને તસવીરો પડાવી. તે અયાન મુખર્જી અને પૂજામાં આવેલા કેટલાક અન્ય મહેમાનોને પણ મળ્યો. રણબીરની પરફોર્મન્સનો વીડિયો સામે આવ્યા બાદ ફેન્સ નૉસ્ટેલ્જિક થઈ ગયા. એક ફેને લખ્યું, "ઓએમજી, તે અહીં ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે."

બીજા ફેન્સે 'યે જવાની હૈ દીવાની'ના GIF કમેન્ટ કર્યા. એક ઉત્સાહિત ફેને લખ્યું, "ઓએમજી, જે રીતે નૉસ્ટેલ્જિયાએ મને અત્યારે ઘેરી લીધો છે." અન્ય એક ફેને હાર્ટ-આઈઝ ઈમોજી સાથે લખ્યું, "કેટલી સુંદર ક્ષણ છે." ઘણા ફેન્સે વીડિયો પર હાર્ટ અને હાર્ટ-આઈઝ ઈમોજી પણ કમેન્ટ કર્યા. નોર્થ બોમ્બે સાર્વજનિન દુર્ગા પૂજા પંડાલ મુંબઈના સૌથી પ્રતિષ્ઠિત અને ચર્ચિત દુર્ગા પૂજા પંડાલોમાંનો એક છે. તેને મુખર્જી પરિવારની દુર્ગા પૂજા તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં કાજોલ, રાની મુખર્જી અને અયાન મુખર્જીનો પરિવાર પૂજા કરે છે.

શનિવારે કાજોલ પરિવાર સાથે દુર્ગા પૂજા પંડાલમાં પહોંચી હતી. તેમની સાથે માતા તનુજા, બહેન તનિષા મુખર્જી, પિતરાઈ ભાઈ અયાન મુખર્જી, પુત્રી ન્યાસા દેવગન અને પુત્ર યુગ દેવગન પણ જોવા મળ્યા હતા.

અયાન મુખર્જી સાથે શિલ્પા શિરોડકર પણ પંડાલમાં પહોંચી હતી. બચ્ચન પરિવાર તરફથી જયા બચ્ચન અને તેમની પુત્રી શ્વેતા બચ્ચને પણ માતા દુર્ગાના દર્શન કર્યા.

# 'સ્પિરિટ'નું નવું પોસ્ટર રિલીઝ : પ્રભાસ કાળા કપડાં, ટોપી ને ચશ્મામાં દેખાયો, દીપિકા પર વાર્તા લીક કરવાનો આરોપ

**દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ પોતાની આગામી ફિલ્મ 'સ્પિરિટ'નું નવું પોસ્ટર રવિવારે સોશિયલ મીડિયા પર શેર કર્યું.**

(એજન્સી) મુંબઈ | તા.18

પોસ્ટરમાં ફિલ્મના મુખ્ય અભિનેતા પ્રભાસ કાળા કપડાં, ટોપી અને ચશ્મામાં જોવા મળી રહ્યા છે. તેમનો લુક ઘણો ગંભીર દેખાઈ રહ્યો છે. આ સાથે ફિલ્મની રિલીઝ તારીખ પણ જાહેર કરવામાં આવી છે. 'સ્પિરિટ' 29 ઑક્ટોબર 2027ના રોજ દિવાળીના અવસરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, પ્રણય રેડ્ડી વાંગા અને પ્રભાકર રેડ્ડી વાંગા ફિલ્મના નિર્માતા છે. મેકર્સે આ પહેલાં ફિલ્મમાંથી 2026ના નવા વર્ષના દિવસે પ્રભાસનો પહેલો લુક જાહેર કર્યો હતો. પોસ્ટરમાં તેઓ પીઠ પર ઈજાના નિશાન સાથે ગંભીર અંદાજમાં જોવા મળ્યા હતા.

પોસ્ટરમાં ફીમેલ લીડ તૃપ્તિ ડિમરી પ્રભાસના પાત્રને સિગારેટ સળગાવતી જોવા મળી હતી. જણાવી દઈએ કે ફિલ્મમાં વિવેક ઓબેરોય પણ છે. ઐશ્વર્યા દેસાઈ આ ફિલ્મથી ડેબ્યૂ કરી રહી છે.

સ્પિરિટમાંથી દીપિકા પાદુકોણના બહાર થવાને લઈને ફિલ્મ ચર્ચામાં આવી હતી. અહેવાલો અનુસાર, દીપિકાએ દરરોજ માત્ર 6થી 8 કલાકની શિફ્ટમાં કામ કરવાની શરત રાખી હતી, જેના માટે દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા સહમત નહોતા.

દરમિયાન, સંદીપ રેડ્ડી વાંગાના ભાઈ પ્રણય રેડ્ડી વાંગાએ સ્પિરિટમાંથી દીપિકાના બહાર થવાને લઈને મોટો દાવો કર્યો હતો. NTVને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે દીપિકાએ ફિલ્મ માટે ભારે ફી સાથે 10% નફામાં હિસ્સો માગ્યો હતો. નિર્માતાઓ તેમની માગ સાથે સંમત થયા નહોતા. ત્યારબાદ તેમણે અન્ય કલાકારો પર વિચારવાનું શરૂ કર્યું હતું. પ્રણયના જણાવ્યા મુજબ, આ દરમિયાન ફિલ્મની વાર્તા અને પાત્રોને લગતી માહિતી લીક થઈ ગઈ હતી. તેમણે કહ્યું હતું કે આનાથી દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા નારાજ થયા હતા. પ્રણયે નામ લીધા વિના દીપિકા પર સવાલો પણ ઉઠાવ્યા હતા. તેમણે પૂછ્યું હતું કે નિર્માતાઓની મહેનતથી તૈયાર થયેલી વાર્તા લીક કરવી કયું ફેમિનિઝમ છે. દીપિકા ફિલ્મમાંથી બહાર થયા બાદ પ્રભાસ સાથે તૃપ્તિ ડિમરીને કાસ્ટ કરવામાં આવી હતી.




આ ઉપરાંત પ્રણય રેડ્ડી વાંગાએ પોતાની ફિલ્મ 'રોમાંચકમ'ની સમીક્ષા કરનારા સમીક્ષકોને 'સ્પિરિટ'ને લઈને પડકાર્યા હતા. તેમણે કહ્યું હતું કે સમીક્ષકો તેમની આગામી ફિલ્મ 'સ્પિરિટ'ને પણ એ જ દૃષ્ટિકોણથી પરખે.

પ્રણયે કહ્યું હતું કે ફિલ્મ બનાવવી સરળ નથી હોતી. પ્રોડક્શનનો હિસ્સો બન્યા પછી જ ખબર પડે છે કે વાર્તાને પડદા પર ઉતારવામાં કેટલી મહેનત લાગે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સમીક્ષાઓ કોઈ ફિલ્મની કમાણી નક્કી કરતી નથી. ઘણી વખત ખરાબ સમીક્ષાઓ છતાં ફિલ્મો સારું પ્રદર્શન કરે છે.

પ્રણયે 'રોમાંચકમ'ની ટીકા પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે નાની ફિલ્મોને વધુ તપાસ અને ચકાસણીનો સામનો કરવો પડે છે. તેમણે સમીક્ષકોને 'સ્પિરિટ' સાથે પણ આવો જ અભિગમ અપનાવવાનો પડકાર આપ્યો હતો.

# હૈદરાબાદની માલિક કાવ્યા મારન બનશે મ્યુઝિક કંપોઝર અનિરુદ્ધની દુલ્હન

## 11 નવેમ્બરે ગ્રીસમાં સાત ફેરા લેશે, 21 નવેમ્બરે ચેન્નઈમાં રિસેપ્શન; PM મોદીને આમંત્રણ મળ્યું

(એજન્સી) મુંબઈ | તા.18



સન ગ્રુપના ચેરમેન કલાનિધિ મારનની પુત્રી કાવ્યા મારન, મ્યુઝિક કંપોઝર અનિરુદ્ધ રવિચંદર સાથે લગ્ન કરવા જઈ રહી છે. લગ્નનું રિસેપ્શન 21 નવેમ્બરે ચેન્નઈમાં રાખવામાં આવ્યું છે. કાવ્યાના માતા-પિતા, કલાનિધિ મારન અને કાવેરી મારને તાજેતરમાં જ વડાપ્રધાન મોદી, તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી અને તમિલનાડુ CM વિજય જોસેફ સાથે મુલાકાત કરી અને તેમને રિસેપ્શન માટે આમંત્રિત કર્યા.

કાવ્યા મારન અને અનિરુદ્ધ રવિચંદર પોતપોતાના જીવનના એક નવા પ્રકરણની શરૂઆત કરવા જઈ રહ્યા છે. તેમનું વેડિંગ રિસેપ્શન 21 નવેમ્બરે ચેન્નઈમાં થશે. લગ્નની તારીખની જાહેરાત હજુ થઈ નથી. જોકે, ઈન્ટરનેટ પર ચાલી રહેલા અહેવાલો મુજબ, આ જોડી 11 નવેમ્બરે ગ્રીસમાં લગ્નના બંધનમાં બંધાઈ શકે છે.

કાવ્યા મારન વિશે કાવ્યા મારન, સન ગ્રુપના ચેરમેન કલાનિધિ મારન અને કાવેરી મારનની પુત્રી છે. તે સન ગ્રુપના સ્વામિત્વવાળી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ફ્રેન્ચાઈઝી, સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલી મુખ્ય હસ્તીઓમાંથી એક છે. તેને IPL મેચમાં અવારનવાર જોવામાં આવે છે, જ્યાં તે ફ્રેન્ચાઈઝીનું પ્રતિનિધિત્વ કરે છે અને પોતાની ટીમને સપોર્ટ કરે છે.

કાવ્યા ક્રિકેટ ફેન્સની વચ્ચે, ખાસ કરીને IPL સીઝન દરમિયાન, એક જાણીતો ચહેરો બની ગઈ છે. મેચ દરમિયાન તેના રિએક્શન અવારનવાર સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચે છે, જેનાથી તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ખૂબ લોકપ્રિય થઈ ગઈ છે. ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન મળતી આ ચર્ચા છતાં, કાવ્યા સામાન્ય રીતે પોતાની અંગત જિંદગીને લાઈમલાઈટથી દૂર જ રાખે છે.

અનિરુદ્ધ રવિચંદરને તમિલ ફિલ્મ '3' (2012)ના પોતાના પહેલા સાઉન્ડટ્રેકથી વૈશ્વિક સ્તરે ઓળખ મળી, જેમાં 'વાઈ ધિસ કોલાવેરી ડી' ગીત વાઈરલ થઈ ગયું હતું. સાઉથ ઈન્ડિયન મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જ જલ્દી પોતાની મજબૂત જગ્યા બનાવતા, તેણે 'કૈથી' (2014) અને 'વૈલૈયિલ્લા પટ્ટાથારી' (2014) જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે ઘણા સુપરહિટ આલ્બમ આપ્યા. તાજેતરના વર્ષોમાં, અનિરુદ્ધે પોતાનું ક્ષેત્ર વધાર્યું છે અને 'માસ્ટર' (2021) તથા શાહરૂખ ખાનની 'જવાન' (2023) જેવી મેગા-હિટ ફિલ્મો માટે મ્યુઝિક તૈયાર કર્યું છે. તેણે અજિત કુમારની સર્વાઈવલ એક્શન થ્રિલર 'વિડામુયારચી' (2025) માટે પણ મ્યુઝિક આપ્યું. આ પછી, તેણે રજનીકાંતની બ્લોકબસ્ટર ફિલ્મ 'કૂલી' (2025) માટે મ્યુઝિક આપ્યું, જેણે દુનિયાભરમાં 500 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી.

# 'તે મુસીબતમાં પણ મારો સાથ ન છોડ્યો, તુ ખરેખર મારી જાન છે...', દેવાદાર અભિનેતાની પત્ની માટે ઈમોશનલ પોસ્ટ



(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવ હાલમાં ફિલ્મો કરતાં ચેક બાઉન્સ કેસને લઈને વધુ ચર્ચામાં છે. એક તરફ તેમણે સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે કે, 14 વર્ષ બાદ તેમને પક્ષ રજૂ કરવાની તક મળી, તો બીજી તરફ 22 કરોડના નવા દાવા સામે સવાલો ઉઠાવ્યા છે. આ દરમિયાન 55 વર્ષના રાજપાલ યાદવે સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ લખીને પત્ની રાધાનો આભાર માન્યો છે.

પત્નીને પરિવારનો 'હીરો' ગણાવતાં 'ભૂલભૂલૈયા'ના અભિનેતાએ કહ્યું કે, તેઓ ભાગ્યશાળી છે કે તેમના જીવનમાં રાધા જેવી વ્યક્તિ આવી, જેણે મુશ્કેલમાં મુશ્કેલ સમયમાં પણ તેમનો સાથ છોડ્યો નથી. શનિવારે રાધાનો જન્મદિવસ હતો. આ પ્રસંગે રાજપાલ યાદવે પત્ની સાથેની એક સુંદર તસવીર શેર કરીને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ તેમણે કહ્યું કે, જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં રાધા હંમેશાં તેમની સાથે ખડકની જેમ અડીખમ ઊભી રહી છે. રાજપાલ યાદવનો ચેક બાઉન્સ કેસ મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે સંબંધિત છે. સુપ્રીમ કોર્ટે આ મામલો મધ્યસ્થી માટે મોકલ્યો છે. આ સાથે જ યોગ્ય શરતોને આધીન રાજપાલ યાદવને પાસપોર્ટ જાહેર કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

# રણબીરે પૂણેનો એપાર્ટમેન્ટ મહિને 4.63 લાખ રૂ.ના માસિક ભાડે આપ્યો

મુંબઈ : રણબીર કપૂરે પૂણેના કલ્યાણીનગરમાં આવેલાં ટ્રમ્પ ટાવર એમાં આવેલો પોતાનો દસમા માળનો એપાર્ટમેન્ટ ત્રણ વર્ષ માટે લીવ એન્ડ લાઈસન્સ ધોરણે ભાડાં પર આપ્યો છે. ૬૦૯૪ ચોરસ ફૂટના આ એપાર્ટમેન્ટની સાથે ત્રણ કવર્ડ પાર્કિંગ સ્પેસીસનો પણ સમાવેશ થાય છે.

૨૦સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૯ સુધી માન્ય લીવ એન્ડ લાઈસન્સ કરાર અનુસાર પ્રથમ વર્ષ માટે માસિક ભાડું ૪.૬૩ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે તેમાં દર વર્ષે પાંચ ટકાનો વધારો થતાં બીજા વર્ષે માસિક ભાડું ૪.૮૬ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે માસિક ભાડું ૫.૧૧ લાખ રૂપિયા થશે. આ કરારમાં ૨૭.૭૮ લાખ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ વર્ષમાં રણબીર કપૂરને પોણાં બે કરોડ રૂપિયાની ભાડાંની આવક આ એપાર્ટમેન્ટમાંથી થશે.

આ એપાર્ટમેન્ટ રૂચિ ગોયલને ભાડે આપવા માટે છ ઓક્ટોબરે કરાર કરવામાં આવ્યો છે.

રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂર સાથે આ એપાર્ટમેન્ટ ૨૦૧૫માં તેર કરોડ રૂપિયામાં ખરીદ્યો હોવાનું મનાય છે. હાલ રણબીર કપૂર તેની આગામી ફિલ્મ રામાયણના પ્રમોશનમાં વ્યસ્ત છે.



# કુણાલ પંડ્યાને મળી કેપ્ટનશિપ, ભુવનેશ્વર કુમારના સ્થાને 34 વર્ષના બોલરને તક

(એજન્સી) નવી દિલ્હી | તા.18

Hong Kong Sixes 2026 માટે ભારતીય ટીમમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અનુભવી ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારની ટીમમાંથી વિદાય બાદ ઓલરાઉન્ડર કુણાલ પંડ્યાને ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભુવનેશ્વર કુમારને ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવતા હવે તેઓ હોંગકોંગ સિક્સેસમાં રમી શકશે નહીં. ભુવનેશ્વરના સ્થાને ગુજરાત ટાઈટન્સના 34 વર્ષીય ફાસ્ટ બોલર કુલવંત ખેજરોલિયાને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે જ (Hong Kong Sixes 2026 India Squad)માં પણ મહત્વનો ફેરફાર થયો છે. ભુવનેશ્વર કુમાર અગાઉ હોંગકોંગ સિક્સેસ માટે ભારતીય ટીમની કેપ્ટનશિપ કરવાના હતા. જોકે, ન્યૂઝીલેન્ડ પ્રવાસ અને હોંગકોંગ સિક્સેસની તારીખો વચ્ચે ટક્કર થતાં તેઓ આ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. ભુવનેશ્વરની ગેરહાજરીમાં કુણાલ પંડ્યાને ટીમની કમાન સોંપવામાં આવી છે. કુણાલ પાસે IPLમાં કેપ્ટનશિપનો અનુભવ પણ છે. તેમણે IPLમાં 6 મેચમાં કેપ્ટન તરીકે જવાબદારી સંભાળી છે, જેમાં 3 મેચમાં ટીમને જીત અપાવી હતી અને 2 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.ભારતનો ન્યૂઝીલેન્ડ પ્રવાસ 22 ઓક્ટોબરથી શરૂ થવાનો છે, જ્યારે Hong Kong Sixes ટૂર્નામેન્ટ 30 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી રમાવાની છે. બંને કાર્યક્રમોની તારીખો એકબીજા સાથે ટકરાતી હોવાથી ભુવનેશ્વર કુમારને હોંગકોંગ સિક્સેસમાંથી બહાર થવું પડ્યું છે. તેમના સ્થાને ગુજરાત ટાઈટન્સ સાથે જોડાયેલા 34 વર્ષીય ફાસ્ટ બોલર કુલવંત ખેજરોલિયાને ભારતીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. હવે તેઓ ટીમ માટે મહત્વની ભૂમિકા ભજવતા જોવા મળી શકે છે. કેપ્ટન બન્યા બાદ કુણાલ પંડ્યાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને ચાહકોને ટીમને સપોર્ટ કરવાની અપીલ કરી છે. તેમણે Hong Kong Sixes 2026 દરમિયાન ટીમ ઈન્ડિયાનો ઉત્સાહ વધારવા માટે ફેન્સને અપીલ કરી છે.

# પ્રિયાંશ આર્યએ એક નોંધપાત્ર સદી ફટકારી, ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પહેલી વાર આ સિદ્ધિ હાંસલ કરી



(એજન્સી) નવી દિલ્હી | તા.18

દિલ્હી રણજી ટ્રોફી 2026-27 ની બીજી મેચમાં ગુજરાતનો સામનો કરી રહ્યું છે, જ્યાં પ્રિયાંશ આર્યએ પ્રથમ ઈનિંગમાં પોતાની સદી ફટકારી હતી. દિલ્હીના ડાબા હાથના ઓપનર પ્રિયાંશ આર્યએ રણજી ટ્રોફીમાં શાનદાર સદી ફટકારી હતી. તેણે 125 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. રણજી ટ્રોફી 2026-27 ની બીજી મેચમાં દિલ્હી ગુજરાતનો સામનો કરી રહ્યું છે, જ્યાં પ્રિયાંશ આર્યએ પ્રથમ ઈનિંગમાં પોતાની સદી ફટકારી હતી. પ્રિયાંશ આર્યની સદી તેના માટે એટલી જ ખાસ છે જેટલી તે દિલ્હી ટીમ માટે છે. આ ઈનિંગે ગુજરાત સામે દિલ્હીની બગડતી પરિસ્થિતિને વધુ બગડતી અટકાવી. પ્રિયાંશ આર્યએ 125 બોલમાં પોતાની સદી પૂરી કરી, જેમાં 15 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. આ સદી પ્રિયાંશ માટે ખાસ છે કારણ કે તે તેની ફર્સ્ટ-ક્લાસ કારકિર્દીમાં તેની પહેલી સદી છે. તેણે આ સદી તેની ત્રીજી મેચમાં ફટકારી, જે તેની ચોથી ઈનિંગ હતી. આ પહેલા, તેની પાસે ત્રણ ઈનિંગમાં ફક્ત એક અડધી સદી અને 131 રન હતા.આ વર્ષે જાન્યુઆરીમાં તેની છેલ્લી ફર્સ્ટ-ક્લાસ મેચ રમનાર પ્રિયાંશ આર્યને ગુજરાત સામેની મેચમાં તક આપવામાં આવી હતી, દેવ લાકરાનું સ્થાન લેતા, જેમણે પાછલી મેચમાં પોતાનું ડેબ્યૂ કર્યું હતું. ડાબા હાથના બેટ્સમેનએ તક ઝડપી લીધી અને સદી ફટકારી. સ્પષ્ટપણે, દિલ્હી ટીમ મેનેજમેન્ટને તેમના નિર્ણય પર ગર્વ હોવો જોઈએ. પ્રિયાંશ આર્યએ સનત સાંગવાન સાથે ઓપનિંગ વિકેટ માટે 67 રનની ભાગીદારી કરી. આ ભાગીદારીમાં સાંગવાનનું યોગદાન ફક્ત 8 રન હતું. ત્યારબાદ, પ્રિયાંશ અને યશ ધુલએ બીજી વિકેટ માટે 20 રનની ભાગીદારી કરી. જોકે, પ્રિયાંશએ આયુષ દોસેજા સાથે ત્રીજી વિકેટ માટે બીજી અડધી સદીની ભાગીદારી કરી. આ પ્રક્રિયામાં, પ્રિયાંશ આર્યએ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તેની પ્રથમ સદી પણ બનાવી.



# ઈશાન કિશને ઈતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

ઈશાન કિશને T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક વર્ષમાં સૌથી વધુ ચોગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેણે આ સિદ્ધિ હાંસલ કરવા માટે પાકિસ્તાનના શાનદાર ચોગ્ગા ફટકાર્યા, જેનાથી તે T20I ક્રિકેટમાં સંપૂર્ણ સભ્ય ટીમોમાં વિશ્વનો નંબર 1 બેટ્સમેન બન્યો. તેણે પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાનનો રેકોર્ડ તોડ્યો, જેમણે

## બેંગલુરુમાં 3 ચોગ્ગા ફટકારીને રિઝવાન-સૂર્યાનો રેકોર્ડ તોડ્યો

મોહમ્મદ રિઝવાનને પાછળ છોડી દીધો છે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની T20 શ્રેણીની અંતિમ મેચ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. વરસાદને કારણે મેચ રદ થઈ ગઈ હતી, પરંતુ ઈશાન કિશને તેની 30 રનની ઈનિંગ સાથે ઈતિહાસ રચ્યો. તેણે 10 બોલમાં આ 30 રન બનાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો. કિશને તેની ઈનિંગ દરમિયાન 2 છગ્ગા અને 3 ચોગ્ગા પણ ફટકાર્યા. આ ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સાથે, તેણે મોહમ્મદ રિઝવાન અને સૂર્યકુમાર યાદવનો રેકોર્ડ તોડ્યો. ઈશાન કિશને T20I ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર બેટ્સમેન બન્યો.વેસ્ટ ઈન્ડિઝ સામેની છેલ્લી T20I મેચમાં, ઈશાન કિશને ત્રણ 2021 માં કુલ 119 ચોગ્ગા ફટકારીને આ રેકોર્ડ બનાવ્યો હતો.કિશને 2026 માં T20I ક્રિકેટમાં અત્યાર સુધી કુલ 122 ચોગ્ગા ફટકારીને મોહમ્મદ રિઝવાનનો પાંચ વર્ષ જૂનો વિશ્વ રેકોર્ડ તોડ્યો છે. ઝિમ્બાબ્વેનો બ્રાયન બેનેટ 2025 માં 109 ચોગ્ગા સાથે આ યાદીમાં ત્રીજા ક્રમે છે. ભારતના સૂર્યકુમાર યાદવ ચોથા ક્રમે છે, જેણે 2022 માં 106 ચોગ્ગા ફટકાર્યા હતા. પાકિસ્તાનનો બાબર આઝમ 2021 માં 99 ચોગ્ગા સાથે પાંચમા ક્રમે છે.

# 8-8 બેટ્સમેનોથી કંઈ નહીં વળે! ટીમ ઈન્ડિયાની ફ્લોપ બોલિંગ પર ભડક્યા સુનીલ ગાવસ્કર



(એજન્સી) નવી દિલ્હી | તા.18

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની 5 મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી 2-2ની બરાબરી પર સમાપ્ત થઈ છે.બેંગલુરુમાં પાંચમી મેચ વરસાદમાં ધોવાઈ ગઈ,પરંતુ આ આખી સિરીઝ દરમિયાન ભારતીય બોલરોનું પ્રદર્શન ભારે ચર્ચા અને ટીકાનો વિષય બન્યું છે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની 5 મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી 2-2ની બરાબરી પર સમાપ્ત થઈ છે.બેંગલુરુમાં પાંચમી મેચ વરસાદમાં ધોવાઈ ગઈ,પરંતુ આ આખી સિરીઝ દરમિયાન ભારતીય બોલરોનું પ્રદર્શન ભારે ચર્ચા અને ટીકાનો વિષય બન્યું છે.કેરેબિયન બેટ્સમેનોએ ભારતીય બોલિંગ આક્રમણના લીરેલીરા ઉડાવીને અનેકવાર વિશાળ સ્કોર ખડકી દીધા હતા.ભારતીય ટીમની આ બોલિંગ નબળાઈઓ અને રણનીતિને લઈને ભારતના પૂર્વ મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ભારે ચિંતા વ્યક્ત કરી છે.ગાવસ્કરે પ્લેઈંગ-11માં 8 બેટ્સમેનોને રમાડવાની ભારતીય ટીમ મેનેજમેન્ટની રણનીતિ સામે આકરા સવાલો ઉઠાવ્યા છે.સુનીલ ગાવસ્કરના મતે,વધુ બેટિંગ વિકલ્પો અને બેટિંગમાં ઊંડાઈ રાખવાની લાલચમાં જો તમે નિષ્ણાત અને મુખ્ય બોલરોની સંખ્યા ઓછી કરી નાખો,તો ટીમને મોટું નુકસાન વેઠવું પડી શકે છે અને આ શ્રેણીમાં બરાબર એવું જ જોવા મળ્યું. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ ભારતીય બોલિંગને નિશાન બનાવીને શ્રેણીમાં 3 વખત 200થી વધુ રનનો સ્કોર બનાવ્યો હતો.એટલું જ નહીં,2 અલગ-અલગ મેચોમાં તો વિન્ડીઝે 240થી વધુ રનનો પહાડ જેવો સ્કોર બોર્ડ પર લગાવી દીધો હતો જેણે ભારતીય બોલિંગ લાઈન-અપની પોલ ખોલી નાખી હતી.



# મુસ્લિમ નેતાની વિનાશની ભવિષ્યવાણી બાદથી ફ્રાન્સ-ઇટાલીમાં સ્થિતિ બેકાબૂ!



(એજન્સી) યુએઇ | તા. 18

ફ્રાન્સ અને ઈટાલીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, સંસ્કૃતિ, સ્થળાંતર અને કટ્ટરવાદની ચર્ચા ફરી તેજ બની છે. UAEના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન જાયદ અલ નાહયાને 2017માં યુરોપને આપેલી ચેતવણી ફરી ચર્ચામાં આવી છે. તેમણે રાજકીય રીતે યોગ્ય દેખાવાના પ્રયાસમાં કટ્ટરવાદ સામે નિર્ણાયક પગલાં ન લેનાર દેશો ભવિષ્યમાં મુશ્કેલીનો સામનો કરી શકે તેવી ચિંતા વ્યક્ત કરી હતી. યુરોપના ફ્રાન્સ અને ઈટાલીમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે સંસ્કૃતિ, સ્થળાંતર અને કટ્ટરવાદને લગતી ચર્ચા ફરી તેજ બની છે. આ દરમિયાન સંયુક્ત આરબ અમીરાત (UAE)ના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન જાયદ અલ નાહયાને વર્ષ 2017માં યુરોપને આપેલી ચેતવણી ફરી ચર્ચામાં આવી છે. તેમણે રાજકીય રીતે યોગ્ય દેખાવાના પ્રયાસમાં કટ્ટરવાદ સામે નિર્ણાયક પગલાં લેવામાં નિષ્ફળ રહેલા દેશો ભવિષ્યમાં મુશ્કેલીનો સામનો કરી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, હાલનાં વિરોધ પ્રદર્શનોને તેમની ચેતવણીનું સીધું પરિણામ ભોગવવા માટે પૂરતા પુરાવા નથી. મે 2017માં રિયાધમાં યોજાયેલા ટ્વીપ્સ ફોરમ દરમિયાન શેખ અબ્દુલ્લા બિન જાયદે યુરોપમાં કટ્ટરવાદી પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણીને અવગણી યુક્રેને રશિયન તેલ સુવિધા પર કર્યો મોટો ડ્રોન હુમલો

(એજન્સી) યુક્રેન | તા. 18

યુક્રેને રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં એક મુખ્ય તેલ ટર્મિનલને નિશાન બનાવ્યું હતુ. યુક્રેનિયન કંપનીના જણાવ્યા અનુસાર, હુમલા બાદ ટર્મિનલ સંકુલમાં આગ લાગી હતી. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ફરી એકવાર તેલ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી છે. યુક્રેને શનિવારે રાત્રે રશિયા પર આ વર્ષે સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંનો એક કર્યો. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલામાં સેન્ટ પીટર્સબર્ગમાં એક મુખ્ય તેલ ટર્મિનલને નિશાન બનાવવામાં આવ્યું હતું. એક લોજિસ્ટિક્સ સેન્ટરને પણ અસર થઈ હતી. તેલ ટર્મિનલ સંકુલમાં આગ ફાટી નીકળ્યાના અહેવાલ છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને પાંચ અન્ય ઘાયલ થયા હતા. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને યુક્રેનને એકબીજાની ઊર્જા સુવિધાઓ પર હુમલા બંધ કરવા વિનંતી કરી છે. ટ્રમ્પે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને રશિયન તેલ સ્થાપનો પર હુમલો ન કરવા પણ કહ્યું હતું. જોકે, ઝેલેન્સકીએ તેમની વિનંતીને અવગણી હતી. આ યુક્રેન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના તણાવને વધુ વધારી રહ્યું છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે શનિવાર રાતથી રવિવાર સુધીમાં દેશના વિવિધ ભાગોમાં 1,015 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાઓનું મુખ્ય લક્ષ્ય સેન્ટ પીટર્સબર્ગ ઓઈલ ટર્મિનલ હતું. આ ટર્મિનલ વાર્ષિક 12.5 મિલિયન ટન તેલ સંભાળવાની ક્ષમતા ધરાવે છે. યુક્રેનિયન ડ્રોન ઉત્પાદક ફાયર પોઈન્ટે અહેવાલ આપ્યો છે કે હુમલા બાદ ટર્મિનલ પરિસરમાં આગ લાગી હતી. રશિયન વિતરણ કંપની ઓઝોને પણ અહેવાલ આપ્યો હતો કે સેન્ટ પીટર્સબર્ગમાં એક લોજિસ્ટિક્સ સેન્ટર પર હુમલો કરવામાં આવ્યો હતો.






# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, ભ્રષ્ટ-લાંચિયા અધિકારીઓ સામે કેસ ચલાવવા મંજૂરી જરૂરી નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા.18

સુપ્રીમ કોર્ટે લાંચ લેતા ઝડપાયેલા સરકારી અધિકારીઓ સામે સખત નિર્ણય સંભળાવ્યો છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદાના કેસમાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે, લાંચ માંગનાર જાહેર સેવક સામે કાર્યવાહી કરવા ઉપરી અધિકારીઓની પૂર્વ મંજૂરી જરૂરી નથી. રાજસ્થાનના એક કોન્સ્ટેબલના રૂ. 1.5 લાખની લાંચના કેસમાં કોર્ટે આ ચુકાદો આપ્યો, જેમાં જસ્ટિસ અંજારિયાએ નોંધ્યું કે લાંચ માંગવી એ ગુનાહિત કૃત્ય છે અને તેને સરકારી ફરજ ગણી શકાય નહીં.લાંચખોર સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય સંભળાવ્યો છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદા (Prevention of Corruption Act) સાથે જોડાયેલા એક કેસની સુનાવણી કરતી વખતે



સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ જાહેર સેવક (સરકારી કર્મચારી) લાંચ માંગતા ઝડપાય છે, તો તેની સામે કાનૂની કાર્યવાહી કે કેસ ચલાવવા માટે ઉપરી અધિકારીઓ પાસેથી પૂર્વ મંજૂરી (સંક્ષન) લેવાનું સુરક્ષા કવચ મળશે નહીં. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂની સંરક્ષણ માત્ર એટલા માટે આપવામાં આવ્યું છે જેથી અધિકારીઓ પોતાની ફરજ નિભાવતી વખતે પ્રામાણિકતાથી લીધેલા નિર્ણયો માટે અણહક મિશ્રા કે હેરાનગતિનો ભોગ ન બને.

જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટી અને જસ્ટિસ એન. વી. અંજારિયાની પીઠે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 17Aની વ્યાખ્યા કરતા આ ચુકાદો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કલમ વર્ષ 2018માં કાયદામાં ઉમેરવામાં આવી હતી, જેના નિયમ મુજબ કોઈપણ સરકારી કર્મચારી સામે સત્તાવાર મંજૂરી વગર પૂછપરછ કે તપાસ કરી શકાતી નહોતી.

આ સમગ્ર મામલો રાજસ્થાન પોલીસના એક કોન્સ્ટેબલ સાથે જોડાયેલો છે, જેના પર રૂ. 1.5 લાખની લાંચ માંગવાનો આરોપ હતો. તેણે પોતાની સામે નોંધાયેલી FIR અને ચાર્જશીટને રદ કરવા માટે અપીલ કરી હતી. રાજસ્થાનના એડિશનલ એડવોકેટ જનરલ સંસ્કૃતિ પાઠકની દલીલો સ્વીકારીને પીઠે આ અપીલ ફગાવી દીધી હતી. કોર્ટે અવલોકન કર્યું કે કલમ 17Aનું સુરક્ષા કવચ તમામ સરકારી સેવકો પર અંધાધૂંધ કે ભેદભાવ વગર લાગુ કરી શકાય નહીં.

ચુકાદો લખતાં જસ્ટિસ અંજારિયાએ નોંધ્યું કે લાંચની માંગણી કરવી એ સંપૂર્ણપણે ગુનાહિત કૃત્ય છે. આ કૃત્યને સરકારી ફરજો, કોઈ ભલામણ કે લીધેલા નિર્ણય સાથે કોઈ સંબંધ નથી. તેથી, આ કેસમાં કલમ 17A હેઠળનું રક્ષણ મેળવી શકાય નહીં અને પૂર્વ મંજૂરી ન હોવાના કારણે સમગ્ર કાર્યવાહી રદબાતલ ગણાય નહીં.

## દુર્ગા મંદિર બહાર VIDEO જોતા 7 ભક્તોને કારે કચડ્યાં, 3ના મોત, ઉત્તરપ્રદેશમાં રૂંવાડા ઊભા કરી દેતા ઘટના



બલરામપુર : ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લામાં એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. જિલ્લાના દેહાત ક્ષેત્રના ચરણગહિયા-બેલહા ગામમાં શનિવારે રાત્રે દૂર્ગા મંદિરની બહાર વીડિયો જોઈ રહેલા ગ્રામીણો પર એક બેકાબૂ કાર ચઢી ગઈ હતી. આ ભીષણ અકસ્માતમાં 3 લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે 4 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના રાત્રે આશરે 11 વાગ્યાની આસપાસ બની હતી. દૂર્ગા મંદિર ખાતે આરતી પૂરી થયા બાદ કેટલાક ગ્રામીણો રસ્તાની બાજુમાં પડદો (ટેન્ટ) લગાવીને મોબાઈલ કે અન્ય માધ્યમથી વીડિયો જોઈ રહ્યા હતા. તે જ સમયે ગૌરા ચોરાહા તરફ જતી એક અનિયંત્રિત કાર ટેન્ટનો ભાગ તોડીને ત્યાં બેઠેલા લોકો પર ચઢી ગઈ હતી.

અચાનક બનેલી આ ઘટનાથી આખી જગ્યાએ ચીખ-પૂકાર મચી ગઈ હતી. સ્થાનિક ગ્રામીણોએ તુરંત જ દોડી આવીને ઈજાગ્રસ્તોને મદદ પહોંચાડી હતી અને પોલીસને જાણ કરી હતી. આ અકસ્માતમાં પાટેશ્વરી પ્રસાદ ઉર્ફે મહેતા પ્રસાદ (ઉં.વ. 42), મનોજ સિંહ (ઉં.વ. 51) અને ગણેશ પાંડે (ઉં.વ. 45) નામના ત્રણ વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત થયા છે. આ દુર્ઘટનામાં છેદીરામ (ઉં.વ. 50), ઘોપરામ (ઉં.વ. 31), ડબ્લુ (ઉં.વ. 37) અને મુકેશ તિવારી (ઉં.વ. 30) ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ પીડિતો ચરણગહિયા-બેલહા ગામના જ રહેવાસી છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને તમામ ઈજાગ્રસ્તોને જિલ્લા મેમોરિયલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. અહીં બે ઘાયલોની તબિયત વધુ નાજુક જણાતા તેમને બેહરાઈચ રેફર કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ છે. સીઓ અભિષેક સિંહે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે પોલીસે અકસ્માત સર્જનાર કારને કબજે કરી લીધી છે અને ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લીધો છે. પ્રાથમિક તપાસ અને આશંકા મુજબ ડ્રાઈવર નશામાં હોઈ શકે છે, જો કે તેની સત્તાવાર પુષ્ટિ તબીબી તપાસ બાદ જ થશે.

## News Brief

### સીજેપીના સ્થાપક અભિજિત દીપકેને અંતે શાંતિ જાળવવાની શરતે જામીન

નવી દિલ્હી : દેશની મતદાર યાદીમાં સુધારણા કાર્યક્રમ 'સર' અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરૂદ્ધ આંદોલન કરી રહેલા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેને દિલ્હીની કોર્ટે શનિવારે શાંતિ જાળવવાની શરતે રૂ. ૫૦,૦૦૦ના બોન્ડ પર છોડવામાં આવ્યો હતો જ્યારે ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ એસોસિએશનની પ્રમુખ નેહા બોરાને શનિવારે વહેલી સવારે છોડી મુકાઈ હતી. દિલ્હીમાં શુક્રવારે સાંજે તિરંગા માર્ચ પહેલા નેહા બોરાની અટકાયત કરાઈ હતી જ્યારે દીપકેની ધરપકડ કરાઈ હતી, જેથી તેને શનિવારે કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેને શનિવારે દિલ્હીની એસઈએમ કોર્ટમાં વિશેષ કાર્યકારી મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરાયો હતો, જ્યાં કોર્ટે શાંતિ અને વ્યવસ્થા ભંગ નહીં કરવા સહિતની અનેક શરતોનું પાલન કરવા અને રૂ. ૫૦,૦૦૦ના બોન્ડ પર છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો.દીપકે પાસે શાંતિ અને વ્યવસ્થાનો ભંગ નહીં કરવા માટે શાંતિ બોન્ડ પર હસ્તાક્ષર કરાવાયા હતા. જોકે, દીપકેને અન્ય કેટલી શરતો પર જામીન અપાયા છે તેની માહિતી જાહેર થઈ નથી. જોકે, દીપકેના અન્ય સાથીઓ સૌરભ દાસ અને આશુતોષ રાંકા હજુ પણ ન્યાયિક અટકાયતમાં છે. સૂત્રો મુજબ અભિજિત દીપકે જંતર-મંતર પર વિરોધ માર્ચમાં જોડાય તે પહેલાં તેની અટકાયત થઈ હતી, જેથી તે કનોટ પ્લેસ ખાતની તિરંગા માર્ચમાં જોડાઈ શક્યો નહોતો. બીજીબાજુ સૌરભ દાસ અને આશુતોષ રાંકા ઈનકાર કરવા છતાં ચોરી છુપે જંતર-મંતર પહોંચી ગયા હતા.

## વિદ્યાર્થીઓ માટે સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# પ્રોફેશનલ કોર્ષ ચલાવતી કોલેજ-સંસ્થાનો અધવચ્ચે ફી નહીં વધારી શકે

(એજન્સી) નવી દિલ્હી | તા.18

સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓના હિતમાં મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે એન્જિનિયરિંગ-ફાર્મસી જેવા પ્રોફેશનલ કોર્સની ફી અભ્યાસ શરૂ થયા પછી વધારી ન શકાય. પશ્ચિમ બંગાળની 'ડો. બી.સી. રૉય એન્જિનિયરિંગ કોલેજ'ના 2023-27 બેચના ફી વિવાદમાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રવેશ પહેલાં જ સમગ્ર કોર્સની ફી નક્કી થવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ પર અચાનક આર્થિક બોજ ન પડે. સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓના હિતમાં એક મહત્ત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે એન્જિનિયરિંગ, ફાર્મસી અને અન્ય પ્રોફેશનલ કોર્સની ફી સામાન્ય રીતે અભ્યાસ શરૂ થયા પછી વધારી શકાશે નહીં. કોલેજમાં પ્રવેશ લેતા પહેલા જ સમગ્ર અભ્યાસક્રમની ફી અગાઉથી નક્કી થઈ જવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો યોગ્ય આર્થિક આયોજન કરી શકે.આ સમગ્ર મામલો પશ્ચિમ બંગાળની 'ડો. બી.સી. રૉય એન્જિનિયરિંગ કોલેજ'માં બી.ટેક.ના 2023-27 બેચની ફી સાથે જોડાયેલો છે. રાજ્ય સરકારે 16 ઓક્ટોબર 2023ના રોજ ખાનગી એન્જિનિયરિંગ, ફાર્માસી અને આર્કિટેક્ચર કોલેજો માટે ફીની નવી મર્યાદા નક્કી કરી હતી. ત્યારબાદ કોલેજે 15 ડિસેમ્બર 2023ના રોજ સંબંધિત વિદ્યાર્થીઓની સેમેસ્ટર ફી વધારી દીધી હતી અને ડેવલપમેન્ટ ફી પણ લાગુ કરી હતી. રિપોર્ટ મુજબ આના કારણે વિદ્યાર્થીઓ પર ફીનો બોજ અંદાજે 37.5 ટકા વધી ગયો હતો.આ ફી વધારાના નિર્ણય સામે વિદ્યાર્થીઓએ કલકત્તા હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો. હાઈકોર્ટની ખંડપીઠે ચુકાદો આપ્યો હતો કે નવી ફી વ્યવસ્થા માત્ર 16 ઓક્ટોબર 2023 કે ત્યારબાદ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પર જ લાગુ થઈ શકે છે. હાઈકોર્ટના આ નિર્ણય વિરુદ્ધ કોલેજ અને સંબંધિત પક્ષકારો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા.આ મામલે સુપ્રીમ કોર્ટમાં 'ડૉ. બી.સી. રૉય એન્જિનિયરિંગ કોલેજ એન્ડ એન્ઝ. વિરુદ્ધ પશ્ચિમ બંગાળ સરકાર અને અન્ય' કેસની સુનાવણી થઈ હતી. જસ્ટિસ પમિદિઘંતમ શ્રી નરસિંહ અને જસ્ટિસ આલોક અરાધેની પીઠે 14 ઓક્ટોબર 2026ના રોજ આ કેસમાં ચુકાદો આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સ્વ-ધિરાણ મેળવતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રોફેશનલ કોર્સની ફી ભણતરની વચ્ચે ક્યારેય બદલવી જોઈએ નહીં. વિદ્યાર્થીઓને પ્રવેશ લેતા પહેલા જ આખા કોર્સના ખર્ચની સ્પષ્ટ માહિતી મળવી અનિવાર્ય છે.ભારતના મોટાભાગના પરિવારો માટે પ્રોફેશનલ શિક્ષણ મેળવવું એક મોટો નાણાકીય બોજ સમાન હોય છે. ઘણા પરિવારો આ માટે એજ્યુકેશન લોન પણ લેતા હોય છે. આવા સંજોગોમાં અચાનક ફી વધવાથી મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ ખોરવાઈ જાય છે. જો કે, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે માત્ર અસાધારણ પરિસ્થિતિઓ (જેમ કે અચાનક મોટો આર્થિક સંકટ કે કાયદામાં ફેરફાર)માં જ ફી બદલવાની છૂટ મળી શકે છે. પરંતુ કોલેજો પોતાની ખામીઓ કે આયોજનના અભાવને છુપાવવા માટે આ છૂટનો દુરુપયોગ કરી શકશે નહીં. ફી નક્કી કરનારી સમિતિઓએ પણ વાસ્તવિક ખર્ચ અને ઓડિટ કરેલા આંકડાઓને ધ્યાનમાં રાખીને સમયસર પોતાનું કામ પૂરું કરવું પડશે.

## દિગ્વિજય સિંહનો મોટો ધડાકો,રામ મંદિર ટ્રસ્ટ અને જ્ઞાનેશ કુમાર પર ઉઠાવ્યા ગંભીર સવાલો!

નવી દિલ્હી : મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે રામ જન્મભૂમિ ટ્રસ્ટની કામગીરી અને ચૂંટણી પંચની મતદાર યાદી સુધારણા પ્રક્રિયા (SIR) પર ગંભીર સવાલો ઉઠાવીને રાજકીય ગરમાવો લાવી દીધો છે.ઇન્દોર પ્રેસ ક્લબમાં યોજાયેલી એક પત્રકાર પરિષદ દરમિયાન તેમણે રામ મંદિર નિર્માણ માટે જમીન ખરીદી, દાનની રકમનો હિસાબ અને દેશની ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે વ્યાપક તપાસની માગ કરી છે.આ સાથે જ તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર પર આરોપો લગાવી તેમના રાજીનામાની પણ માગ કરી છે. જોકે, આ આરોપોની હજુ સુધી કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.દિગ્વિજય સિંહે પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અગાઉ રામ મંદિર નિર્માણ સાથે જોડાયેલા ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સામેલ હતા.તેમણે સવાલ ઉઠાવ્યો કે જમીન ખરીદી સંબંધિત ફરિયાદો છતાં જવાબદારો સામે નક્કર પગલાં કેમ લેવાયા નથી.પૂર્વ મુખ્યમંત્રીએ એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું કે,ભાજપ સાથે જોડાયેલા લોકોએ અયોધ્યામાં એક જમીન આશરે 2 કરોડમાં ખરીદી હતી અને તેના બીજા જ દિવસે રામ જન્મભૂમિ ટ્રસ્ટે એ જ જમીન 18 કરોડમાં ખરીદી લીધી હતી.આ કથિત સોદા ઉપરાંત મંદિરના બાંધકામ,કોન્ટ્રાક્ટ અને ખર્ચની વિગતોની સ્વતંત્ર ઓડિટ અને તપાસ થવી જોઈએ તેવી માગ તેમણે કરી છે. વધુમાં તેમણે કોરોના કાળ દરમિયાન આરએસએસ (RSS)ના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પાછળ કથિત રીતે ખર્ચાયેલા 7 કરોડના સોર્સ અંગે પણ પ્રશ્નો કર્યા છે.ધાર્મિક કાર્યક્રમોના રાજકીય ઉપયોગનો આરોપ લગાવતા દિગ્વિજય સિંહે માગ કરી છે કે રામ મંદિર સહિત દેશના તમામ મુખ્ય મંદિરો અને મઠોની આવક-જાવકનું નિયમિત સ્વતંત્ર ઓડિટ થવું જોઈએ અને દાનની રકમનો હિસાબ સાર્વજનિક કરવો જોઈએ. તેમણે વર્તમાન રામ જન્મભૂમિ ટ્રસ્ટને વિખેરી નાખીને તેની જવાબદારી 'રામાલય ટ્રસ્ટ'ને સોંપવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

## હૈદરાબાદમાં નવરાત્રિના ગરબામાં દુર્ઘટના, લાઈટિંગ-લિફ્ટિંગ સ્ટ્રક્ચર ધસી પડતાં વિદ્યાર્થિનીનું મોત, બહેનની હાલત ગંભીર



તેલંગાણા : પશ્ચિમ બંગાળ બાદ હવે તેલંગાણાના હૈદરાબાદમાં નાદરગુલ સ્થિત MVSR એન્જિનિયરિંગ કોલેજમાં નવરાત્રિના ગરબામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ દુર્ઘટનામાં એક વિદ્યાર્થીનીનું મોત નીપજ્યું છે. જ્યારે અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. મૃતક વિદ્યાર્થીનીની ઓળખ સોના નારાયણ દાસ તરીકે થઈ છે. તે કોલેજમાં ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ (EEE) ના પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હતી.આ દુર્ઘટનામાં સોનાની બહેન મીના નારાયણ દાસ પણ ઘાયલ થઈ છે. તેની હાલત પણ ગંભીર હોવાની માહિતી મળી રહી છે. મીનાની નાદરગુલ પાસે સ્થિત પ્રત્યુષા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.પ્રાપ્ત માહિતી પ્રમાણે શનિવારે કોલેજમાં ડાંડિયા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જ લાઈટિંગ અથવા લિફ્ટિંગ માટે લગાવવામાં આવેલું એક સ્ટ્રક્ચર ધરાશાયી થઈ ગયું હતું. દુર્ઘટનામાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. સોનાને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો. જ્યારે તેની બહેન મીનાની હાલત ગંભીર છે. દુર્ઘટના બાદ ઘાયલ વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મીના નારાયણ દાસની પ્રત્યુષા હોસ્પિટલમાં સારવાર ચાલુ છે. હાલમાં દુર્ઘટના સાથે જોડાયેલી વધુ માહિતી સામે નથી આવી. તે પણ સ્પષ્ટ નથી કે સ્ટ્રક્ચર કયા કારણોસર પડ્યું અને દુર્ઘટનાના સમયે ત્યાં કેટલા વિદ્યાર્થીઓ હાજર હતા. ઘટના સાથે જોડાયેલી વિગતવાર માહિતી હજુ સુધી સામે નથી આવી.

## ઈથેનોલ બનાવવા શેરડી-ખાંડના ઉપયોગ પર સરકારનો પ્રતિબંધ



નવી દિલ્હી : અલ-નીનોના કારણે મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગોમાં અપૂરતા વરસાદને કારણે ખાંડનું ઉત્પાદન ઘટીને ૨.૮ કરોડ ટન થવાની આશંકા છે. આથી સફાળી જાગેલી કેન્દ્ર સરકારે ઈથેનોલ બનાવવા શેરડી અને ખાંડના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને શેરડી અને ખાંડમાંથી બનેલા ઈથેનોલની ખરીદી નહીં કરવા નિર્દેશો આપ્યા છે. જેને પગલે ઓએમસીએ ૧૧૦૦ કરોડ લીટર ઈથેનોલની ખરીદી માટેના ટેન્ડરમાં મકાઈ-ચોખા જેવા ઉત્પાદનો પર આધાર રાખવો પડશે. સરકારના આ નિર્ણયથી રાતોરાત રાષ્ટ્રીય ગ્રીડમાંથી ૨૫૦ કરોડ લીટર ઈથેનોલનો સપ્લાય દૂર થઈ જવાની સંભાવના છે.શક્તિશાળી અલ નિનોને કારણે વર્તમાન વર્ષનું ચોમાસુ દાયકાનું સૌથી નબળું રહ્યું છે જેને પરિણામે વિશ્વમાં ખાંડના બીજા સૌથી મોટા ઉત્પાદક ભારતમાં શેરડીનો પાક ઓછો રહેવાનો અંદાજ છે. ખાંડના ઓછા ઉત્પાદનના કારણે વર્તમાન વર્ષમાં ખાંડના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે, જેને ધ્યાનમાં રાખી સરકારે ટ્રેડરો માટે ખાંડની સ્ટોક લિમિટ સહિત વિવિધ પગલાંની જાહેરાત કરવી પડી હતી. છેલ્લા દસ દિવસમાં ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂ.૧૦૦૦નો વધારો થયો છે. તહેવારો દરમિયાન ડિલરો દ્વારા ખાંડની સંગ્રહખોરી ટાળવા સરકારે ખાંડમાં સ્ટોક લિમિટ જેવા પગલાં હાથ ધર્યા છે. ખાંડના ભાવ વધારાની સ્થિતિ આગામી વર્ષે પણ રહેવાની શક્યતાઓ છે.આથી, અગાઉથી ચેતી ગયેલી સરકારે આ વર્ષે ઈથેનોલની ખરીદી માટે ૧ નવેમ્બરથી શરૂ થનારી નવી સિઝન પહેલાં જ ખાંડમાંથી બનેલું ઈથેનોલ ખરીદવા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

સરકારના નિર્દેશોના પગલે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ શેરડીના રસ, ખાંડ, સુગર સિરપ અને બી-હેવી ખોળથી બનેલું ઈથેનોલ ખરીદી શકશે નહીં. સરકારે ઈથેનોલ બનાવવા માટે ખાંડનો ઉપયોગ શૂન્ય કરવા નિર્દેશ આપ્યો છે. સરકારી ઓઈલ કંપનીઓએ અંદાજે ૧,૧૦૦ કરોડ લીટર ઈથેનોલની ખરીદી માટે ટેન્ડર જાહેર કર્યા છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, મેંગ્લોર રિફાઈનરી અને નુમાલીગઢ રિફાઈનરી ૧ નવેમ્બર ૨૦૨૬થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં આ ટેન્ડર હેઠળ ચાર તબક્કામાં ઈથેનોલની ખરીદી કરશે.

## 'થઇ જાય ક્યારેક આવું..' પંડાલ દુર્ઘટના મુદ્દે ભાજપ નેતા દિલીપ ઘોષ નું નિવેદન સાંભળો!

(એજન્સી) કોલકાતા | તા.18

કોલકાતાના ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં શનિવારે સાંજે થયેલી નાસભાગને પગલે 19 લોકોના મોત નીપજ્યાં છેઆ ઘટના મુદ્દે ભાજપના કેબિનેટ મંત્રી દિલીપ ઘોષનું પણ નિવેદન સામે આવ્યું છે. આ દુઃખદ ઘટના અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે મોટા આયોજનોમાં ક્યારેક આવા અકસ્માતો થઈ જાય છે.દિલીપ ઘોષે કહ્યું, "જે ઘટના બની છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ ક્યારેક આવા અકસ્માતો થઈ જાય છે. અહીં વર્ષોથી દુર્ગા પૂજાનું આયોજન થાય છે. મોટા પાયે ભવ્ય કાર્યક્રમો યોજાય છે, જેમાં લાખો લોકો દર્શન કરવા અને માથું ટેકવવા આવે છે.તેમણે વધુમાં કહ્યું, "ક્યારેક નાની ભૂલ કે સાવચેતીના અભાવે આવી દુર્ઘટનાઓ બને છે, જે ક્યારેય થવી જોઈએ નહીં. આપણા દેશમાં ધાર્મિક સ્થળો કે મોટા આયોજનોમાં જ્યારે ભારે ભીડ એકઠી થાય છે, ત્યારે આવી ઘટનાઓ બને છે. તેથી આયોજકોએ વધુ સતર્ક રહેવાની જરૂર છે."તેમણે એમ પણ જણાવ્યું કે મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને મુખ્ય સચિવ સહિત સરકારના અનેક પ્રતિનિધિઓ, રાષ્ટ્રીય પક્ષના અધ્યક્ષ તેમજ અન્ય મંત્રીઓ અને નેતાઓ ઘટનાસ્થળે પહોંચી ચૂક્યા છે. ઘાયલોની સારવાર માટે પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ આ મામલે રાજકીય નિવેદનબાજી કરી રહ્યા હોવાના સવાલ પર દિલીપ ઘોષે કહ્યું, "રાજકારણ કરનારા તો રાજકારણ કરશે જ. અનેક સ્થળોએ દુર્ગા પૂજાનાં આયોજન થઈ રહ્યાં છે અને દરેક જગ્યાએ પોલીસ તૈનાત છે.

## ઉત્તર ભારતમાં શિયાળાની દસ્તક,કાશ્મીર-હિમાચલમાં હિમવર્ષા, બન્યો સ્વર્ગ જેવો માહોલ

(એજન્સી) નવી દિલ્હી | તા.18

દેશભરમાં હવામાનની પેટર્ન ઝડપથી બદલાઈ રહી છે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થયેલી તાજી હિમવર્ષા અને વરસાદને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીનો પારો ગગડ્યો છે, જ્યારે બીજી તરફ દક્ષિણ ભારતના રાજ્યોમાં મુસળધાર વરસાદની સ્થિતિ સર્જાઈ છે. પહાડો પરથી આવતા ઠંડા પવનોને કારણે ઉત્તર અને મધ્ય ભારતમાં સવાર-સાંજ અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દેશના જુદા જુદા ભાગોમાં એકસાથે વિવિધ હવામાન પરિસ્થિતિઓ જોવા મળી રહી છે.જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે બરફવર્ષા નોંધાઈ છે. હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ, ચંબા અને કાંગડા જિલ્લાના પહાડી વિસ્તારો તેમજ કાશ્મીર ખીણના શિખરો બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે. આ હિમવર્ષાને કારણે મુખ્ય વાહનવ્યવહારના રસ્તાઓ અને જાણીતા પ્રવાસન સ્થળો પર બરફ જમા થઈ ગયો છે, જેનાથી સ્થાનિક તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે અને શિયાળાનું સત્તાવાર આગમન થઈ ચૂક્યું છે.દિલ્હી-એનસીઆર, હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશ સહિત મધ્ય ભારતમાં આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની શક્યતા છે. દેશની રાજધાની દિલ્હીમાં મહત્તમ તાપમાન 31C થી 33C અને લઘુત્તમ તાપમાન 18C થી 20C ની આસપાસ રહેવાનો અંદાજ છે. દિલ્હીમાં દિવસ દરમિયાન ૨૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

## PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

## ગ્વાલિયરમાં માતેલા સાંઢની જેમ બેફામ ટ્રકે મંદિરે જતા શ્રદ્ધાળુઓને કચડ્યાં, 13ના મોત



(એજન્સી) ગ્વાલિયર | તા.18

મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં નવરાત્રીના પાવન અવસરે એક મોટો અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. ગ્વાલિયરમાં શીતલા માતા મંદિરના રસ્તે જઈ રહેલા શ્રદ્ધાળુઓને ચોખા ભરેલા એક બેકાબૂ ટ્રકે કુચળી નાખ્યા હતા. આ ભયાનક દુર્ઘટનામાં 13 લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે.ગ્વાલિયરના એસએસપી ધરમવીર સિંહના જણાવ્યા અનુસાર, છિનોર તરફથી મંદિર તરફ આવતી સડક પર ભારે ઢાળ આવેલી છે. આ રસ્તા પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે. રાત્રે લગભગ 1:30 વાગ્યે ધાન ભરેલા એક ટ્રકને ત્યાં રોકવામાં આવ્યો હતો. પરંતુ અચાનક આ ટ્રકે પોલીસના બેરિકેડ તોડી નાખ્યા અને ઢાળમાંથી નીચે બેકાબૂ બનીને દોડી આવ્યો હતો. આ ટ્રક સીધો મંદિરની બહારની દીવાલ અને ગેટ સાથે અથડાયો હતો, જેના કારણે રસ્તા પર ચાલી રહેલા શ્રદ્ધાળુઓ ટ્રક નીચે દબાઈ ગયા હતા.એસએસપીએ જણાવ્યું કે અત્યાર સુધી મળેલી માહિતી મુજબ કુલ 39 લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, જેમાંથી 13 લોકોને ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા છે. આ ભયાનક અકસ્માતમાં 5 થી 6 દર્દીઓને ગંભીર ઈજાઓ અને ફ્રેક્ચર થયા છે. બાકીના ઘાયલોને સામાન્ય ઈજાઓ થઈ છે અને તેમની સારવાર ચાલી રહી છે. ખાસ વાત એ છે કે આ દુર્ઘટનામાં ડ્યુટી પર તૈનાત બે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે, જેમની પણ સારવાર ચાલી રહી છે.

## દુર્ગા પૂજા | PM મોદી પણ દુઃખી, CMએ પીડિતોને વળતરના એલાન સાથે તપાસના આદેશ આપ્યા

# કોલકાતા દુર્ગા પંડાલમાં નાસભાગમાં 19 લોકોના મોત

(એજન્સી) કોલકાતા | તા.18

દુર્ગા પૂજાના સાતમા દિવસે સપ્તમીની સાંજે કોલકાતામાં દુર્ઘટના સર્જાઈ હતી. ઉત્તર કોલકાતામાં ચોરબાગન જાહેર પૂજા મંડપનો એક ભાગ ભીડના દબાણ હેઠળ તૂટી પડ્યો, જેના કારણે નાસભાગ મચી ગઈ. અહેવાલો અનુસાર, આ અકસ્માતમાં 19 લોકો મોત થયા છે. જ્યારે બે ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ, ચોરબાગન પૂજા સમિતિના મહાસચિવ અને અધિકારીઓએ રાજીનામું આપી દીધું હતું. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ આ મામલાની તપાસના આદેશ આપ્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશભરના નેતાઓએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ચોરબાગન પૂજા પંડાલમાં થયેલા અકસ્માતને ખૂબ જ દુ:ખદ ગણાવ્યો. તેમણે જણાવ્યું કે, 'સાંજે 7:30 થી 8:00 વાગ્યાની વચ્ચે બનેલી આ ઘટનામાં અત્યાર સુધીમાં




19 લોકોના મોત થયા છે અને 25 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એક કે બેની હાલત ગંભીર છે. પૂજા પંડાલમાં માઈક્રોફોન પર જાહેરાત કર્યા પછી ભાગદોડ અથવા ગૂંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ સમયે સરકારની પ્રાથમિકતા ઘાયલોને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવાની અને મૃતકોના પરિવારો સાથે ઊભા રહેવાની છે.'મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ તમામ પૂજા સમિતિઓને પોલીસને સહયોગ કરવા અને પ્રવેશ-બહાર નીકળવાની કોઈપણ સમસ્યાઓનું નિરાકરણ લાવવા અપીલ કરી. આજે યોજાનાર તેમના તમામ કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. ઘટનાની તપાસ માટે એક તથ્ય શોધ સમિતિની રચના કરવામાં આવશે. કોલકાતા પોલીસને પૂજા સમિતિના સભ્યો અને સુરક્ષા કર્મચારીઓની પૂછપરછ કરવા અને સીસીટીવી ફૂટેજ સાચવવા સૂચના આપવામાં આવી છે. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF), ફોરેન્સિક ટીમો અને ફાયર બ્રિગેડ ઘટનાની તપાસ કરી રહી છે. કોલકાતામાં સર્જાયેલી ભાગદોડની ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. PMO દ્વારા જારી કરાયેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે આ ઘટનાથી અત્યંત દુઃખ થયું છે. વડાપ્રધાને આ દુર્ઘટનામાં પોતાના સ્વજનોને ગુમાવનાર પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવાની કામના કરી છે. તેમણે કહ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર પ્રભાવિત લોકોને તમામ સંભવિત મદદ પૂરી પાડી રહી છે. વડાપ્રધાને આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર પ્રત્યેક વ્યક્તિના પરિવારજનને PMNRFમાંથી 2 લાખ રૂપિયાની સહાય રકમ આપવાની જાહેરાત કરી છે. જ્યારે ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.

## શક્તિપીઠ યાત્રાધામ પાવાગઢમાં આવતીકાલે આઠમની ઉજવણી કરાશે. સાતમુ નોરતું અને રવિવારની રજા હોવાથી સવારના 5 વાગ્યાથી ગુજરાતભરમાંથી માઈભક્તો ઉમટી પડ્યા હતાં. મંગળા આરતી સાથે 1 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ મહાકાળી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી...

# આઠમના નોરતે ભદ્રકાળી મંદિરે 1 કિમી લાંબી લાઈન લાગી : પાવાગઢમાં પગ મુકવાની જગ્યા નહિ



અમદાવાદ | આસો નવરાત્રિના મહા આઠમના પવિત્ર દિવસે અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે માતાજીના દર્શન અને આશીર્વાદ મેળવવા વહેલી સવારથી જ ભાવિક ભક્તોની ભારે જનમેદની ઉમટી પડી હતી. દર્શનાર્થીઓની 1 કિલોમીટરથી પણ વધુ લાંબી લાઈનો જોવા મળી હતી, જ્યાં શ્રદ્ધાળુઓ કલાકો સુધી કતારમાં ઉભા રહી મા ભદ્રકાળીની આરતી અને દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. આ નિમિત્તે મંદિર પરિસરનો ડ્રોન વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ભક્તિમય માહોલનો સુંદર નજારો જોવા મળે છે.

બીજી તરફ, શક્તિપીઠ યાત્રાધામ પાવાગઢમાં આવતીકાલે આઠમની ઉજવણી કરાશે. આજે સાતમુ નોરતું અને રવિવારની રજા હોવાથી સવારના 5 વાગ્યાથી ગુજરાતભરમાંથી માઈભક્તો ઉમટી પડ્યા હતાં. મંગળા આરતી સાથે 1 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ મહાકાળી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

નવરાત્રિ પર્વમાં મહા આઠમ (દુર્ગાષ્ટમી)ના દિવસનું ધાર્મિક દ્રષ્ટિએ વિશેષ મહાત્મ્ય રહેલું છે. આ દિવસે માતાજીના શક્તિ સ્વરૂપની ખાસ આરાધના, હવન અને મહાઆરતી યોજવામાં આવે છે. માન્યતા મુજબ, આઠમના પવિત્ર દિવસે નગરદેવી ભદ્રકાળીના દિવ્ય સ્વરૂપના દર્શન અને આરતીનો લાભ લેવાથી સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે છે અને સર્વ મનોકામનાઓ પૂર્ણ થાય છે. આ જ કારણોસર આઠમના દિવસે ભદ્રકાળી મંદિરે માઈભક્તોનો ઘોડાપૂર જોવા મળે છે.

અમદાવાદ શહેરના ભદ્રના કિલ્લા પરિસરમાં આવેલું શ્રી ભદ્રકાળી મંદિર શહેરનું અત્યંત પ્રાચીન અને પૌરાણિક ધાર્મિક સ્થાન છે. ઈ.સ. 1411માં અહમદશાહ બાદશાહે અમદાવાદની સ્થાપના કરી તે પૂર્વેથી જ નગરદેવી તરીકે મા ભદ્રકાળી અહીં બિરાજમાન હોવાની માન્યતા છે. અમદાવાદની સ્થાપના અને સમૃદ્ધિ પાછળ નગરદેવીની કૃપા હોવાનું લોકમુખે કહેવાય છે. સમય જતાં ઐતિહાસિક બદલાવો વચ્ચે પણ આ મંદિર અમદાવાદ શહેરનું મુખ્ય આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. નગરજનો કોઈ પણ શુભ કાર્યની શરૂઆત નગરદેવી ભદ્રકાળી માતાજીના આશીર્વાદ લઈને જ કરે છે.

આસો નવરાત્રિના સાતમા નોરતા પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે માઈભક્તોનું અભૂતપૂર્વ ઘોડાપૂર ઉમટ્યું હતું. સમગ્ર પાવાગઢ 'જય મહાકાળી'ના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. નવરાત્રિમાં માતાજીના દર્શનનું વિશેષ ધાર્મિક મહત્વ હોવાથી અને રજાનો દિવસ હોવાથી વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. માઈભક્તોએ યાત્રા કરી માતાજી સમક્ષ પરિવારની સુખ, શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી, જેના કારણે યાત્રાધામમાં ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ સર્જાયો હતો.

આવતીકાલે આઠમા નોરતે વર્ષો જૂની પરંપરા મુજબ સાંજે 4 વાગ્યે મંદિર પરિસરમાં ભવ્ય નવચંડી યજ્ઞ અને હવન-પૂજાનું આયોજન કરાયું છે. આ પવિત્ર ધાર્મિક પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર સાથે મા મહાકાળીની વિશેષ પૂજા-અર્ચના કરાશે અને હવનકુંડમાં નાળિયેર હોમી આરાધના કરાશે. આ યજ્ઞમાં મંદિર ટ્રસ્ટના સભ્યો, વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં માઈભક્તો અને યાત્રાળુઓ જોડાશે. આ ભવ્ય હવન-પૂજા સાથે જ પાવાગઢ ખાતે નવરાત્રી ઉત્સવની ભક્તિભાવપૂર્વક પૂર્ણાહુતિ કરાશે.

બનાસકાંઠા સ્થિત પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરમાં આસો નવરાત્રિના આઠમા દિવસે ભક્તોનું ભારે ઘોડાપૂર ઉમટી પડ્યું છે. વહેલી સવારની મંગળા આરતીથી જ માઈભક્તો માતાજીના દર્શન કરવા મોટી સંખ્યામાં પહોંચ્યા હતા.

નવરાત્રિના બીજા નોરતાથી આઠમ સુધી અંબાજી મંદિરમાં દરરોજ સવારે બે મંગળા આરતી થાય છે, જેમાં પ્રથમ આરતી ગર્ભગૃહમાં અને બીજી આરતી ઘટ સ્થાપના પાસે મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા કરવામાં આવે છે, જે સિદ્ધિવિનાયક મંદિરની આરતી બાદ શરૂ થાય છે. આ પવિત્ર અવસરે સમગ્ર અંબાજી મંદિરને રંગબેરંગી ફુલોથી આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. સતત આઠમા દિવસે પણ ધામમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જળવાઈ રહ્યો છે. આજે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યાં હતાં.

## લંડનથી પરત ફર્યા બાદ પતિ ત્રાસ આપતા પત્નીનો આપઘાત

અમદાવાદ | અમદાવાદના જશોદાનગરની શિવાનંદ બંગ્લોઝ સોસાયટીમાં રહેતી 26 વર્ષીય પરિણીતા દિપિકાએ પતિના શારીરિક-માનસિક ત્રાસ, શંકા અને દહેજની માંગણીથી કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. લંડનથી પરત આવ્યા બાદ પતિ બેરોજગાર બની સટ્ટાની લતે ચડી જતાં આર્થિક તંગીના કારણે પત્ની પર અત્યાચાર ગુજારતો હતો. આ બનાવ અંગે મૃતકના પિતાની ફરિયાદના આધારે વટવા જીઆઈડીસી પોલીસે પતિ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના જોધપુરના રહેવાસી અને પેઈન્ટિંગકામ કરતા દિનેશભાઈ ભવરલાલ પવારે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની 26 વર્ષીય પુત્રી દિપિકાના લગ્ન 31 જાન્યુઆરી, 2024એ જશોદાનગર ખાતે રહેતા હાર્દિક સંજયભાઈ બોડાણા સાથે થયા હતા. લગ્ન બાદ દિપિકા અને હાર્દિક બંને કંપની તરફથી નોકરી માટે લંડન ગયાં હતાં. જોકે, 10 મહિના બાદ ત્યાં કંપની બંધ થઈ જતાં બંને અમદાવાદ પરત ફર્યા હતા. બાદમાં હાર્દિક કોઈ નોકરી-ધંધો કરતો નહોતો અને તેને સટ્ટો રમવાની ટેવ પડી ગઈ હતી. સટ્ટામાં મોટી રકમ હારી જતાં તે પૈસા બાબતે તેમજ નાની બાબતોમાં દિપિકા પર શંકા રાખી મારઝૂડ કરતો હતો. આટલું જ નહીં ઘરખર્ચ ચલાવવા માટે દિપિકાએ વસ્ત્રાલ વિસ્તારમાં ટ્યુશન ક્લાસીસમાં નોકરી શરૂ કરી હતી, પરંતુ પતિ તે પગાર પણ પડાવી લેતો હતો અને દહેજમાં કંઈ આપ્યું નથી કહી મેણાં-ટોણાં મારી પિયરમાંથી પૈસા લાવવા દબાણ કરતો હતો.

## 3 રિક્ષાને અડફેટે લઈ કાર ઈલેક્ટ્રિક પોલ સાથે અથડાઈ

### શાહીબાગમાં ચાલુ કારે ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો, બે વ્યક્તિને ઈજા

(એજન્સી) અમદાવાદ | તા.18

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી અલકનંદા મંદાકીની સોસાયટીના ગેટ પાસે શનિવારે બપોરે ટાયર ફાટતાં એક પૂરઝડપે આવતી કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કારે ત્યાં પાર્ક કરેલી ત્રણ રિક્ષાને જોરદાર ટક્કર મારી ઈલેક્ટ્રિક પોલ સાથે ભટકાઈ હતી. આ અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા બે રિક્ષાચાલકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક સામે ગુનો નોંધ્યો છે.

મેઘાણીનગર 1200 બેડ સિવિલ હોસ્પિટલ તરફથી પૂરઝડપે આવી રહેલી કારનું અચાનક ટાયર ફાટી જતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. સોસાયટીના ગેટ પાસે ઊભેલા રિક્ષાચાલક પ્રભાતભાઈ રબારી, વિઠ્ઠલભાઈ સોલંકી અને સાલીકરામ ગોસ્વામીની રિક્ષાઓને કારે જોરદાર અડફેટે લીધી હતી. અકસ્માત બાદ કાર સોસાયટીના ગેટ પાસેના ઈલેક્ટ્રિક પોલ સાથે ભટકાઈને અટકી ગઈ હતી.

આ અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા પ્રભાતભાઈ રબારીને ડાબા પગે ગંભીર ફેક્ચર થયું હતું, જ્યારે સાલીકરામ ગોસ્વામીને મોઢા અને કપાળના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોએ 108 એમ્બ્યુલન્સ બોલાવી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં મોકલી આપ્યા હતા.

ઈજાગ્રસ્ત રિક્ષાચાલક પ્રભાતભાઈ શક્કરભાઈ રબારીની ફરિયાદના આધારે એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક લવકુમાર પરમાર વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફિલ્મી સોંગ કે DJ નહીં, સંસ્કૃત ગરબાએ અમદાવાદીઓને ઘેલુ લગાડ્યું આરતીથી લઈને ફેમસ ગુજરાતી ગરબા પણ દેવભાષામાં વાગ્યા

(એજન્સી) અમદાવાદ | તા.18

આ વર્ષે નવરાત્રિના પાવન પર્વે આધુનિક ફિલ્મી ગીતો કે ડીજે એ નહીં પણ સંસ્કૃત ભાષામાં ગવાતા પરંપરાગત ગરબાએ અમદાવાદી ખેલૈયાઓને ઘેલુ લગાડ્યું છે. 'એકલવ્ય સંસ્કૃત ફાઉન્ડેશન' દ્વારા શરૂ કરવામાં આવેલી આ અનોખી પહેલ થકી પ્રાચીન દેવભાષા સંસ્કૃત અને લોકસંસ્કૃતિના ગરબાનો સુભગ સમન્વય સર્જાયો છે, જેમાં 1500થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા.

સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે છેલ્લા 26 વર્ષથી કાર્યરત એકલવ્ય સંસ્કૃત ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2008માં સંસ્કૃત ગરબાની સ્થાપના કરવામાં આવી હતી. શરૂઆતમાં માત્ર 10 ગરબા સાથે શરૂ થયેલી આ પહેલ આજે યુવાનોમાં અત્યંત લોકપ્રિય બની ચૂકી છે. વર્ષ 2009 સુધીમાં 45 જેટલી કૃતિઓનું સંસ્કૃતમાં સચોટ ભાષાંતર કરવામાં આવ્યું હતું.



ફાઉન્ડેશનના ડિરેક્ટર ડૉ. મિહિર ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, સંસ્થા દ્વારા સિનિયર કેજીથી માંડીને સિનિયર સિટિઝન સુધીના તમામ વયજૂથના લોકોને સંસ્કૃત ભાષા શીખવવામાં આવે છે. સંસ્કૃત માત્ર પુસ્તકો કે પાઠ્યક્રમ પૂરતી સીમિત ન રહેતા સામાન્ય પ્રજા અને ખાસ કરીને યુવા પેઢી સુધી પહોંચે એવા શુભ આશયથી આ ગરબા મહોત્સવ શરૂ કરાયો હતો. પ્રથમ વર્ષે માત્ર 45 વિદ્યાર્થીઓએ બેસીને ગરબા કર્યા હતા, જે બીજા વર્ષે વધીને 400 અને આ વર્ષે નવરંગ સ્કૂલના પ્રાંગણમાં 1500થી વધુ લોકો સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત કોર હાઉસ ખાતે 900 લોકોની ઉપસ્થિતિમાં આયોજન સંપન્ન થયું હતું, જ્યારે ગાંધીનગર કેન્દ્ર દ્વારા દશેરા નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાશે.

આ સંસ્કૃત ગરબાની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેમાં જાણીતા ગુજરાતી લોકગરબાઓનું સંસ્કૃતમાં રૂપાંતરણ કરવામાં આવ્યું છે. 'તારા વિના શ્યામ મને એકલડું લાગે' જેવા પ્રચલિત ગરબા ઉપરાંત માતાજીની સ્તુતિ, મહિષાસુરમર્દિની સ્તોત્ર, શિવ તાંડવ સ્રોત અને મધુરાષ્ટકમ જેવી ભક્તિસભર કૃતિઓ પર ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા.

## અમદુપુરામાં ગાળાગાળી બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો : બે વ્યક્તિ ઈજાગ્રસ્ત

(એજન્સી) અમદાવાદ | તા.18

અમદાવાદના શહેર કોટડા વિસ્તારમાં આવેલા અમદુપુરા ખાતે શનિવારે રાત્રે ગાળો બોલવા બાબતે બે જૂથો વચ્ચે સામસામે પથ્થરમારો થયો હતો. રિક્ષામાં બેસી ગાળાગાળી કરી રહેલા ત્રણ શખસને સ્થાનિક મહિલાએ ઠપકો આપતાં ઉશ્કેરાયેલા શખ્સોએ ઝઘડો કર્યો હતો. સામસામે લોકો એકઠા થઈ જતાં થયેલા પથ્થરમારામાં બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સ્થળ પર પહોંચી મામલો શાંત પાડ્યો હતો. મહિલાએ ત્રણ સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો છે.

નવરાત્રિ દરમિયાન અમદુપુરાની કલેક્ટર કસ્ટોડિયલની ચાલી પાસે રાત્રે આશરે 9 વાગ્યે ત્રણ લોકો રિક્ષામાં બેસીને ગાળાગાળી કરી રહ્યા હતા. તે સમયે ત્યાંથી પસાર થતી મહિલાએ બહેન-દીકરીઓની હાજરી હોવાથી ગાળો ન બોલવા ઠપકો આપ્યો હતો. આ બાબતે ઉગ્ર બોલાચાલી બાદ બંને જૂથના લોકો સામસામે આવી ગયા હતા. બંને જૂથો વચ્ચે મામલો વધી જતાં સામસામે પથ્થરમારો શરૂ થયો હતો, જેમાં બે લોકોને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડી હતી. ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે શહેર કોટડા પોલીસે ત્રણ શખ્સો સામે એટ્રોસિટી એક્ટ અને અન્ય ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બોર્ડની પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ માટે ખાસ કેમ્પ:કચેરી આપના દ્વારે અભિયાનથી નામ, અટક અને જાતિની ભૂલોનો એક દિવસમાં નિકાલ; વાલીઓને ધક્કા નહીં ખાવા પડે

(એજન્સી) અમદાવાદ | તા.18

બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરાય તે પહેલાં વિદ્યાર્થીઓના નામ, અટક કે જાતિમાં કોઈ ભૂલ હોય તો હવે તેને સુધારવા માટે કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને કચેરીના ધક્કા ન ખાવા પડે તે માટે 'કચેરી આપના દ્વારે' કાર્યક્રમ અંતર્ગત ખાસ સુધારણા કેમ્પ યોજવામાં આવી રહ્યા છે.

કચેરી આપના દ્વારે અભિયાન અંતર્ગત અરજીઓનો એક દિવસમાં નિકાલ લાવવામાં આવી રહ્યો છે. નામ, અટક કે જાતિમાં ભૂલ હોય તેવા 11 હજાર જેટલા સુધારણા કરવામાં આવ્યા છે. આગામી સમયમાં દરેક વિસ્તારની શાળાઓમાં કેમ્પ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે વાલીઓ અને શાળાઓને કચેરીના ધક્કા ખાવા નહીં પડે અને તેમનો સમય પણ બચશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરની પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની તમામ શાળાઓમાં શાળાઓ પ્રમાણે બીટ પ્રમાણે કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. નામ, અટક, જાતિ સુધારણા



માટે કચેરી આપને દ્વારે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કારણ કે નામ, અટક, જાતિ સુધારણા માટે કચેરીએ ધક્કા ખાવા પડતા હોય છે જે ન ખાવા પડે તે માટે કચેરી આપને દ્વાર અભિયાન શરૂ કરાયું છે. જેમાં શાળાઓની સૂચના આપવામાં આવી છે કે તે પણ કોઈ વિદ્યાર્થીને સુધારણા કરવાના હોય તેમના પાસેથી અરજી મંગાવી રાખવામાં આવે. જ્યારે તેમના વિસ્તારમાં કેમ્પ યોજાય ત્યારે શાળાઓ દ્વારા કેમ્પમાં તે દરખાસ્તો રજૂ કરવામાં આવે છે. જ્યાં એક જ દિવસમાં દરખાસ્તનો નિકાલ કરી સુધારણા કરી આપવામાં આવે છે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, કચેરી આપને દ્વાર અભિયાન માટે અલગથી એક ટીમ પણ બનાવવામાં આવે છે. જે ટીમ અલગ અલગ વિસ્તારમાં જઈને નામ, અટક, જાતિ સુધારણા માટેના કેમ્પ કરે છે. ચાલુ વર્ષમાં અત્યાર સુધી કેમ્પના કારણે 7 હજાર કરતાં વધુ સુધારણા સાથેના હુકમો એક જ દિવસમાં તે જ જગ્યાએ કરી આપવામાં આવ્યા છે. તેમજ કચેરીએથી પણ ઈમરજન્સી હોય તેવા 4 હજાર જેટલા સુધારણા કરવામાં આવ્યા છે. બોર્ડના ફોર્મ ભરવાના હોય છે, જેથી સુધારણા કરવા વિદ્યાર્થીઓ માટે ખૂબ જરૂરી હોય છે. ભવિષ્યમાં સુધારો કરવાની જરૂર ન પડે તે માટે બોર્ડની પરીક્ષા પહેલા જ નામ, જાતિ, અટક માટે સુધારણા કરી આપવામાં આવ્યા છે. તેમજ ધોરણ 1થી 12ના વિદ્યાર્થીઓને કેમ્પમાં સુધારણા કરી આપવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં પણ દર મહિને કેમ્પ યોજવામાં આવશે તેવું કહી રોહિત ચૌધરી જણાવે છે કે, તેમજ દરેક વિસ્તારમાં દર મહિને કેમ્પ કરવામાં આવશે. સુધારણા માટે શાળામાં દરખાસ્ત ભેગી થતી હોય છે. જે શાળાઓ દરખાસ્ત કચેરીમાં લઈને આવતા હોય છે.

## ગરબામાં જ યુવક પર બે શખસ છરી લઈ તૂટી પડ્યા... :અમરાઈવાડીના યુવકનું સારવાર દરમિયાન મોત, ખોખરાની સોસાયટીમાં પણ ધીંગાણું

અમદાવાદ | અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નવરાત્રી દરમિયાન મારામારીના બનાવો સામે આવ્યા છે. અમરાઈવાડી વિસ્તારમાં ગુલાબનગરમાં ગરબા રમવા આવેલા યુવક પર જુની અદાવતમાં 2 લોકોએ છરી વડે હુમલો કર્યો હતો. જેમાં યુવકનું એલજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. જ્યારે બીજા બનાવમાં ખોખરા વિસ્તારમાં સોસાયટીમાં ગરબા રમતા છોકરી બાબતે બોલાચાલીમાં બે જૂથના લોકો આમને સામને આવી ગયા હતા અને મારામારી કરી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમરાઈવાડીમાં ત્રિકમલાલ ભોગીલાલની ચાલીમાં રહેતો 28 વર્ષીય વિકેશ હરિસિંહ ગુર્જર લિફ્ટનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. નવરાત્રિ હોવાને લઈને વિકેશ પોતાના મિત્રો સાથે ગુલાબનગરમાં ગરબા રમવા માટે ગયો હતો. દરમિયાન ગરબાના ચોકમાં જ 2 શખ્સ આવી પહોંચ્યા હતા. જૂની અદાવતને લઈને થયેલી બોલાચાલી બાદ શખ્સોએ વિકાસ પર છરીથી હુમલો કર્યો હતો.



નવરાત્રિમાં ગરબાના ચોકમાં જ યુવક પર થયેલા આ હિંસક હુમલાને પગલે નાસભાગ મચી ગઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા વિકાસને સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું. યુવકના મોતના સમાચારથી પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં અમરાઈવાડી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે મૃતકનું પીએમ કરાવવાની કાર્યવાહી કરી હતી.

એસીપી કૃણાલ દેસાઈએ કહ્યું હતું કે, અમરાઈવાડીમાં ગઈકાલે વિકેશ ગુર્જર અને તેનો ભાઈ અભિષેક ગુર્જર બંને ગરબા જોઈ અને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ગુલાબનગર પાસે સંતોષ ઉર્ફે મદન રાજપૂત અને રોહિત ઉર્ફે ગાંડો નામના બે આરોપીઓ આવ્યા હતા અને તેમને રોક્યા હતા.

બીજો બનાવ

યુવતીને હેરાન કરવા બાબતે બે જૂથ વચ્ચે ધીંગાણું ખોખરામાં હરીપુરા પાસે આવેલી સિદ્ધેશ્વરી સોસાયટીમાં ગરબામાં છોકરીને હેરાન પરેશાન કરવા બાબતે બે જૂથ વચ્ચે બોલા ચાલી થઈ હતી. યુવતીના અને છોકરાના પરિવારજનો વચ્ચે બોલાચાલી બાદ મારામારી થઈ હતી. ત્રણથી ચાર લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. ખોખરા પોલીસે બંને પક્ષે ફરિયાદ લઈ કાર્યવાહી કરી છે.

પંકજભાઈ સૂર્યવંશી તેમના પરિવાર સાથે ખોખરાની સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહે છે, જ્યારે તેની સોસાયટીમાં કાલુ સિંઘ ઉર્ફે ચંદ્ર ભાણસિંહ ચૌહાણ તેના પરિવાર સાથે રહે છે. નવરાત્રી હોવાથી સોસાયટીમાં ગરબા ચાલી રહ્યા હતા, ત્યારે રાત્રે 1 વાગ્યાની આસપાસ પંકજભાઈના ભત્રીજાને કોઈ એક વ્યક્તિએ મારમાર્યો હોવાની જાણ થઈ હતી. જેથી સોસાયટીના તમામ લોકો ભેગા થઈ ગયા હતા અને ત્યાં જઈને જોતા હાજર યુવકને પૂછતા તેણે જણાવ્યું હતું કે તમારો ભત્રીજો મારી બહેનને જેમ ફાવે એમ બોલતો હતો જેથી તેને માર્યો છે. જેથી પંકજભાઈ એ કહ્યું હતું નાનો છે કદાચ કોઈ ગેરસમજ થઈ હશે.

ત્યારબાદ તે બોલી અને ઘર તરફ જતો રહ્યો હતો થોડા સમય બાદ સોસાયટીમાં રહેતા ચંદ્રભણસિંહ અને તેમના કારીગરો આવ્યા હતા. હાથમાં લાકડીઓ અને રસોઈનો તાવેથો લઈ અને બોલાચાલી કરી મારામારી કરી હતી. પાડોશી દર્શિકભાઈ વચ્ચે છોડાવા પડતા તેમને પણ મારમાર્યો હતો.